> કોર્ટના સભ્યોને આથી વિનંતી કરવામાં આવે છે કે કામકાજની આ યાદીને જાળવી રાખવી અને સભાના સમયે તે સાથે લાવવી કારણ કે જે દરખાસ્તો ઉપર સુધારા આવ્યા ન હોય તે દરખાસ્તો, સુધારાના ફેરફાર સાથેની કામકાજની યાદીમાં સામેલ કરવામાં આવતા નથી.

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ ખંડમાં રવિવાર, તા. ૩૦-૩-૧૯૯૭ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે મળશે, અને જરૂર હશે તો આ સભા સોમવાર તા. ૩૧-૩-૧૯૯૭ના રોજ પણ તે જ સ્થળે બપોરે ૧૨–૩૦ વાગ્યે ચાલુ રહેશે.

## કામકાજની યાદી§

**૧. તા. ૨૭/૨૮–૩–૧૯૯૬ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત.**

(ક). ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦+ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૯૪ના રોજ પૂરા થતા વર્ષના યુનિવર્સિટીના વાર્ષિક હેવાલની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૩/૨૪–૩–૧૯૯૫ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ સદરહુ વાર્ષિક હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ).

(ખ). ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦+ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૯૫ના રોજ પૂરા થતા વર્ષના યુનિવર્સિટીના વાર્ષિક હેવાલની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮–૩–૧૯૯૬ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ સદરહુ વાર્ષિક હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ).

(ગ). ૧૯૯૩-૧૯૯૪ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલ પરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૩/૨૪–૩–૧૯૯૫ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ).

(ઘ). ૧૯૯૪-૧૯૯૫ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલ પરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮–૩–૧૯૯૬ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ).

---

§ કામકાજની યાદીમાં જણાવેલી દરખાસ્તો ઉપર જે સભ્યો સુધારા સૂચવવા માગતા હોય, તેઓએ તે અંગે સુધારા દર્શાવતી લેખિત નોટિસ શ્રી કુલસચિવને બુધવારને, તા. ૧૯–૩–૧૯૯૭ સુધીમાં પહોંચે તે રીતે મોકલવા વિનંતી છે.

***G. U. Act, Section 50 :**

The Annual Report of the University shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the Court on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Court at the annual meeting. The Court may pass resolution thereon and communicate the same to the Executive Council which may take such action as it thinks fit; and the Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

**+Statute 90 :**

The Executive Council shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Court at least six weeks before the date fixed for the annual meeting of the Court.

**(ચ) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના ૧૯૮૭-૮૮ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો પરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૩/૨૪–૩–૧૯૯૫ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ ઓડિટ થયેલ હિસાબોની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ).**

(છ) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અને સ્ટે. ૮૯ અનુસાર યુનિવર્સિટીના સને ૧૯૯૫-૯૬નું અંદાજપત્ર અને ૧૯૯૪-૯૫નું પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૩/૨૪–૩–૧૯૯૫ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ અંદાજપત્રની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ.)

(જ). ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અને સ્ટે. ૮૯ અનુસાર યુનિવર્સિટીના સને ૧૯૯૬-૯૭નું અંદાજપત્ર અને ૧૯૯૫-૯૬નું પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮–૩–૧૯૯૬ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ અંદાજપત્રની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ.)

**૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦' અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૯૬ના રોજ પૂરા થતા વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.**

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **શ્રી ડી. બી. સોલંકીએ** નોટિસ આપી છે :

"તા. ૩૧ માર્ચ, ૧૯૯૬ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ગુજરાત યુનવિર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી નોંધ લે છે."

(સદરહુ હેવાલની નકલ સભ્યોને તા. ૧૫-૨-૧૯૯૭ના રોજ મોકલવામાં આવી છે.)

**૩. ૧૯૯૫-૯૬ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો હેવાલ.**

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્યશ્રી એચ. પી. પંડ્યાએ** નોટિસ આપી છે :

''આ સભા સને ૧૯૯૫-૯૬ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલની નોંધ લે છે.''

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સદરહુ હેવાલની નકલ **પરિશિષ્ટ 'ક'** તરીકે સામેલ છે.)

**૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના ૧૯૮૮-૮૯ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો.**

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્યશ્રી એચ. પી. પંડ્યાએ** નોટિસ આપી છે :

"આ સભા ૧૯૮૮-૮૯ના વર્ષના ઓડિટ થયેલા હિસાબોની નોંધ લે છે."

(ઓડિટ થયેલા સદરહુ હિસાબોની નકલ **પરિશિષ્ટ 'ખ'** તરીકે સામેલ છે.)

**૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૯૭-૯૮નું અંદાજપત્ર તથા સને ૧૯૯૬-૯૭નું પુનર્નિર્મિત અંદાજપત્ર.**

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **આચાર્યશ્રી એચ. પી. પંડ્યાએ** નોટિસ આપી છે :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૯૭-૯૮ના અંદાજપત્ર તથા સને ૧૯૯૬-૯૭ના પુનર્નિર્મિત અંદાજપત્રં પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નવા ઘડેલા, સુધારેલા અને રદ કરેલા ઑર્ડિનન્સ.

(અ) નવા ઘડેલ ઑર્ડિનન્સ

ઑર્ડિ. ૧૨૦-એન.    Edu. O. 1A.

**(બ) સુધારવામાં આવેલા ઑર્ડિનન્સ**

ઑર્ડિ. ૬૨-ડી, ઑર્ડિ. ૬૫(૨)(૨), ઑર્ડિ. ૭૦, એમ.ડી.એસ. ઑર્ડિ. ૭૭, ઑર્ડિ. ૭૭ની પેટા કલમ ૫.૧, ૬.૧, ૬.૯, ૭.૧૧, ૧૨૦ A-૩(૭) ઑર્ડિ. ૧૨૦-બીની કંડિકા (૯), ઑર્ડિ. ૧૨૦-જે અને ઑર્ડિ. ૧૫૧ સી (બી) (એ), ઑર્ડિ. ૧૫૯ (૪)(બી), ઑર્ડિ. ૧૭૦, ઑર્ડિ. ૩૨૦, એમ.ફિલ. ઑર્ડિ. ૪(એ), એમ.ફિલ. ૮(૫), ઑર્ડિ. એમ.એ. (એક્સ)-૫, ઑર્ડિ. એમ.કૉમ. (એક્સ)-૫, ૮.



**(ક) રદ કરવામાં આવેલો ઑર્ડિનન્સ**

એમ.ડી.એસ. ઑર્ડિ. ૧૪, પેટાકલમ ૧, ૨.

(નવા ઘડેલા, સુધારવામાં આવેલા અને રદ કરેલ ઑર્ડિનન્સની નકલ **પરિશિષ્ટ 'ગ'** તરીકે સામેલ છે.)

**૭. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

''Schedule-II-4 હેઠળ (vi) ક્રમાંક આપી તેની નીચે નીચેની જોગવાઈ ઉમેરવા સક્ષમ સત્તામંડળને ભલામણ છે :

(vi) All the members of the Court to be included in the Board of the subject of their choice or the subject of their qualification and experience.''

**૮. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

''Section (19) (1) .. નીચે પ્રમાણે સુધારવા સરકારશ્રીને ભલામણ છે :

The Executive Council shall consist of the following members, namely, <u>with a condition that no member except the provision made in (19) (1) (i), (ii) and (iii), (a), (b), (c) shall continue for more than two terms.</u>

અધોરેખિત શબ્દોના ઉમેરણ સિવાયની બાકીની બધી જોગવાઈઓ મૂળ પ્રમાણે ચાલુ રાખવી.''

**૯. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

''Section-19 (I) (v)માંની શક્તિયુક્ત જોગવાઈ સુધારવા સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે. ઉપર્યુક્ત જોગવાઈ નીચેની રીતે સુધારવી :

Three persons elected by the Court from amongst its members excluding those from Class-II--A(vii), (viii), (ix) and Class-C and D.''

**૧૦. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

''Section (21) (I)માં અધોરેખિત શબ્દો ઉમેરવા સરકારશ્રીને ભલામણ છે :

The Academic Council shall consist of the following members, namely, <u>with a condition that no member except the provision made</u> in (21) (1), (i), (ii) and (iii) shall continue for more than two terms.''

અન્ય જોગવાઈઓ યથાવત રાખવી.

**૧૧. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

''Section-52 હેઠળની જોગવાઈ રદબાતલ કરવા સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે.''

**૧૨. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

''Section Class–II (A) (iii) (iv) હેઠળની જોગવાઈ રદ કરવા સરકારશ્રીને ભલામણ કરે છે."

**૧૩ (૧). પ્રિ પી. સી. ઉપાધ્યાયે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

''યુનિવર્સિટી કોર્ટ ઉપર સંલગ્ન કૉલેજોના આચાર્યોના મતદાર વિભાગમાંથી હાલ ચાર કૉલેજદીઠ એક આચાર્ય પ્રતિનિધિ નીમવાની જોગવાઈ સ્ટે. ૧૦-એ(૨)માં કૉલેજોની ૧૪૦ની મર્યાદાને અનુલક્ષીને ૨૮ આચાર્યોની ચૂંટણી કરવાની જોગવાઈ છે, પરંતુ હાલ સંલગ્ન કૉલેજોની સંખ્યા ૧૫૦ની થઈ હોવાથી ૩૫ની મર્યાદામાં આચાર્યોના પ્રતિનિધિની સંખ્યા વધારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી અને તે માટે સ્ટે. ૧૦(એ) (૨)માં ઘટતો સુધારો કરી રજૂ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને યુનિવર્સિટી કોર્ટની આ સભા ભલામણ કરે છે.''

**૧૩ (૨). પ્રા. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

''સ્ટેચ્યુટ ૧૦(૧), (૨)ની જોગવાઈ નીચે પ્રમાણે સુધારવા સક્ષમ સત્તાને ભલામણ કરવામાં આવે છે :

'Not more than 35 Principals of the affiliated colleges shall be elected from the Principals of their own faculty only. The Provision of Seats has been specified below : '

બેઠકોની આંકડાકીય વ્યવસ્થા મૂળ જોગવાઈ પ્રમાણે રાખવી.'

**૧૪. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

''સ્ટેચ્યુટ ૧૦(૩)-ની જોગવાઈ નીચે પ્રમાણે સુધારવા ભલામણ સક્ષમ સત્તાને કરવામાં આવે છે :

'Not more than 42 members by Teachers excluding Deans of Faculties and Principals of Colleges shall be elected from the members of their own faculty only. The Provision of Seats has been specified below' :

બેઠકોની આંકડાકીય વ્યવસ્થા મૂળ જોગવાઈમાં તે જ પ્રમાણે રાખવી."

**૧૫. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

''સ્ટેચ્યુટ ૩૦ નીચે પ્રમાણે સુધારવા સક્ષમ સત્તાને ભલામણ છે :

'If there is no quorum at the commencement of the meeting after half an hour without any quorum'

મૂળ સ્ટેચ્યુટ ૨૬ કરવો.''

**૧૬. શ્રી બી. જે. પંડ્યાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

''આ યુનિવર્સિટીમાં હોમિયોપેથીની અલગ વિદ્યાશાખા સ્થાપવામાં આવે, અને તેના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે અને તે માટે સ્ટેચ્યુટ ૯૭-એમાં 'ફેકલ્ટી ઑફ હોમિયોપેથી'નો ઉમેરો કરવો અને તે માટે સ્ટે. ૯૭-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

'In addition to Six Faculties specified in Section-23 of the Act, the University shall include the Faculty of Dental Surgery, the Faculty of Pharmacy and the Faculty of Homeopathy.''

**૧૭. પ્રા. આર. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"યુનિવર્સિટી પરીક્ષાઓમાં જે એક્સપર્ટોની જરૂર છે તેમાં ઘટાડો કરી જરૂર પૂરતા દરેક પરીક્ષામાં એક્સપર્ટ રાખવા અને યોગ્ય કાર્ય એક્સપર્ટો કરે તેવો સુધારો કરવા આ સભા વિનંતી કરે છે.

ઉપરોક્ત સુધારો લાગતા વળગતા બોર્ડો તાત્કાલિક કરે તેવી વિનંતી સાથે આ સભા અનુરોધ કરે છે."

**૧૮. પ્રા. આર. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"સાયન્સની પ્રાયોગિક પરીક્ષાઓમાં કાર્ય કરતા દરેક કર્મચારીઓ નિષ્ઠાપૂર્વક અને ખંતથી કાર્ય કરે, જેથી લાયક અને હોશિયાર વિદ્યાર્થીને નુકશાન ના થાય અને વિદ્યાર્થીનું સાચું મુલ્યાંકન થાય તે જરૂરી છે એવું આ સભા સુચન કરે છે."

**૧૯. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

યુનિવર્સિટી કેમ્પસમાં માનવ મંદિર ડ્રાઈવ-ઇન રોડ પરનાં યુનિવર્સિટીનાં તાબાનાં મેદાનોમાં થઈ રહેલ ગેરકાયદે દબાણોને તાત્કાલિક દૂર કરવામાં આવે અને આવાં ગેરકાયદેસર દબાણો ભવિષ્યમાં ન થાય તે માટે કાયમી વ્યવસ્થા કરવાની યોગ્ય સત્તામંડળને ભલામણ છે.

**૨૦. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

યુનિવર્સિટીની કોર્ટ-સભા હાલ વાર્ષિક ધોરણે આયોજિત થાય છે તેને બદલે ત્રિમાસિક ધોરણે આયોજિત કરવાની યોગ્ય સત્તામંડળને ભલામણ છે.

**૨૧. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

લલિતકલા અને સંગીતના સ્નાતક તેમજ અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે.

**૨૨. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

ફેકલ્ટી ઑફ ટેક્નોલોજી ઇન્ક્લુડિંગ એન્જિનિયરિંગ, નામનું સરલીકરણ કરી તેને બદલે ફેકલ્ટી ઑફ ટેક્નોલોજી અથવા "ફેકલ્ટી ઑફ એન્જિનિયરિંગ" નામકરણ કરવાની યોગ્ય સત્તામંડળને ભલામણ છે.

**૨૩. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

દરેક શહેર-ગામમાં આવેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા સર્જિત લલિતકલા, વિજ્ઞાન તેમજ જનજાગૃતિને લગતી બાબતોને પ્રદર્શનીય કૃતિઓનું સંયુક્ત જાહેર પ્રદર્શન જે તે શહેર-ગામમાં આયોજિત થાય અને એ દ્વારા યુનિવર્સિટી-કોલેજો અને સમાજ વચ્ચે સેતુ સ્થપાય એ માટે ઘટતું કરવાની યોગ્ય સત્તામંડળને ભલામણ છે.



**૨૪. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

દર વર્ષે યુનિવર્સિટી અંતર્ગત આયોજિત વિભાગીય યુવક-મહોત્સવોમાં સમાવિષ્ટ થતી સ્પર્ધા-આઈટેમ્સમાં સમાનતા રાખવાને યોગ્ય સત્તામંડળને ભલામણ છે.

**૨૫. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

આઈ.એ.એસ. સેન્ટર ભવનની શ્યામ-ગોકુલ ચાર રસ્તા તરફ જતા યુનિવર્સિટી વિસ્તારના રસ્તાનું રોડ-સરફેસિંગ બરાબર ન હોવાથી તેમજ એ રસ્તા ઉપરની ગટરોના મેન-હોલ્સનું લેવલિંગ ન હોવાથી એ રસ્તેથી યુનિવર્સિટીએ આવતા વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સ્ટાફ અને નાગરિકો માટે એ રસ્તો અત્યંત ભયજનક છે, તો તે અંગે વિના વિલંબે જે તે જાહેર સત્તા- વર્તુળોને તાકીદે યોગ્ય કરવાને ફરજ પાડવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે.

**૨૬. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

યુનિવર્સિટી લાઇબ્રેરીથી યુનિવર્સિટી બોયઝ હોસ્ટેલ તરફના રસ્તાની વહેલી તકે મરામત કરાવવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે.

**૨૭. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

યુનિવર્સિટી સંલગ્ન વિદ્યાર્થીઓનાં સુગ્રથિત વ્યક્તિત્વ વિકાસ માટે બોર્ડ ફોર એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝના સહયોગમાં બોર્ડ ફોર યુથ વેલ્ફેર દ્વારા સઘન પ્રયાસો કરવાની યોગ્ય સત્તામંડળને ભલામણ છે.

**૨૮. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

કોર્ટ-સભાની બેઠકોમાં કોરમનાં અભાવે ચર્ચા ઉપર હાથ ન લેવાતાં પ્રસ્તાવો અંગે યુનિવર્સિટીએ અલગ સમિતિ રચી, તેનાં દ્વારા યુનિવર્સિટીના સત્તાવાર વલણ કાર્યવાહી નિશ્ચિત કરવા અને તેની જાણ દરેક કોર્ટ-સભ્યને કરવાની વ્યવસ્થા ગોઠવવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે.

**૨૯. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષાઓનું સ્તર શિક્ષણલક્ષી (શિક્ષણલક્ષી પરીક્ષણ) થાય એ માટે અનુરૂપ પ્રાશ્નિકોને તૈયાર કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે.

**૩૦. શ્રી એમ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"આથી આજની સભા ઠરાવે છે કે, ૧૯૮૮ પહેલાં ફાર્મસી વિદ્યાશાખા જે રીતે અસ્તિત્વમાં હતી તેજ રીતે શૈક્ષણિક વર્ષ ૧૯૯૭થી અમલમાં આવે."

**૩૧. શ્રી એમ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"આથી ઠરાવવામાં આવે છે કે, ફાર્મસી વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ ભણાવતા શિક્ષકોને અન્ય વિદ્યાશાખાઓમાં શિક્ષકોને જે તે કાર્યભાર ગણવામાં આવે છે તે પ્રમાણે ગણવામાં આવે."

**૩૨. શ્રી એમ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

આથી ઠરાવવામાં આવે છે કે, ફાર્મસી વિદ્યાશાખામાં પરીક્ષકોને આપવામાં આવતું ટી.એ.ડી.એ. મેડિકલ વિદ્યાશાખા પ્રમાણે આપવું.

**૩૩. શ્રી એમ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સાથે જોડાયેલ ખંભાત તથા આદિપુર ફાર્મસી કૉલેજમાં પરીક્ષક તરીકે જતા પરીક્ષકોને પ્રેક્ટિકલની પરીક્ષા દરમિયાન ખર્ચાતું રીક્ષા ભાડું આપવું."

**૩૪. શ્રી એમ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"આથી ઠરાવવામાં આવે છે કે, આદિપુર ખાતે આવેલ યુનિવર્સિટી સંલગ્ન ફાર્મસી કૉલેજના અધ્યાપકોને યુનિવર્સિટીની સર્વિસની શરતો લાગુ પાડવી. નહિ કે પોલિટેકનિકની."

**૩૫. શ્રી એમ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

આથી ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમ પાસ કરનાર કે થયેલ ભારતની કોઈ પણ યુનિવર્સિટી કે બોર્ડમાંથી પાસ થનારને ડિપ્લોમા ફાર્મસી પછી પ્રથમ વર્ષ બી.એસસી.માં પ્રવેશ આપવો."

**૩૬. પ્રિ. એ. એન. કારિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

આપણે ત્યાં હોમ સાયન્સ આર્ટ્સ ફેકલ્ટીનો વિષય છે. સ્ત્રી જાગૃતિના વધતા જતા મહત્ત્વની દૃષ્ટિએ ખરેખર હોમ સાયન્સની અલગ કોલેજો અન્ય યુનિવર્સિટીઓની જેમ, આપણે ત્યાં પણ હોવી જોઈએ ઉદાહરણ તરીકે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હોમ સાયન્સની ૧૫ કૉલેજો છે. વિષય અને સમયનું મહત્ત્વ પારખી, ગુજરાત યુનિવર્સિટીમાં પણ હોમ સાયન્સ કૉલેજો શરૂ થવી જોઈએ.

**૩૭. પ્રિ. એ. એન. કારિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

ગુજરાતી યુવાનો આઈ.એ.એસ.માં ખાસ હોતા નથી. આપણે ત્યાં તેનું કેન્દ્ર ચાલતું હતું તે બંધ થઈ ગયું છે. કેન્દ્રિય સેવાઓમાં પણ આપણા યુવાનોને તક મળે તે હેતુથી આઈ.એ.એસ. કેન્દ્ર પુનઃ ચાલુ કરવું જોઈએ.

**૩૮. પ્રિ. એ. એન. કારિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં સર્વત્ર ગુજરાતી માધ્યમ હવે સ્વીકૃત બન્યું છે અને જુદી જુદી કોલેજોમાં સેંકડો વિષયોનું શિક્ષણ અપાઈ રહ્યું છે. આમ છતાં કોઈ વિષયમાં ક્યારેક માન્ય પરિભાષાની મુશ્કેલી ઊભી થાય છે આથી જુદા જુદા વિષયોના માન્ય પરિભાષાના શબ્દકોશો પ્રાધ્યાપકો પાસે તૈયાર કરાવીને યુનિવર્સિટીએ પ્રગટ કરવા જોઈએ.

**૩૯. પ્રિ. એ. એન. કારિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

રીએસસમેન્ટ અને રીચેકિંગ માટે દૂરના વિસ્તારમાંથી વિદ્યાર્થીએ યુનિવર્સિટી સુધી રૂબરૂ જવું પડે છે આ સંજોગોમાં આર્થિક દૃષ્ટિએ ઘણી વખત વિદ્યાર્થીને પરવડતું હોતું નથી. તેથી આ કામગીરી કૉલેજને સોંપવી જોઈએ.

**૪૦. પ્રિ. એ. એન. કારિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

પરીક્ષા વખતે યુનિવર્સિટી સ્ક્વોડમાં છોટાઉદેપુર, સંખેડા, સંતરામપુર જેવાં કેન્દ્રોમાં ખૂબ દૂરથી ટુકડીના સભ્યો આવતા હોય છે. તેથી તેઓ પરીક્ષા વખતે પૂરતો સમય આપી શકતા નથી. અને યુનિવર્સિટીનો મૂળ હેતુ નિષ્ફળ જાય છે. આથી આવા સમયે, દૂરથી નહીં પરંતુ નજીકના વિસ્તારોમાંથી ટુકડીના સભ્યોને બોલાવવા આયોજન કરવું જોઈએ.

**૪૧. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"બી.એડ.ના અભ્યાસક્રમમાં વિષયવસ્તુ અને પદ્ધતિના અલગ વિષયો છે, N.C.E.R.T. અને N.I.E.ની માર્ગદર્શક રેખાઓ પ્રમાણે બંને પ્રશ્નપત્રોને સ્થાને Content Oriented Methodનો પચાસ-પચાસ ગુણાંકનો એકેક એમ બે પદ્ધતિ વિષયો બી.એડ.ના અભ્યાસક્રમમાં આપવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

**૪૨. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"એમ.એડ.ના અભ્યાસક્રમમાં ફરજિયાત ત્રણ પ્રશ્નપત્રો (દરેક પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનો)ના સ્થાને બે પ્રશ્નપત્રો [illegible] સક્ષમ સત્તામંડળને ભલામણ છે."

**૪૩. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"[illegible] બી.એડ. અને વેકેશન બી.એડ. પ્રવેશ માટે પ્રવર્તમાન કેટગરીના સ્થાને ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને [illegible] ગુજરાત યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીઓ એમ માત્ર બે કેટેગરી યોગ્ય પ્રમાણસર રાખવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

**૪૪. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"[illegible] દ્વારા સ્નાતકોને, બે પદ્ધતિ-વિષયો પ્રવેશ ક્રમ જ નક્કી કરીને આપે (કે જેથી દરેક [illegible] કૉલેજની પદ્ધતિવાર પ્રવેશ સંખ્યા જળવાઈ રહે) તે રીતે આપવા ઘટતી વ્યવસ્થા કરવા યોગ્ય [illegible] ભલામણ છે."

**૪૫. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

'બી.એડ. પ્રવેશસમિતિમાં શિક્ષણશાસ્ત્રીની વિદ્યાશાખાઓમાંથી ચૂંટાયેલા તમામ છ એ છ સભ્યોને સમાવી લેવા અને એ રીતે તેમની શક્તિઓનો ઉપયોગ કરવા કુલપતિશ્રી અથવા સક્ષમ સત્તામંડળને ભલામણ છે.



**૪૬. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અલ્પતમ ૫૦% ગુણ મેળવનારને જ પ્રવેશ આપવાનો નિયમ ઘડવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

**૪૭. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"સ્ટીરિયોટાઈપ પ્રશ્નપત્રો નિવારવા માટે યુનિવર્સિટીની દરેક વિદ્યાશાખામાં પ્રશ્નપત્રવાર 'બ્લ્યુ પ્રિન્ટ' અગાઉથી તૈયાર કરાવે અને એકના એક પ્રશ્નો પુનરાવર્તિત થતા રોકવા પ્રશ્નપત્રવાર વ્યાપક પ્રશ્ન બેંક તૈયાર કરાવે તે માટે યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

**૪૮. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓમાં ઉત્તીર્ણતાનું ધોરણ અલ્પતમ ૫૦% કરવા સક્ષમ સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

**૪૯. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"બી.એડ. પ્રવેશસમિતિની રચનામાં ૫૦% આચાર્યો, ૫૦% અધ્યાપકો અને શિક્ષણશાસ્ત્રીની વિદ્યાશાખામાંથી ચૂંટાયેલા તમામ સભ્યો સમાવિષ્ટ થાય તેવી કુલપતિશ્રીને ભલામણ કરવામાં આવે છે."

**૫૦. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"તમામ વિદ્યાશાખાઓના નોંધાયેલા સ્નાતકોને યુનિવર્સિટી લાઈબ્રેરીની બે વાચન ટિકિટો, પ્રવર્તમાન સેનેટ સભ્યોને પાંચ વાચન ટિકિટો તથા નિવૃત્ત અધ્યાપકો અને આચાર્યોને પણ પાંચ વાચન ટિકિટોનો લાભ મળે તે માટે કુલપતિશ્રીને ભલામણ કરવામાં આવે છે."

**૫૧. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"રીએસેસમેન્ટ માટે બે વખતના મૂલ્યાંકનનો તફાવત હજી યોગ્ય પ્રમાણમાં ઘટાડી તેને અર્થપૂર્ણ બનાવવા, રીએસેસમેન્ટનું પરિણામ મોડામાં મોડું એક માસ પૂરો થતા સુધીમાં આપી દેવા અને તે માટે રીએસેસમેન્ટની કેન્દ્રીય વ્યવસ્થા ગોઠવવા સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

**૫૨. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની જેમ ગુજરાત યુનિવર્સિટીમાં પણ પૂર્વ-પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક સુધીની એક આદર્શ શાળા શરૂ કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

**૫૩. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી યુનિવર્સિટીઓનું પ્રતિનિધિત્વ રદ થયું હોવાથી માધ્યમિક શાળાઓના આચાર્યો, શિક્ષકો વગેરે જે જે માટે બેઠકોની જોગવાઈ યુનિવર્સિટી કોર્ટમાં હોય તે રદ કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

**૫૪. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"શિક્ષણશાસ્ત્રની એક જ અભ્યાસસમિતિના સ્થાને એકથી વધુ અભ્યાસસમિતિઓ યોગ્ય સંખ્યામાં પ્રસ્થાપિત કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

**૫૫. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

'નોંધાયેલા સ્નાતકો માટે યુનિવર્સિટીના આશ્રયે વર્ષમાં એકવાર જ્ઞાનગોષ્ઠિના કાર્યક્રમનું આયોજન કરવા કુલપતિશ્રી અથવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે.'

**૫૬. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"બી.એડ. કૉલેજોમાં અધ્યાપક-તાલીમાર્થી પ્રમાણ ૧ : ૧૦ અને આચાર્ય-તાલીમાર્થી પ્રમાણ ૧ : ૫ રાખવા તથા તે અંગે સરકાર કક્ષાએ યુનિવર્સિટી જોરદાર રજૂઆત કરે તે માટે કુલપતિશ્રી અથવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

**૫૭. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"યુનિવર્સિટીની સેનેટને વૈધિક ક્રિયાકાંડમાંથી બચાવી, તેના તમામ પ્રસ્તાવોને હાથ ધરી, તે માટે જરૂર પડે તો સેનેટસભાના કાર્યદિવસો લંબાવી, તેના પ્રસ્તાવોને યોગ્ય સત્તામંડળમાં લઈ જવા ઘટતું કરવા કુલપતિશ્રીને ભલામણ કરવામાં આવે છે."

**૫૮. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"શિક્ષણશાસ્ત્રીની અભ્યાસસમિતિ હાલ એક જ હોવાથી અને તેમાં અધ્યાપકોનું પ્રતિનિધિત્વ નહિવત્ હોવાથી શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખામાંથી ચૂંટાયેલા તમામ કોર્ટ-સભ્યો તેમાં આપોઆપ સમાવિષ્ટ થઈ જાય તે રીતે તે સંબંધી સ્ટેચ્યુટ સુધારવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

**૫૯. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"અનુસ્નાતક અધ્યાપન કરતા તમામ મુલાકાતી અધ્યાપકોને કન્વેયન્સ એલાઉન્સ વ્યાખ્યાનના જે તે દિવસે જ ચૂકવી દેવા અને તમામ પરીક્ષાઓનું તમામ પ્રકારનું વેતન, બિલ રજૂ કર્યા પછી ૧૦૦ દિવસમાં ચૂકવી દેવા કુલપતિશ્રીને ભલામણ કરવામાં આવે છે."

**૬૦. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

સરદાર પટેલ યુનિવર્સિટીની જેમ યુનિવર્સિટી ભવનોમાં રીડર અને પ્રોફેસર તરીકે નિયુક્તિ પામતા અધ્યાપકો નિયુક્તિની સાથે પીએચ.ડી ગાઈડ તરીકે આપોઆપ માન્યતા પામે અને તેમને સંશોધનપત્રો રજૂ કરવામાંથી મુક્તિ મળે એવી સક્ષમ સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે.

**૬૧. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

યુનિવર્સિટી ભવનો અને અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા અધ્યાપકોના સંશોધનપત્રોના મૂલ્યાંકન માટે તે અભ્યાસ કોપી પીએચ.ડી.ની પદવી પહેલી પ્રાપ્ત કરી હોય અને તેમના કરતાં વિશેષ અધ્યયન અનુભવ હોય તેવા મૂલ્યાંકનકારોને જ નિયુક્ત કરવા સક્ષમ સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે.

**૬૨. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગમાં જે સ્નાતક મતદારો વધુ મુદત માટે નોંધણી ચાલુ રાખવા અરજી કરે તો સાતત્યના આધારે તેમણે માત્ર અરજી જ કરવાની રહે પણ સ્નાતક પરીક્ષાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ ફરી રજૂ કરવામાંથી મુક્તિ આપવામાં આવે (કારણ કે યુનિવર્સિટી પાસે પ્રસ્તુત નકલ છે જ) તે અંગે ઘટતું કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે.

**૬૩. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

યુનિવર્સિટી કોર્ટ-સભાઓમાં કોર્ટ સભ્યો પૂરા સમય માટે હાજર રહે તે માટે સભા પ્રવેશ અને સભા વિસર્જન વખતે સભામંચ ઉપર કે પાસે રાખવામાં આવેલ હાજરીપત્રકમાં સક્ષમ અધિકારીની હાજરીમાં હાજરીનું નોંધે તોજ તેમને હાજર ગણવામાં આવે અને તોજ તેમને હાજરીનું વેતન મળે તે માટે ઘટતું કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે.

**૬૪. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

યુનિવર્સિટીના વિવિધ સત્તામંડળોની ચૂંટણી વખતે વિધાનસભા-લોકસભાની ચૂંટણીના હેતુસર સરકારે આપેલ ઓળખપત્રો મતદાન વખતે માન્ય ગણવામાં આવે અને યુનિવર્સિટી દ્વારા પાત્ર ઓળખપત્રો રજૂ કરવામાંથી યુનિવર્સિટી મતદારોને મુક્તિ આપવામાં આવે તેમ કરવા ઘટતું કરવા યોગ્ય મંડળને ભલામણ કરવામાં આવે છે.

**૬૫. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

હાલ યુનિવર્સિટી કોર્ટ-સભ્યોને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને ક્યારેક એકેડેમિક કાઉન્સિલની સભાઓના અહેવાલો માહિતી ખાતર મોકલવામાં આવે છે. બાકીના સત્તામંડળોની કામગીરી વિશે કોર્ટસભ્યો અજાણ હોય છે. કોર્ટ સભ્યપદ પાયાનું પદ છે, તેઓને તમામ સત્તામંડળોની કામગીરીથી માહિતગાર કરવાની પ્રતિબદ્ધતા યુનિવર્સિટીએ અદા કરવાની જરૂર છે, સંબંધિત સભ્યોને તેમને સંબંધિત વિદ્યાશાખા અને અભ્યાસસમિતિની કામગીરીથી વાકેફ કરી શકાય. આ માટે ઘટતું કરવા યોગ્ય અધિકારી વ્યક્તિ કે સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે.

નં. કોર્ટ / ૭૯૯૦૭ / ૧૯૯૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૧૩-૩-૧૯૯૭.

હુકમથી
એમ. પી. જડિયા
કુલસચિવ



## પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૩

બોર્ડ ઓફ એકાઉન્ટ્સના સભ્યોની વર્ષ દરમિયાન યુનિવર્સિટીના હિસાબો અંગેનો હેવાલ તૈયાર કરવા માટેની એક સભા તા. ૧૦/૧૧-૩-૧૯૯૬ના રોજ મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

*ક્રમ સભ્યોનાં નામ*

૧. પ્રિ. સૌરભભાઈ ચોક્સી, અધ્યક્ષ
૨. પ્રિ. પી. સી. ઉપાધ્યાય
૩. શ્રી. જે. એસ. પ્રજાપતિ.

સભાનું પ્રમુખસ્થાન પ્રિ. સૌરભભાઈ ચોક્સીએ સંભાળ્યું હતું.

હેવાલના વર્ષ દરમિયાન બોર્ડ ઓફ એકાઉન્ટ્સના સભ્યોએ એકાઉન્ટ્સ ઓફિસર સાથે યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોની મુલાકાત લીધી હતી અને સંબંધિત સાધનિક દફતરોની આંશિક ચકાસણી તેમજ વિભાગીય વડા સાથેની ચર્ચા બાદ નીચે મુજબની નોંધ મૂકવામાં આવે છે :

**પરીક્ષા અંગેની માહિતી તથા આવક ખર્ચ :**

ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની જુદી જુદી કૉલેજો અને વિદ્યા સંકુલો થઈને કુલ્લે ૧૪૯ની સંખ્યા છે. છેલ્લાં ચાર વર્ષમાં વિદ્યાર્થી-સંખ્યા અને પરીક્ષાની સંખ્યા દર્શાવતી વાસ્તવિક પરિસ્થિતિ નીચે મુજબ છે :

| *ક્રમ* | *વર્ષ* | *કૉલેજોની સંખ્યા* | *વિદ્યાર્થી-સંખ્યા* | *પરીક્ષાની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૨-૯૩ | ૧૩૦ | ૧,૮૧,૭૯૨ | ૧૬૪ |
| ૨. | ૧૯૯૩-૯૪ | ૧૩૬ | ૨,૦૭,૮૨૬ | ૧૭૪ |
| ૩. | ૧૯૯૪-૯૫ | ૧૪૫ | ૨,૧૯,૦૬૦ | ૧૭૪ |
| ૪. | ૧૯૯૫-૯૬ | ૧૪૯ | ૨,૨૬,૪૩૦ | ૧૭૪ |

ઉપરોક્ત વિગતો જોતાં આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી-સંખ્યાનું પ્રમાણ જે રીતે વધી રહ્યું છે તે ખાસ ધ્યાન ખેંચે છે.

પરીક્ષા ફીની આવક-ખર્ચના હિસાબો જોતાં આવક કરતાં ખર્ચ વધુ થાય છે. આમ વધતો જતો ખર્ચ અટકાવવા માટે કરકસરનાં પગલાં લેવાં જરૂરી બને છે. આ સંજોગોમાં યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓની પરીક્ષા ફીમાં વધારો કરવો આવશ્યક બન્યો છે. તે સંદર્ભમાં બોર્ડ ઓફ એકાઉન્ટ્સની આ સભાએ તેમજ ભૂતકાળમાં અનેક વખત આ સમિતિએ પરીક્ષા ફીમાં વધારો કરવાનું જે સૂચન કરેલ છે તે હવે આજના તબક્કે સ્વીકારવું જ પડશે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ રહી છે. આથી સમિતિના સભ્યોનું માનવું છે કે પરીક્ષા ફીમાં તાકીદે વધારો સૂચવાય તે જરૂરી છે. વધુમાં ગંભીર નોંધનીય બાબત એ છે કે પરીક્ષા ફીની આવકનું વિદ્યાર્થીઓની સંખ્યા સાથે મેળવણું થતું નથી તે તાત્કાલિક કરવા સૂચન છે.

વધુમાં યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલી જુદી જુદી પરીક્ષાઓના પરીક્ષકોનાં પેમેન્ટની નીચેનાં વર્ષોની ચુકવણી બાકી છે તે તાકીદે થાય તે જરૂરી છે :

*ક્રમ પરીક્ષાનું નામ*

૧. માર્ચ-એપ્રિલ, ૧૯૯૫
૨. ઓક્ટોબર-નવેંબર, ૧૯૯૫
૩. માર્ચ-એપ્રિલ, ૧૯૯૬
૪. ઓક્ટોબર-નવેંબર, ૧૯૯૬

**આવક-ખર્ચ :**

યુનિવર્સિટીના આવક-ખર્ચના હિસાબો તપાસતાં છેલ્લાં ૩ વર્ષોની આવક-ખર્ચની વિગતો નીચે પ્રમાણે છે :

| *ક્રમ* | *વર્ષ* | *આવક રૂ.* | *ખર્ચ રૂ.* | *ખાધ રૂ.* |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૩-૯૪ | ૭,૭૭,૪૮,૫૯૩-૦૦ | ૮,૨૨,૫૨,૨૫૦-૦૦ | ૪૫,૦૩,૬૫૭-૦૦ |
| ૨. | ૧૯૯૪-૯૫ | ૯,૦૪,૧૨,૭૮૪-૦૦ | ૯,૪૧,૬૬,૮૧૨-૦૦ | ૩૭,૫૪,૦૨૮-૦૦ |
| ૩. | ૧૯૯૫-૯૬ | ૧૦,૧૦,૧૫,૪૪૯-૦૦ | ૧૦,૯૬,૪૦,૩૩૨-૦૦ | ૮૬,૨૪,૮૮૨-૦૦ |

આવક-ખર્ચની છેલ્લાં ત્રણ વર્ષની વિગતો જોતાં ખાધનું પ્રમાણ દિનપ્રતિદિન સતત વધતું રહ્યું છે. તે અટકાવવું જરૂરી અને આવશ્યક અને સંસ્થાના હિતમાં છે. આથી હજી પણ જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં ફીમાં વધારો કરવો જરૂરી છે. આ અંગે અગાઉની સમિતિઓએ વારંવાર સૂચનો કર્યાં છતાં હજુ ધાર્યો તેને પ્રતિસાદ મળ્યો નથી તે દુઃખદ છે.

**ગ્રાન્ટ :**

ગ્રાન્ટ રજિસ્ટરની ચાલુ વર્ષે ચકાસણી થઈ શકી નથી, પરંતુ આપવામાં આવેલ માહિતી મુજબ નમૂનારૂપ
કિસ્સાઓમાં યુનિવર્સિટી તરફથી વારંવાર પત્રો લખ્યા હોવા છતાં પણ નીચે મુજબની ગ્રાન્ટ મેળવવાની બાકી છે :
ગ્રાન્ટ વિભાગમાંના ગ્રાન્ટ રજિસ્ટરની સંબંધિત કાગળો સાથે આંતરિક ચકાસણી કરતાં નીચેની નોંધ મૂકવામાં
આવે છે :

(૧) તા. ૩૧-૩-૧૯૯૬ સુધીમાં રાજ્ય સરકાર પાસેથી રૂ. ૨,૩૪,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બે કરોડ ચોત્રીસ
લાખ)ની ગ્રાન્ટ મેળવવાની બાકી છે, તેમાંથી યુનિવર્સિટીને ઓન એકાઉન્ટ રૂ. ૧,૦૦,૦૦,૦૦૦ (રૂપિયા એક
કરોડ પૂરા)ની ગ્રાન્ટ રાજ્ય સરકાર તરફથી મળેલ છે. હવે બાકી રૂ. ૧,૩૪,૦૦,૦૦૦ (રૂપિયા એક કરોડ
ચોત્રીસ લાખ પૂરા) મેળવવા માટે સઘન પ્રયાસો હાથ ધરવા વિનંતી કરવામાં આવે છે.

(૨) યુ.જી.સી. તથા રાજ્ય સરકારના ફાળા પેટે સાતમી યોજના અન્વયે રાજ્ય સરકારના બાંધકામ
વિભાગની ૧૯૯૩-૯૪ના વર્ષ દરમિયાન રૂ. ૩૩,૦૦,૦૦૦ (રૂપિયા તેત્રીસ લાખ પૂરા) જેવી રકમ કેટલાક
બાંધકામ માટે પી.ડબલ્યુ.ડી.માં જમા કરાવવામાં આવી છે. તા. ૩૧-૩-૧૯૯૭ સુધીમાં આ તમામ બાંધકામો પૂરાં
થવાં જોઈએ એવી શરત છે, પરંતુ આધુનિક કાગળો જોતાં રાજ્ય સરકારના બાંધકામ વિભાગ તરફથી કોઈ
કામગીરી થઈ નથી જેના પરિણામે રૂ. ૩૩,૦૦,૦૦૦ (રૂપિયા તેત્રીસ લાખ)ની ગ્રાન્ટ રદ થવા જશે એવી ચોક્કસ
ભીતિ છે. આમ, યુનિવર્સિટી તરફથી સમયસર પૂરતું આયોજન કરવામાં આવ્યું નથી તેવું ફલિત થાય છે.

(૩) યુ.જી.સી.ની ગ્રાન્ટ રજિસ્ટરની આંશિક ચકાસણી કરતાં જણાયું કે કેટલીક યોજનાઓ ઘણા લાંબા
સમયથી પૂરી થઈ ગઈ છે અને જે તે યોજનામાં વણવપરાયેલી ગ્રાન્ટની બચતી રકમ રૂ. ૨૫,૦૦,૦૦૦ (અંકે
રૂપિયા પચીસ લાખ પૂરા) જેટલી યુ.જી.સી.ને પરત કરવાની થાય છે, તે યુ.જી.સી.ને ત્વરિત પરત થાય તેવી
ભલામણ છે.

(૪) યુ.જી.સી. તરફથી કેટલીક મોટી યોજનાઓમાં સમયસર બાકી ગ્રાન્ટ મળેલ નથી. દા. ત.
ઈ.એમ.આર.સી.ના રૂ. ૩૧,૮૪,૭૩૧-૭૨ પૈસા અને પ્રૌઢશિક્ષણ વિભાગના રૂ. ૧૯,૧૭,૨૨૬-૩૪ પૈસાની ગ્રાન્ટ
યુ.જી.સી. તરફથી લેવાની બાકી છે. આ બાબતમાં સંબંધક પત્રવ્યવહાર જેમાં યુનિવર્સિટી ગ્રાન્ટ વપરાશપત્રક
યુટિલાઈઝેશન સર્ટિફિકેટ મોકલેલ છે, જેમાં પણ કેટલાક મુદ્દાઓની અસ્પષ્ટતાઓને કારણે ગ્રાન્ટ અટકેલ છે તે
તાકીદે મેળવી લેવા વિનંતી છે.

(૫) ભારત સરકાર તરફથી પોલિવેલેન્ટ સેન્ટર માટે ૧૦૦ ટકા ગ્રાન્ટ ખર્ચ માટે મળે છે. પરંતુ તારીખ
૩૧-૩-૧૯૯૬ સુધીમાં થઈ ગયેલ ખર્ચ સામે રૂ. ૧૧,૭૪,૮૫૧ની આ ગ્રાન્ટ લેવાની બાકી છે, તે અંગે ત્વરિત
પગલાં લેવા વિનંતી છે.

(૬) ગ્રાન્ટના હિસાબોમાં સરળ વહીવટ માટે જે ગ્રાન્ટ મળે તે જ હેતુ માટે નાણાં સમયસર વપરાય તે
માટે દરેક યોજના પરત્વે જે કાંઈ ગ્રાન્ટની રકમ મળે તે અલગ બેંક એકાઉન્ટ ખાતે જમા થાય અને તેમાંથી
ઉધારાય. એ ગ્રાન્ટનાં નાણાંનો વપરાશ સમયસર અને જે તે હેતુ માટે થઈ શકશે એવું માનવું છે.

**સસ્પેન્સ એકાઉન્ટ :**

યુનિવર્સિટીના સસ્પેન્સ એકાઉન્ટ તપાસતાં તેની છેલ્લા ૩ વર્ષની પરિસ્થિતિ નીચે મુજબ છે :

| ક્રમ | વર્ષ | રકમ રૂ. |
|---|---|---|
| ૧. | ૧૯૯૩-૯૪ | ૪,૯૯,૩૮૩ |
| ૨. | ૧૯૯૪-૯૫ | ૫,૦૪,૩૫૫ |

જ્યારે ૧૯૯૫-૯૬ના વર્ષના સસ્પેન્સ એકાઉન્ટ્સની મેળવણી હજી સુધી થઈ શકેલ નથી.
ઉપરોક્ત વિગતો જોતાં હિસાબોની કામગીરી વ્યવસ્થિત થાય તે જોવા ભલામણ છે.

**એડવાન્સ એકાઉન્ટ :**

સમગ્ર વર્ષ દરમિયાન વારંવાર સૂચના આપવા છતાં એડવાન્સ એકાઉન્ટની મેળવણી કરવામાં આવી નથી.
ખૂબ જ મોટી સંખ્યામાં એડવાન્સ એકાઉન્ટની બાકીઓ વર્ષોથી ઊભી છે જે દુઃખદ બાબત છે. તાત્કાલિક એકાઉન્ટ
મેળવણી કરવાની આ સભા સૂચન કરે છે.

**યુવક કલ્યાણ પ્રવૃત્તિ :**

યુવક કલ્યાણ પ્રવૃત્તિ વિભાગના હિસાબોની જાતતપાસ કરતાં માલૂમ પડેલ છે કે અનેક કોલેજોએ ૧૯૯૦-
૯૧થી ૧૯૯૬-૯૭ સુધી જુદાં જુદાં સત્રોની સાંસ્કૃતિક ફાળાની રકમ હજુ સુધી મોકલી નથી જે ગંભીર બાબત
છે. સાંસ્કૃતિક ફાળાની રકમ વસૂલ લેવાની કાર્યવાહી તાકીદે પૂરી કરવા સૂચન છે. તેમ જ આ કામગીરી સંબંધિત
અધિકારી/કર્મચારી પાસેથી તા. ૩૦મી જૂન, ૧૯૯૭ સુધીમાં પૂર્ણ કરાવી લેવા પણ સૂચન કરવામાં આવે છે.



**સ્પોર્ટ્સ ફી :**

વિવિધ કૉલેજો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવેલ યુનિવર્સિટી સ્પોર્ટ્સ ફી નિયમિત જમા કરવામાં આવતી નથી તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા સાથે કોઈ મેળવણું કરવામાં આવતું નથી. આ કાર્યવાહી સંબંધિત અધિકારી કર્મચારી પાસેથી તા. ૩૦-૬-૧૯૯૭ સુધીમાં પૂર્ણ કરાવી લેવા સૂચન કરવામાં આવે છે.

ઉપરોક્ત બન્ને વિભાગની ફી પરીક્ષા ફોર્મ સાથે જ વસૂલ લેવાની આ સભા સૂચન કરે છે. આ તમામ ફી બેન્ક ડ્રાફ્ટ સાથે જ લેવી તેવું સૂચન પણ આ સભા કરે છે.

**એન.એસ.એસ. :**

એન.એસ.એસ. વિભાગની પ્રોજેક્ટ ગ્રાન્ટ તેમજ શિબિર ગ્રાન્ટના હિસાબો સંબંધિત કૉલેજ પાસેથી નિયમિત મેળવી લેવા સૂચન છે. સરકાર પાસેથી આ અંગેની ગ્રાન્ટ કૉલેજોને નિયમિત મોકલવામાં આવે તેવી આ સભાની ભલામણ છે. કૉલેજોને ૧૯૯૫-૯૬ના વર્ષની પ્રોજેક્ટ ગ્રાન્ટ પણ હજી આપવામાં આવી નથી જે પ્રવૃત્તિઓ માટે બાધક રૂપ છે. તાત્કાલિક આ ગ્રાન્ટ કૉલેજોને ચૂકવી આપવા આ સભા ભલામણ કરે છે.

**સરકારી ઑડિટ હેવાલ અને આંતરિક ઑડિટ હેવાલ :**

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ (૨)માં સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં સિન્ડિકેટ દ્વારા છેલ્લાં પાંચ વર્ષના ઑડિટ થયેલા હિસાબો તથા તેનો ઑડિટ હેવાલ, જેની વિગતો નીચે જણાવી છે, તે યુનિવર્સિટીની કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી. તથા તે અંગેનો કોઇ દુરસ્ત રિપોર્ટ જે તે સત્તાવાળાઓને મોકલવો જોઈએ તે મોકલવામાં આવ્યો નથી. યુનિવર્સિટીના હિસાબો અંગે સરકારી ઑડિટ હેવાલની આવી ઉપેક્ષા થાય તે અતિ ગંભીર બાબત ગણાય. આવા કોર્ટ સમક્ષ નહીં મૂકવામાં આવેલ હિસાબો અને ઑડિટ રિપોર્ટ હવે પછીની સભા સમક્ષ રજૂ થાય તેવી વ્યવસ્થા કરવા ભલામણ છે.

| ક્રમ | હિસાબી વર્ષ |
|---|---|
| ૧ | ૧૯૮૯-૯૦ |
| ૨ | ૧૯૯૦-૯૧ |
| ૩ | ૧૯૯૧-૯૨ |
| ૪ | ૧૯૯૨-૯૩ |
| ૫ | ૧૯૯૩-૯૪ |

વધુમાં યુનિવર્સિટીના આંતરિક ઑડિટના હેવાલ બાબતમાં જણાવવાનું કે, યુનિવર્સિટીના આંતરિક ઑડિટર મે. લાખિયા એન્ડ કંપની તરફથી ૧૯૯૪-૯૫ના વર્ષનો હેવાલ તા. ૧-૭-૧૯૯૬ની આસપાસ મળ્યો છે, જેમાં દર્શાવેલ અનિયમિતતાઓ અંગે જે નોંધ મૂકવામાં આવી છે. જેની પૂર્તતા કરવાનું સૂચન કરવામાં આવે છે.

૧૯૯૫-૯૬ના વર્ષનો હેવાલ મળી શકેલ નથી. આથી તેની ચકાસણી કરી શકાઈ નથી. આ હેવાલ તાકીદે મેળવી લેવાનું રાખવું.

**વહીવટી બાબત :**

અહેવાલવાળા વર્ષમાં યુનિવર્સિટીનો વહીવટ સારી રીતે ચાલે તે માટે મુખ્ય અને મહત્ત્વની ખાલી રહેલી નીચે મુજબની જગ્યાઓ તાકીદે પૂરાય તેવી ઘટતી કાર્યવાહી હાથ ધરાય તો યુનિવર્સિટીના વહીવટી કાર્યમાં સરળતા પ્રાપ્ત થાય અને વહીવટ સરળ બને.

| ક્રમ | ખાલી જગ્યાનું નામ |
|---|---|
| ૧ | પ્રેસ મૅનેજર |
| ૨ | યુનિવર્સિટી એન્જિનિયર |
| ૩ | મદદનીશ કુલસચિવ |
| ૪ | ડેવલપમેન્ટ ઑફિસર |
| ૫ | ચીફ એકાઉન્ટ્સ ઑફિસર |
| ૬ | ડાયરેક્ટર યુથ વેલ્ફેર |

વધુમાં, યુનિવર્સિટીમાં આજે અંદાજે ૧૨૨ (એકસો બાવીસ) જેટલી આનુષંગિક જગ્યાઓ ખાલી પડી છે, તે પણ યુનિવર્સિટીના વહીવટ પર સીધી જ વિપરીત અસરકર્તા છે, તે ધ્યાનમાં રાખીને આ જગ્યાઓ પણ તાકીદે પૂરવા માટે ભલામણ છે. આની બીજી વિપરીત અસર હિસાબી કામગીરી પર થાય છે. હિસાબો નિયમિત રીતે અને સમયસર તૈયાર થતા નથી અને આ બાબત ગંભીરરૂપ ધારણ કરે તેવી ભીતિ વર્તાય છે. તે તરફ ધ્યાન દોરીને ઘટતી કાર્યવાહી કરવા ભલામણ છે.

**ગ્રાન્ટ :**

ગ્રાન્ટ રજિસ્ટરની ચાલુ વર્ષે ચકાસણી થઈ શકી નથી, પરંતુ આપવામાં આવેલ માહિતી મુજબ નમૂનારૂપ હિસાબોમાં યુનિવર્સિટી તરફથી વારંવાર પત્રો લખ્યા હોવા છતાં પણ નીચે મુજબની ગ્રાન્ટ મેળવવાની બાકી છે :

ગ્રાન્ટ વિભાગમાંના ગ્રાન્ટ રજિસ્ટરની સંબંધિત કાગળો સાથે આંતરિક ચકાસણી કરતાં નીચેની નોંધ મૂકવામાં આવે છે :

(૧) તા. ૩૧-૩-૧૯૯૬ સુધીમાં રાજ્ય સરકાર પાસેથી રૂ. ૨,૩૪,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બે કરોડ ચોત્રીસ લાખ)ની ગ્રાન્ટ મેળવવાની બાકી છે, તેમાંથી યુનિવર્સિટીને ઓન એકાઉન્ટ રૂ. ૧,૦૦,૦૦,૦૦૦ (રૂપિયા એક કરોડ પૂરા)ની ગ્રાન્ટ રાજ્ય સરકાર તરફથી મળેલ છે. હવે બાકી રૂ. ૧,૩૪,૦૦,૦૦૦ (રૂપિયા એક કરોડ ચોત્રીસ લાખ પૂરા) મેળવવા માટે સઘન પ્રયાસો હાથ ધરવા વિનંતી કરવામાં આવે છે.

(૨) યુ.જી.સી. તથા રાજ્ય સરકારના ફાળા પેટે સાતમી યોજના અન્વયે રાજ્ય સરકારના બાંધકામ વિભાગની ૧૯૯૩-૯૪ના વર્ષ દરમિયાન રૂ. ૩૩,૦૦,૦૦૦ (રૂપિયા તેત્રીસ લાખ પૂરા) જેવી રકમ કેટલાક બાંધકામ માટે પી.ડબલ્યુ.ડી.માં જમા કરાવવામાં આવી છે. તા. ૩૧-૩-૧૯૯૭ સુધીમાં આ તમામ બાંધકામો પૂરાં થવાં જોઈએ એવી શરત છે, પરંતુ આધનિક કાગળો જોતાં રાજ્ય સરકારના બાંધકામ વિભાગ તરફથી કોઈ કામગીરી થઈ નથી જેના પરિણામે રૂ. ૩૩,૦૦,૦૦૦ (રૂપિયા તેત્રીસ લાખ)ની ગ્રાન્ટ રદ થવા જશે એવી ચોક્કસ ભીતી છે. આમ, યુનિવર્સિટી તરફથી સમયસર પૂરતું આયોજન કરવામાં આવ્યું નથી તેવું ફલિત થાય છે.

(૩) યુ.જી.સી.ની ગ્રાન્ટ રજિસ્ટરની આંશિક ચકાસણી કરતાં જણાયું કે કેટલીક યોજનાઓ ઘણા લાંબા સમયથી પૂરી થઈ ગઈ છે અને જે તે યોજનામાં વણવપરાયેલી ગ્રાન્ટની બચતી રકમ રૂ. ૨૫,૦૦,૦૦૦ (અંકે રૂપિયા પચીસ લાખ પૂરા) જેટલી યુ.જી.સી.ને પરત કરવાની થાય છે, તે યુ.જી.સી.ને ત્વરિત પરત થાય તેવી ભલામણ છે.

(૪) યુ.જી.સી. તરફથી કેટલીક મોટી યોજનાઓમાં સમયસર બાકી ગ્રાન્ટ મળેલ નથી. દા. ત. ઈ.એમ.આર.સી.ના રૂ. ૩૧,૮૪,૭૩૧-૭૨ પૈસા અને પ્રૌઢશિક્ષણ વિભાગના રૂ. ૧૯,૧૭,૨૨૬-૩૪ પૈસાની ગ્રાન્ટ યુ.જી.સી. તરફથી લેવાની બાકી છે. આ બાબતમાં સંબંધક પત્રવ્યવહાર જેમાં યુનિવર્સિટી ગ્રાન્ટ વપરાશપત્રક યુટિલાઈઝેશન સર્ટિફિકેટ મોકલેલ છે, જેમાં પણ કેટલાક મુદ્દાઓની અસ્પષ્ટતાઓને કારણે ગ્રાન્ટ અટકેલ છે તે તાકીદે મેળવી લેવા વિનંતી છે.

(૫) ભારત સરકાર તરફથી પોલિવેલેન્ટ સેન્ટર માટે ૧૦૦ ટકા ગ્રાન્ટ ખર્ચ માટે મળે છે. પરંતુ તારીખ ૩૧-૩-૧૯૯૬ સુધીમાં થઈ ગયેલ ખર્ચ સામે રૂ. ૧૧,૭૪,૮૫૧ની આ ગ્રાન્ટ લેવાની બાકી છે, તે અંગે ત્વરિત પગલાં લેવા વિનંતી છે.

(૬) ગ્રાન્ટના હિસાબોમાં સરળ વહીવટ માટે જે ગ્રાન્ટ મળે તે જ હેતુ માટે નાણાં સમયસર વપરાય તે માટે દરેક યોજના પરત્વે જે કાંઈ ગ્રાન્ટની રકમ મળે તે અલગ બેન્ક એકાઉન્ટ ખાતે જમા થાય અને તેમાંથી ઉધારાય. એ ગ્રાન્ટનાં નાણાંનો વપરાશ સમયસર અને જે તે હેતુ માટે થઈ શકશે એવું માનવું છે.

**સસ્પેન્સ એકાઉન્ટ :**

યુનિવર્સિટીના સસ્પેન્સ એકાઉન્ટ તપાસતાં તેની છેલ્લા ૩ વર્ષની પરિસ્થિતિ નીચે મુજબ છે :

| ક્રમ | વર્ષ | રકમ રૂ. |
|---|---|---|
| ૧. | ૧૯૯૩-૯૪ | ૪,૯૯,૩૮૩ |
| ૨. | ૧૯૯૪-૯૫ | ૫,૦૪,૩૫૫ |

જ્યારે ૧૯૯૫-૯૬ના વર્ષના સસ્પેન્સ એકાઉન્ટ્સની મેળવણી હજી સુધી થઈ શકેલ નથી.

ઉપરોક્ત વિગતો જોતાં હિસાબોની કામગીરી વ્યવસ્થિત થાય તે જોવા ભલામણ છે.

**એડવાન્સ એકાઉન્ટ :**

સમગ્ર વર્ષ દરમિયાન વારંવાર સૂચના આપવા છતાં એડવાન્સ એકાઉન્ટની મેળવણી કરવામાં આવી નથી. ખૂબ જ મોટી સંખ્યામાં એડવાન્સ એકાઉન્ટની બાકીઓ વર્ષોથી ઊભી છે જે દુઃખદ બાબત છે. તાત્કાલિક એકાઉન્ટ મેળવણી કરવાની આ સભા સૂચન કરે છે.

**યુવક કલ્યાણ પ્રવૃત્તિ :**

યુવક કલ્યાણ પ્રવૃત્તિ વિભાગના હિસાબોની જાતતપાસ કરતાં માલૂમ પડેલ છે કે અનેક કૉલેજોએ ૧૯૯૦-૯૧થી ૧૯૯૬-૯૭ સુધી જુદાં જુદાં સત્રોની સાંસ્કૃતિક ફાળાની રકમ હજુ સુધી મોકલી નથી જે ગંભીર બાબત છે. સાંસ્કૃતિક ફાળાની રકમ વસૂલ લેવાની કાર્યવાહી તાકીદે પૂરી કરવા સૂચન છે. તેમ જ આ કામગીરી સંબંધિત અધિકારી/કર્મચારી પાસેથી તા. ૩૦મી જૂન, ૧૯૯૭ સુધીમાં પૂર્ણ કરાવી લેવા પણ સૂચન કરવામાં આવે છે.



**સ્પોર્ટ્સ ફી :**

વિવિધ કૉલેજો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવેલ યુનિવર્સિટી સ્પોર્ટ્સ ફી નિયમિત જમા કરવામાં આવતી નથી તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા સાથે કોઈ મેળવણું કરવામાં આવતું નથી. આ કાર્યવાહી સંબંધિત અધિકારી કર્મચારી પાસેથી તા. ૩૦-૬-૧૯૯૭ સુધીમાં પૂર્ણ કરાવી લેવા સૂચન કરવામાં આવે છે.

ઉપરોક્ત બન્ને વિભાગની ફી પરીક્ષા ફોર્મ સાથે જ વસૂલ લેવાની આ સભા સૂચન કરે છે. આ તમામ ફી બેન્ક ડ્રાફ્ટ સાથે જ લેવી તેવું સૂચન પણ આ સભા કરે છે.

**એન.એસ.એસ. :**

એન.એસ.એસ. વિભાગની પ્રોજેક્ટ ગ્રાન્ટ તેમજ શિબિર ગ્રાન્ટના હિસાબો સંબંધિત કોલેજ પાસેથી નિયમિત મેળવી લેવા સૂચન છે. સરકાર પાસેથી આ અંગેની ગ્રાન્ટ કૉલેજોને નિયમિત મોકલવામાં આવે તેવી આ સભાની ભલામણ છે. કૉલેજોને ૧૯૯૫-૯૬ના વર્ષની પ્રોજેક્ટ ગ્રાન્ટ પણ હજી આપવામાં આવી નથી જે પ્રવૃત્તિઓ માટે બાધક રૂપ છે. તાત્કાલિક આ ગ્રાન્ટ કૉલેજોને ચૂકવી આપવા આ સભા ભલામણ કરે છે.

**સરકારી ઑડિટ હેવાલ અને આંતરિક ઑડિટ હેવાલ :**

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ (૨)માં સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં સિન્ડિકેટ દ્વારા છેલ્લાં પાંચ વર્ષના ઑડિટ થયેલા હિસાબો તથા તેનો ઑડિટ હેવાલ, જેની વિગતો નીચે જણાવી છે, તે યુનિવર્સિટીની કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી. તથા તે અંગેનો કોઇ દુરસ્ત રિપોર્ટ જે તે સત્તાવાળાઓને મોકલવો જોઈએ તે મોકલવામાં આવ્યો નથી. યુનિવર્સિટીના હિસાબો અંગે સરકારી ઑડિટ હેવાલની આવી ઉપેક્ષા થાય તે અતિ ગંભીર બાબત ગણાય. આવા કોર્ટ સમક્ષ નહીં મૂકવામાં આવેલ હિસાબો અને ઑડિટ રિપોર્ટ હવે પછીની સભા સમક્ષ રજૂ થાય તેવી વ્યવસ્થા કરવા ભલામણ છે.

| ક્રમ | હિસાબી વર્ષ |
|---|---|
| ૧ | ૧૯૮૯-૯૦ |
| ૨ | ૧૯૯૦-૯૧ |
| ૩ | ૧૯૯૧-૯૨ |
| ૪ | ૧૯૯૨-૯૩ |
| ૫ | ૧૯૯૩-૯૪ |

વધુમાં યુનિવર્સિટીના આંતરિક ઑડિટના હેવાલ બાબતમાં જણાવવાનું કે, યુનિવર્સિટીના આંતરિક ઑડિટર મે. લાખિયા ઍન્ડ કંપની તરફથી ૧૯૯૪-૯૫ના વર્ષનો હેવાલ તા. ૧-૭-૧૯૯૬ની આસપાસ મળ્યો છે, જેમાં દર્શાવેલ અનિયમિતતાઓ અંગે જે નોંધ મૂકવામાં આવી છે. જેની પૂર્તતા કરવાનું સૂચન કરવામાં આવે છે.

૧૯૯૫-૯૬ના વર્ષનો હેવાલ મળી શકેલ નથી. આથી તેની ચકાસણી કરી શકાઈ નથી. આ હેવાલ તાકીદે મેળવી લેવાનું રાખવું.

**વહીવટી બાબત :**

અહેવાલવાળા વર્ષમાં યુનિવર્સિટીનો વહીવટ સારી રીતે ચાલે તે માટે મુખ્ય અને મહત્ત્વની ખાલી રહેલી નીચે મુજબની જગ્યાઓ તાકીદે પૂરાય તેવી ઘટતી કાર્યવાહી હાથ ધરાય તો યુનિવર્સિટીના વહીવટી કાર્યમાં સરળતા પ્રાપ્ત થાય અને વહીવટ સરળ બને.

| ક્રમ | ખાલી જગ્યાનું નામ |
|---|---|
| ૧ | પ્રેસ મૅનેજર |
| ૨ | યુનિવર્સિટી એન્જિનિયર |
| ૩ | મદદનીશ કુલસચિવ |
| ૪ | ડેવલપમેન્ટ ઑફિસર |
| ૫ | ચીફ એકાઉન્ટ્સ ઑફિસર |
| ૬ | ડાયરેક્ટર યુથ વેલ્ફેર |

વધુમાં, યુનિવર્સિટીમાં આજે અંદાજે ૧૨૨ (એકસો બાવીસ) જેટલી આનુષંગિક જગ્યાઓ ખાલી પડી છે, તે પણ યુનિવર્સિટીના વહીવટ પર સીધી જ વિપરીત અસરકર્તા છે, તે ધ્યાનમાં રાખીને આ જગ્યાઓ પણ તાકીદે પૂરવા માટે ભલામણ છે. આની બીજી વિપરીત અસર હિસાબી કામગીરી પર થાય છે. હિસાબો નિયમિત રીતે અને સમયસર તૈયાર થતા નથી અને આ બાબત ગંભીરરૂપ ધારણ કરે તેવી ભીતિ વર્તાય છે. તે તરફ ધ્યાન દોરીને ઘટતી કાર્યવાહી કરવા ભલામણ છે.

જનરલ :

નીચેની વિવિધ આવકો અંગે વિદ્યાર્થી-સંખ્યા અને આવેલ ફીની આવકની રકમનું જે તે વિભાગ દ્વારા મેળવણું કરવામાં આવતું નથી તે બરાબર નથી. આથી તેની મેળવણી થાય તે ખૂબ જ જરૂરી છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | એનરોલમેન્ટ ફી |
| ૨ | સ્પોર્ટ ફી |
| ૩ | યુવક કલ્યાણ પ્રવૃત્તિ ફી |
| ૪ | પરીક્ષા ફી |
| ૫ | રિચેકિંગ અને રીએસેસમેન્ટ ફી |
| ૬ | ભવનોની ટ્યુશન ફી |
| ૭ | પ્રકાશનોની સ્ટોક મેળવણી. |

ઉપરોક્ત તમામ ફી માત્ર બેંન્ક ડ્રાફ્ટથી જ સ્વીકારવી તેવું આ સભા સૂચન કરે છે.

યુનિવર્સિટીના તમામ વિભાગો અને એકાઉન્ટ્સ વિભાગ સાથે યોગ્ય સંકલનનો અભાવ છે તે પણ દુઃખદ બાબત છે.

ઘણાં વર્ષોથી વિવિધ એકાઉન્ટ્સ સેટલ કરેલ નથી, જે માટે તાત્કાલિક ખાનગી એજન્સીને કામ સોંપી બેકલોગનું નીરાકરણ કરવાનું આ સભા સૂચન કરે છે.

યુનિવર્સિટીના હિસાબો તથા અન્ય તમામ કામગીરીનું કોમ્પ્યુટરાઈઝેશન થાય તે જરૂરી છે.

અમો આ તબક્કે અમારી કામગીરીમાં સાથસહકાર પૂરો પાડીને જે માહિતી તથા માર્ગદર્શન આપ્યા તે બદલ યુનિવર્સિટી કાર્યાલયના સ્ટાફનો તેમજ કાર્યકારી ચીફ એકાઉન્ટ્સ ઑફિસર શ્રી યુ. જે. ત્રીવેદી અને રજિસ્ટ્રારશ્રી એમ. પી. જરિયા સાહેબનો આભાર માનીએ છીએ.

પ્રિ. સૌરભભાઈ ચોક્સી
(અધ્યક્ષશ્રી)
પ્રિ. પી. સી. ઉપાધ્યાય
પ્રો. જે. એસ. પ્રજાપતિ



## પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૬

**(અ) નવો ઘડેલ ઑર્ડિનન્સ :**

**O. 120-N :**

1. An affiliated college shall not change its name without prior permission of the University.
2. The Executive Council may accord permission to an affiliated college to change its name, subject to the following rules and procedure :
   (a) An appplication for permission in prescribed form together with a fee of Rs. 1,000 shall be sumbitted to the University.
   (b) The college shall submit the certificate that the donor has given the donation without any condition (regarding admission-such as donor's seats etc.) except for the name of the college.
   (Executive Council Item No. 28, dt. 21-12-1994)

**Edu. O. 1A :**

A candidate pursuing B.Ed. Course will be required to register himself and pay a fee of Rs. 100 in prescribed from for this purpose.

Exe. Cou. Date : 12-2-1997 Item No. 2(25).

**(બ) સુધારવામાં આવેલા ઑર્ડિનન્સ :**

(Executive Council dt. 17-6-1994, Item No. 7)

| પ્રવર્તમાન ઑર્ડિનન્સ | સુધારા બાદ અસ્તિત્વમાં આવતા ઑર્ડિનન્સ |
|---|---|
| **O. 62-D :** | **O. 62-D :** |
| 1. A committee consisting of the Vice-Chancellor only be authorised to sanction all expenditure pertaining to the University including the building work upto Rs. 2,000 (upto Rs. 2,500 on the recommendation of one member of the finance committee to be nominated by the Vice-Chancellor) without inviting tenders and upto Rs. 10,000 after inviting tenders or quotations. | 1. A committee consisting of the Vice-Chancellor only be authorised to sanction all expenditure pertaining to the University including the building work upto Rs. 5,000 (upto Rs. 2,500 on the recommendation of one member of the finance committee to be nominated by the Vice-Chancellor) without inviting tenders and upto Rs. 15,000 after inviting tenders or quotations. |
| However, in case of purchases from Government Agencies or institutions such as Atomic Energy Commission, National Laboratories etc. The Vice-Chancellor may sanction expenditure upto Rs. 5,000 without inviting tenders or quotations but a certificate to this effect shall be recorded in writing. (Ex. C. dtd. 27-5-1978, Item No. 18) | However, in case of purchases from Government Agencies or institutions such as Atomic Energy Commission, National Laboratories etc. The Vice-Chancellor may sanction expenditure upto Rs. 10,000 without inviting tenders or quotations but a certificate to this effect shall be recorded in writing. |
| 2. A committee consisting of the Registrar only be authorised to section all expenditure upto Rs. 200 without inviting tenders and upto Rs. 1,000 after inviting tenders or quotations. | 2. A committee consisting of the Registrar only be authorised to section all expenditure upto Rs. 500 without inviting tenders and upto Rs. 2,000 after inviting tenders and upto Rs. 15,000 after inviting tenders or quotations |
| 3. A committee consisting of the Controller of Examinations only to sanction all expenditure pertaining to the conduct of the examination upto Rs. 150 without inviting tenders upto Rs. 750 after inviting tenders or quotations. | 3. A committee consisting of the Controller of Examinations only to sanction all expenditure pertaining to the conduct of the examination upto Rs. 300/- without inviting tenders or quotations |

| પ્રવર્તમાન ઓર્ડિનન્સ | સુધારા બાદ અસ્તિત્વમાં આવતા ઓર્ડિનન્સ |
|---|---|
| O. 62-D : | O. 62-D : |
| 4. A committee consisting of the Deputy Registrar (Academic) only to sanction all expenditure pertaining to the post-graduate work upto Rs. 100 without inviting tenders and upto Rs. 500 after inviting tenders or quotations. | 4. A committee consisting of the Deputy Registrar (Academic) only to sanction all expenditure pertaining to the post-graduate work upto Rs. 300 without inviting tenders and upto Rs. 1,500 after inviting tenders or quotations. |
| 5. A committee consisting of the Development Officer only to sanction all expenditure other than that shown at (3) and (4) above upto Rs. 100 without inviting tenders and upto Rs. 500 after inviting tenders or quotations. | 5. A committee consisting of the Development Officer only to sanction all expenditure other than that shown at (3) and (4) above upto Rs. 300 without inviting tenders and upto Rs. 1,500 after inviting tenders or quotations. |
| 6. A committee consisting of the Chief Accounts Officer only to sanction all expenditure other than (1) conduct of the Examination and (2) Post-graduate works, upto Rs. 100 without inviting tenders and upto Rs. 500 after inviting tenders or quotations (Ex. 5/6-7-80, Item No. 52). | 6. A committee consisting of the Chief Accounts Officer only to sanction all expenditure other than (1) conduct of the Examination and (2) Post-graduate works, upto Rs. 300 without inviting tenders and upto Rs. 1,500 after inviting tenders or quotations. |
| 7. A committee consisting of the Head of the Science Department to sanction all normal expenditure pertaining to his Department for Laboratory equipments and chemicals required by it upto Rs. 100 without inviting tenders and upto Rs. 500 after inviting tenders or quotations. | 7. A committee consisting of the Head of the Science Department to sanction all normal expenditure pertaining to his Department for Laboratory equipments and chemicals required by it upto Rs. 300 without inviting tenders and upto Rs. 1,500 after inviting tenders or quotations. |
| 8. A committee consisting of the Director of the University School concerned to sanction all normal expenditure of his school upto Rs. 200 without inviting tenders and upto Rs. 1,000 after inviting tenders or quotations. | 8. A committee consisting of the Director of the University School concerned to sanction all normal expenditure of his school upto Rs. 500 without inviting tenders and upto Rs. 2,000 after inviting tenders or quotations. |
| However, in case of purchases from Government Agencies or institutions such as Atomic Energy Commission, National Laboratories etc. the Director may sanction expenditure upto Rs. 2,000 without inviting tenders or quotations but a certificate to this effect shall be recorded in writing. | However, in case of purchases from Government Agencies or institutions such as Atomic Energy Commission, National Laboratories etc. the Director may sanction expenditure upto Rs. 5,000 without inviting tenders or quotations but a certificate to this effect shall be recorded in writing. |
| In case of reprints of the research papers the Director may sanction expenditure upto Rs. 500 without inviting tenders or quotations. | In case of reprints of the research papers the Director may sanction expenditure upto Rs. 500 without inviting tenders or quotations. |



| પ્રવર્તમાન ઓર્ડિનન્સ | સુધારા બાદ અસ્તિત્વમાં આવતા ઓર્ડિનન્સ |
|---|---|
| O. 62-D : | O. 62-D : |
| 9. A committee consisting of the Librarian only to sanction all normal expenditure pertaining to the library upto Rs. 100 without inviting tenders and upto Rs. 500 after inviting tenders or quotations. | 9. A committee consisting of the Librarian only to sanction all normal expenditure pertaining to the library upto Rs. 300 without inviting tenders and upto Rs. 1,000/- after inviting tenders or quotations. |
| 10. A committee consisting of the Press-Manager only to sanction all normal expenditure pertaining to the Press upto Rs. 50 without inviting tenders and upto Rs. 200 after inviting tenders or quotations. | 10. A committee consisting of the Press-Manager only to sanction all normal expenditure pertaining to the Press upto Rs. 200 without inviting tenders and upto Rs. 500 after inviting tenders or quotations. |
પ્રશ્ન ૬૭ : યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૧૧) અન્વયે નિયુક્ત થયેલ સભ્યોની પેન્શન પગારની ગણતરીનાં વર્ષોમાં તેમની કયા પ્રકારની નોકરીનાં વર્ષો ગણતરીમાં લેવામાં આવ્યાં ?

ઉત્તર ૬૭ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર નિયુક્ત સભ્યો પૈકી ડૉ. એમ. એન. દેસાઈના પેન્શન પગારની ગણતરીમાં તેઓની અગાઉની શૈક્ષણિક નોકરીના વર્ષો ગણતરીમાં લેવામાં આવ્યા છે. જ્યારે અન્ય એક સભ્યની તેમની સંસ્થામાંથી પત્રથી માહિતી મંગાવવામાં આવેલી છે.



પ્રશ્ન ૬૮ : પ્રશ્ન ક્રમાંક ૬૫ મુજબ કુલાધિપતિશ્રીને માહિતી મોકલતી વખતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ઉપર નિયુક્તિ થયેલ સભ્યો શિક્ષક હતા તે વાત સાચી છે ?

ઉત્તર ૬૮ : પ્રશ્ન ક્રમાંક ૬૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૯ : જો ના, તો તેના કારણો આપશો.

ઉત્તર ૬૯ : પ્રશ્ન ક્રમાંક ૬૫નો ઉત્તર જોવા વિનંતી છે.

[ ૨ ] પ્રિ. ભાસ્કર પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે :

પ્રશ્ન ૭૦ : હાલ યુનિવર્સિટીમાં કુલ કેટલી બિનશિક્ષકવર્ગની ખાલી જગ્યાઓ છે ?

ઉત્તર ૭૦ : કુલ ૧૨૨ બિનશિક્ષકવર્ગની જગ્યાઓ ખાલી છે.

પ્રશ્ન ૭૧ : શું એ વાત સાચી છે કે યુનિવર્સિટીમાં બિનશિક્ષકની ખાલી જગ્યા ભરવા માટે રાજ્ય સરકારની મંજૂરી મેળવવી આવશ્યક છે ?

ઉત્તર ૭૧ : હા, જી.

પ્રશ્ન ૭૨ : છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન કુલ કેટલી નવી કૉલેજોને યુનિવર્સિટી દ્વારા જોડાણ આપવામાં આવ્યું ?

ઉત્તર ૭૨ : છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન કુલ ૧૬ નવી કૉલેજોને જોડાણ આપવામાં આવ્યું.

પ્રશ્ન ૭૩ : યુનિવર્સિટી છાત્રાલય, એચ. કે. પ્રોફેશનલ સેન્ટર, ડેવલપમેન્ટ કૉમ્યુનિકેશન સેન્ટર, આઈ.એ.એસ. સેન્ટરમાં ડાયરેક્ટરની જગ્યાએ માનદ શા માટે નીમવામાં આવે છે ?

ઉત્તર ૭૩ : મૂળ મંજૂર થયેલ યોજના તેમ જ તે સંદર્ભમાં મંજૂર થયેલ બજેટ અનુસાર માનદ ડાયરેક્ટર નીમવામાં આવે છે.

પ્રશ્ન ૭૪ : યુનિવર્સિટીએ નિયત કરેલ એડવોકેટ કોણ છે ?

ઉત્તર ૭૪ : ચોક્કસ એડવોકેટ નિયુક્ત કરવામાં આવતા નથી. કેસની વિગતોના આધારે એડવોકેટની નિયુક્તિ કરવામાં આવે છે.

પ્રશ્ન ૭૫ : તેઓને શું મહેનતાણું ચૂકવાય છે ?

ઉત્તર ૭૫ : એડવોકેટને મહેનતાણું ચૂકવવામાં આવતું નથી પરંતુ કેસની ફી ચૂકવવામાં આવે છે.

પ્રશ્ન ૭૬ : છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન યુનિવર્સિટી પરીક્ષા ફીની આવક તથા પરીક્ષા ખર્ચની વિગતો આપશો.

ઉત્તર ૭૬ :

| ક્રમ | વર્ષ | આવક રૂ. | ખર્ચ રૂ. |
|---|---|---|---|
| (૧) | ૧૯૯૩-૯૪ | ૧,૨૭,૧૧,૧૩૧ | ૧,૪૧,૫૪,૬૮૮ |
| (૨) | ૧૯૯૪-૯૫ | ૧,૪૯,૬૬,૫૬૭ | ૧,૯૨,૯૮,૩૦૬ |
| (૩) | ૧૯૯૫-૯૬ | ૧,૬૧,૪૫,૩૩૭ | ૨,૦૪,૨૭,૫૩૫ |

પ્રશ્ન ૭૭ : શું એ હકીકત સાચી છે કે યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં આયુર્વેદિક ડૉક્ટરની સેવા નથી મળતી ?

ઉત્તર ૭૭ : હા, જી.

પ્રશ્ન ૭૮ : કાર્યકારી કુલસચિવશ્રી મનીષભાઈ શાહે યુનિવર્સિટી સેવામાંથી કઈ તારીખે રાજીનામું આપ્યું ?

ઉત્તર ૭૮ : તા. ૨૦-૭-૧૯૯૫.

પ્રશ્ન ૭૯ : યુનિવર્સિટી પાસે હાલ કુલ કેટલી જમીન છે ?

ઉત્તર ૭૯ : યુનિવર્સિટી પાસે હાલ કુલ ૨૬૦ એકર જમીન છે.

પ્રશ્ન ૮૦ : આ જમીન ઉપર બાહ્ય દબાણ ન થાય તે માટે યુનિવર્સિટી સલામતી માટે કેવાં પગલાં લેવા ઇચ્છે છે ?

ઉત્તર ૮૦ : વારંવાર સિક્યોરિટી મારફત ચેકિંગ કરાવવામાં આવે છે.

પ્રશ્ન ૮૧ : યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજને સ્થળાંતર કરવાની પરવાનગી આપવામાં આવે છે ?

ઉત્તર ૮૧ : હા, જી.

પ્રશ્ન ૮૨ : જો હા, તો સત્રના અંતે કે / એકેડેમિક વરસના અંતે ?

ઉત્તર ૮૨ : ઑર્ડિ. ૧૨૦ની જોગવાઈને આધીન મંજૂરી અપાય છે.

પ્રશ્ન ૮૩ : આઠમી પંચવર્ષીય યોજના દરમિયાન યુનિવર્સિટીને કેટલું અનુદાન મળ્યું હતું ?

ઉત્તર ૮૩ : રૂ.૪૨ લાખનું અનુદાન મળેલ છે.

પ્રશ્ન ૮૪ : કઈ કઈ પ્રવૃત્તિ માટે ?

ઉત્તર ૮૪ : યુનિવર્સિટીના વૈજ્ઞાનિક સાધનસામગ્રી, પુસ્તકો તેમ જ કેમ્પસ ડેવલપમેન્ટ માટે અનુદાન મળેલ છે.

પ્રશ્ન ૮૫ : મહેમદાવાદની બી.પી.એડ. કૉલેજ માટેની સ્થાનિક તપાસસમિતિ છેલ્લી ક્યારે ગઈ ?

ઉત્તર ૮૫ : તા. ૧૦–૨–૧૯૯૭ના રોજ સ્થાનિક તપાસસમિતિ મુલાકાત માટે ગઈ હતી.

પ્રશ્ન ૮૬ : સ્થાનિક તપાસસમિતિમાં કોઈ ક્ષતિ માલૂમ પડી ?

ઉત્તર ૮૬ : સ્થાનિક તપાસસમિતિનો હેવાલ હજુ ઉપલબ્ધ થયો નથી.

પ્રશ્ન ૮૭ : બી.પી.એડ. કૉલેજે ચાલુ વરસે કુલ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો ?

ઉત્તર ૮૭ : ૧૨૫ વિદ્યાર્થીઓને.

પ્રશ્ન ૮૮ : આર્ટ્સ, કોમર્સ, સાયન્સના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને એનરોલમેન્ટની ફી કેટલી લેવામાં આવે છે ?

ઉત્તર ૮૮ : રૂ. ૨૫-૦૦ એનરોલમેન્ટ ફી લેવામાં આવે છે.

પ્રશ્ન ૮૯ : બી.પી.એડ.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પાસેથી કેટલી એનરોલમેન્ટ ફી લેવામાં આવે છે ?

ઉત્તર ૮૯ : રૂ. ૫૦-૦૦ એનરોલમેન્ટ ફી લેવામાં આવે છે.

પ્રશ્ન ૯૦ : શું એ હકીકત સાચી છે કે મહેમદાવાદની બી.પી.એડ. કૉલેજ વિદ્યાર્થીઓ પાસેથી ફી ઉપરાંત અન્ય પ્રકારની ડિપોઝિટ લે છે ?

ઉત્તર ૯૦ : હા, જી.

પ્રશ્ન ૯૧ : જો હા, તો કયા પ્રકારની અને કેટલી ડિપોઝિટ લે છે ?

ઉત્તર ૯૧ : કૉલેજ અનામત ફી રૂ. ૨૦૦ લેવામાં આવે છે.

પ્રશ્ન ૯૨ : શું એ હકીકત સાચી છે, યુનિવર્સિટી સાથે જોડાયેલ આંબાવાડી વિસ્તારમાં આવેલ એક કૉલેજના આચાર્ય પોતે ટ્યુશન કોચિંગ ક્લાસ ચલાવે છે, તેવા સમાચાર લોકપ્રિય દૈનિકમાં પ્રસિદ્ધ થયા છે, તે હકીકત સાચી છે કે ખોટી ?

ઉત્તર ૯૨ : આ પ્રકારના સમાચાર પ્રસિદ્ધ થયેલ હતા.

પ્રશ્ન ૯૩ : કૉલેજોને વિષયોમાં જોડાણ આપવામાં એકેડેમિક / એક્ઝિક્યુટિવ કાઉન્સિલ જે શરતો મૂકે તેના પરિપાલનની ખાતરી કરવામાં આવે છે ?

ઉત્તર ૯૩ : હા, જી.

પ્રશ્ન ૯૪ : છેલ્લાં ત્રણ વર્ષમાં સંલગ્ન કઈ કઈ કૉલેજોએ પરીક્ષા ફી/રમતગમત ફી/વેલફેર ફી ઓછી અથવા બિલકુલ ભરપાઈ કરી નથી ?

ઉત્તર ૯૪ : પ્રશ્નનો વ્યાપ જોતાં માંગેલી માહિતી આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૯૫ : કૉલેજોની ઉપરોક્ત ફી યુનિવર્સિટીમાં જમા થઈ છે કે કેમ તેની ચકાસણી યુનિવર્સિટી કરે છે ?

ઉત્તર ૯૫ : હા, જી.

પ્રશ્ન ૯૬ : કૉમ્પ્યુટર સેન્ટરના ડિરેક્ટર કોણ છે ?

ઉત્તર ૯૬ : શ્રી આર. પી. સોની.

પ્રશ્ન ૯૭ : તેઓ ડિરેક્ટર તરીકે લાયકાત ધરાવે છે કે નહીં ?

ઉત્તર ૯૭ : યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની "રિપ્લેસમેન્ટની યોજના" અન્વયે તેઓની ડાયરેક્ટર તરીકેની નિમણૂક હોવાથી ઉપરોક્ત પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૯૮ : ડિરેક્ટર તરીકેની લાયકાતનાં ધોરણો શું છે ?

ઉત્તર ૯૮ : પ્રશ્ન ૯૭નો ઉત્તર જોવા વિનંતી.



પ્રશ્ન ૯૯ : શું એ હકીકત સાચી છે કે યુનિવર્સિટી એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરમાં ૩૬ દિવસથી કર્મચારીઓ સહી કરી ફરજ બજાવી ન હતી, તે માટે યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યે ધરણાં કર્યાં હતાં ?

ઉત્તર ૯૯ : હા, જી.

પ્રશ્ન ૧૦૦ : આ ૩૬ દિવસ કામ નહીં તો પગાર નહીં અથવા જે તે રજાઓ યુનિવર્સિટી જે તે કર્મચારીની જમા રજાઓમાંથી બાદ કરવા માંગે છે ?

ઉત્તર ૧૦૦ : હા, જી. તે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૩૦–૫–૧૯૯૬ના ઠરાવને આધીન છે.

પ્રશ્ન ૧૦૧ : શું એ હકીકત સાચી છે કે યુનિવર્સિટી પ્રો.વી.સી. શ્રી મહેતા સાહેબે યુનિવર્સિટી ગાડી ઉપર નિયત ડ્રાઈવર સિવાય વોચમેન પાસે ડ્રાઈવિંગ અંગેની સેવાઓ લીધી છે?

ઉત્તર ૧૦૧ : જ્યારે અનિવાર્ય સંજોગો ઊભા થયા ત્યારે ડ્રાઈવિંગ જાણનાર વોચમેનની ઉચિત સેવાઓ લીધી છે.

પ્રશ્ન ૧૦૨ : જો હા, તો તેઓને શું વેતન ચૂકવવામાં આવેલ છે ?

ઉત્તર ૧૦૨ : ઉત્તર ૧૦૧ જોતાં વેતન ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**[ ૩ ] શ્રી બિન્દુ આર. ચોધારીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે :**

પ્રશ્ન ૧૦૩ : કાયદા વિદ્યાશાખાનો અભ્યાસક્રમ (સનદ મેળવવા માટેનો) કુલ કેટલાં વર્ષનો છે ?

ઉત્તર ૧૦૩ : ત્રણ વર્ષનો.

પ્રશ્ન ૧૦૪ : આ અભ્યાસક્રમ અગાઉ કેટલાં વર્ષનો હતો ?

ઉત્તર ૧૦૪ : ઉત્તર ૧૦૩ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૦૫ : જો ત્રણ વર્ષનો હતો તો ચોથું વર્ષ ક્યારથી ઉમેરવામાં આવ્યું ?

ઉત્તર ૧૦૫ : ઉત્તર ૧૦૩ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૦૬ : આ વધારાનું વર્ષ ઉમેરવા કયાં કારણ હતાં, તેનો તર્ક શો છે ?

ઉત્તર ૧૦૬ : ઉત્તર ૧૦૩ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૦૭ : ગુજરાત યુનિવર્સિટીમાં ઉમેરવા માટે કયાં કારણો છે ?

ઉત્તર ૧૦૭ : ઉત્તર ૧૦૩ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૦૮ : ગુજરાત યુનિવર્સિટીમાં એલએલ.બી.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવાની લાયકાત શી છે ?

ઉત્તર ૧૦૮ : કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક.

પ્રશ્ન ૧૦૯ : જો 'હા' હોય તો ગુજરાત યુનિવર્સિટીમાં ધો. ૧૨ પાસ કર્યા પછી એલએલ.બી.ના અભ્યાસ માટે પ્રવેશ કેમ આપવામાં આવતો નથી ?

ઉત્તર ૧૦૯ : ઉત્તર ૧૦૮ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૧૦ : ગુજરાત યુનિવર્સિટીના કાયદાશાખાના વિદ્યાર્થીને ધો. ૧૨ પાસ કર્યા પછી સનદ મેળવવા માટે બીજા સાત વર્ષનો અભ્યાસ કરવો પડે છે, તો શું ભારતની બીજી બધી યુનિવર્સિટીમાં કાયદા શાખાનો અભ્યાસક્રમ સનદ મેળવવા માટે કેટલાં વર્ષનો છે ?

ઉત્તર ૧૧૦ : ઉત્તર ૧૦૮ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૧૧ : ગુજરાત યુનિવર્સિટીએ કાયદા શાખાનો સિલેબસ છેલ્લો ક્યારે છાપ્યો છે ?

ઉત્તર ૧૧૧ : નવેમ્બર, ૧૯૯૨માં.

પ્રશ્ન ૧૧૨ : જો કાયદા શાખાનો સિલેબસ છાપ્યો હોય તો તે કેટલી સંખ્યામાં છાપ્યો છે ?

ઉત્તર ૧૧૨ : ૬૫૦ નકલો.

પ્રશ્ન ૧૧૩ : દર છ મહિને સેમેસ્ટર પ્રમાણે લેવાતી કાયદાશાખાની પરીક્ષાનાં પ્રશ્નપત્રો (પેપરસેટ)ની નકલો જે યુનિવર્સિટીમાં જમા કરવામાં આવે છે તે વિદ્યાર્થીઓને હાલમાં વેચાણથી શા માટે આપવામાં આવતી નથી ?

ઉત્તર ૧૧૩ : શક્ય તે રીતે પેપરસેટ ઉપલબ્ધ કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૧૪ : તો તેના માટે યુનિવર્સિટીએ શી વ્યવસ્થા વિચારી છે ?
ઉત્તર ૧૧૪ : ઉત્તર ૧૧૩ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૧૫ : શું એલએલ.બી.ની તારીખો નક્કી કરતી વખતે લૉ-ફેકલ્ટીના ડીન સાહેબનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો ?
ઉત્તર ૧૧૫ : હા, જી.

પ્રશ્ન ૧૧૬ : શું એલએલ.બી. અને એલએલ.એમ.ની પરીક્ષાની તારીખો નક્કી કરતી વખતે લૉ-ફેકલ્ટીના વિદ્યાર્થી સેનેટરના પ્રતિનિધિનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો ?
ઉત્તર ૧૧૬ : પ્રણાલિકા નથી.

પ્રશ્ન ૧૧૭ : જો ના હોય તો કેમ ?
ઉત્તર ૧૧૭ : ઉત્તર ૧૧૬ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૧૮ : જો લૉ ફેકલ્ટીના ડીન સાહેબ અને લૉ ફેકલ્ટીના વિદ્યાર્થી સેનેટના પ્રતિનિધિઓનો અભિપ્રાય લેવામાં આવ્યો હોય તો તે શો હતો ?
ઉત્તર ૧૧૮ : ઉત્તર ૧૧૬ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૧૯ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન લૉ-કૉલેજોમાં હાલમાં કેટલા પ્રોફેસર ફૂલ ટાઈમ (પરમેનન્ટ) છે ?
ઉત્તર ૧૧૯ : તા. ૧૫-૩-૧૯૯૭ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતીના આધારે ૨૧ કાયમી શિક્ષકો છે.

પ્રશ્ન ૧૨૦ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન લૉ કૉલેજોમાં હાલમાં કેટલા પ્રોફેસર પાર્ટ ટાઈમ લેક્ચરર તરીકે છે ?
ઉત્તર ૧૨૦ : તા. ૧૫-૩-૧૯૯૭ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતીના આધારે ૬૯ ખંડ સમયના શિક્ષકો છે.

પ્રશ્ન ૧૨૧ : એલએલ.બી.ના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીએ પાસ થવા માટે દરેક વિષયમાં કેટલા ગુણ લાવવા પડે છે ?
ઉત્તર ૧૨૧ : વિષયમાં ઓછામાં ઓછા ૩૩ ગુણ અને સરેરાશ પરીક્ષા પાસ થવા માટે ૫૦ ટકા ગુણ આવશ્યક છે.

પ્રશ્ન ૧૨૨ : એલએલ.બી.ના અભ્યાસક્રમમાં કોઈ વિદ્યાર્થી કોઈ વિષયમાં એક્ઝામ્પ્શન લેવા માગતો હોય તો તેને તે વિષયમાં કેટલા ગુણ લાવવા પડે છે ?
ઉત્તર ૧૨૨ : ૫૦ ટકા ગુણ.

પ્રશ્ન ૧૨૩ : ૧૯૯૫-૯૬ના વર્ષમાં રી-ચેકિંગ કરાવનાર વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હતી ?
ઉત્તર ૧૨૩ : ૨૦૬૪૨ની સંખ્યા હતી.

પ્રશ્ન ૧૨૪ : રી-ચેકિંગની ફી કેટલા રૂપિયા લેવામાં આવે છે ?
ઉત્તર ૧૨૪ : પેપર દીઠ રૂ. ૧૫.

પ્રશ્ન ૧૨૫ : રી-ચેકિંગના ફૉર્મની કિંમત કેટલી લેવામાં આવે છે ?
ઉત્તર ૧૨૫ : રૂ. ૨.

પ્રશ્ન ૧૨૬ : રી-એસેસમેન્ટની ૧૯૯૫-૯૬ના વર્ષમાં કેટલી અરજી વિદ્યાર્થીઓ તરફથી કરવામાં આવી હતી ?
ઉત્તર ૧૨૬ : ૫૯૬૮.

પ્રશ્ન ૧૨૭ : રી-એસેસમેન્ટની ફી કેટલા રૂપિયા લેવામાં આવે છે ?
ઉત્તર ૧૨૭ : રૂ. ૧૦૦ એક પેપર દીઠ.

પ્રશ્ન ૧૨૮ : રી-એસેસમેન્ટના ફોર્મની કિંમત કેટલા રૂપિયા છે ?
ઉત્તર ૧૨૮ : રૂ. ૧૦.

પ્રશ્ન ૧૨૯ : ૧૯૯૫-૯૬માં રી-ચેકિંગ કરાવનાર વિદ્યાર્થીઓને પ્રત્યુત્તર મોકલવા દેવામાં આવ્યા છે ?
ઉત્તર ૧૨૯ : હા, જી.

પ્રશ્ન ૧૩૦ : આ રી-ચેકિંગના અંતે કેટલા વિદ્યાર્થીઓનાં પરિણામ સુધાર્યાં છે ?
ઉત્તર ૧૩૦ : ૧૨૫ પરિણામ સુધર્યાં.



પ્રશ્ન ૧૩૧ : ૧૯૯૫-૯૬ના વર્ષનું રી-એસેસમેન્ટનું કાર્ય પૂરું થઈ ગયું છે ?
ઉત્તર ૧૩૧ : હા, જી.

પ્રશ્ન ૧૩૨ : રી-એસેસમેન્ટના અંતે તમામ વિદ્યાશાખામાં કેટલા વિદ્યાર્થીઓનાં પરિણામ સુધર્યાં છે ?
ઉત્તર ૧૩૨ : ૨૮૬ પરિણામ સુધર્યાં.

પ્રશ્ન ૧૩૩ : રી-એસેસમેન્ટમાં પરિણામ સુધરવાને કારણે સેકન્ડ એલએલ.બી.માં પાસ થઈને થર્ડ એલએલ.બી.માં પ્રવેશ મેળવ્યો હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે ?
ઉત્તર ૧૩૩ : એક વિદ્યાર્થી.

પ્રશ્ન ૧૩૪ : જો રી-એસેસમેન્ટનું પરિણામ દ્વિતીય સત્રમાં સુધર્યું હોય તો આ વિદ્યાર્થીઓની હાજરીનું શું ?
ઉત્તર ૧૩૪ : તેવી હાજરી કોન્ડોન કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૩૫ : ગુજરાત યુનિવર્સિટી તરફથી આવા રી-એસેસમેન્ટમાં પાસ થયેલા કેટલા વિદ્યાર્થીઓની હાજરી ટર્મ મંજૂર કરવામાં આવી છે ?
ઉત્તર ૧૩૫ : એક વિદ્યાર્થીની હાજરી થઈ એલએલ.બી.માં મંજૂર કરવામાં આવી છે.

પ્રશ્ન ૧૩૬ : રી-એસેસમેન્ટમાં વિદ્યાર્થીનાં પરિણામમાં સુધારણા માટેનું ધોરણ શું નક્કી કરવામાં આવ્યું છે ?
ઉત્તર ૧૩૬ : હા, જી.

પ્રશ્ન ૧૩૭ : આ ધોરણ સુધારવાની કોઈ વિચારણા યુનિવર્સિટી કરે છે ?
ઉત્તર ૧૩૭ : ના, જી.

પ્રશ્ન ૧૩૮ : રી-એસેસમેન્ટમાં પરિણામ સુધારણા માટે યુનિવર્સિટીએ જે ટકાનો તફાવત નક્કી કર્યો છે તે કુલ ૧૦૦ ટકા લેખે ગણાવામાં આવે છે કે વિદ્યાર્થીઓએ પહેલાં મેળવેલ માર્ક્સમાં તેટલાં ટકાનો વધારો થાય તો તે મંજૂર રાખવામાં આવે છે કે કેમ ?
ઉત્તર ૧૩૮ : નિયમ મુજબ ઉત્તરવહીઓનું પુનર્મૂલ્યાંકન કરતાં વિષયના કુલ ગુણાંકમાં ૧૫ ટકા ફેરફાર જણાય તો તેવી ઉત્તરવહીનું વધુ એક વાર મૂલ્યાંકન થાય છે અને જે પરિણામના ગુણ મૂળ પરિણામના ગુણની નજીક હોય તે આખરી ગણી લક્ષ્યમાં લેવામાં આવે છે.

પ્રશ્ન ૧૩૯ : યુનિવર્સિટી બોઇઝ હોસ્ટેલમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ રહી શકે તેમ છે ?
ઉત્તર ૧૩૯ : ૪૩૯.

પ્રશ્ન ૧૪૦ : બોઇઝ હોસ્ટેલમાં કુલ કેટલા રૂમ છે ?
ઉત્તર ૧૪૦ : ૨૫૬.

પ્રશ્ન ૧૪૧ : યુનિવર્સિટી હોસ્ટેલમાં પ્રવેશ આપવા માટે શું વ્યવસ્થા છે ?
ઉત્તર ૧૪૧ : દરેક વિષયમાં ગુણાનુક્રમ મુજબ પ્રવેશ આપવામાં આવે છે.

પ્રશ્ન ૧૪૨ : યુનિવર્સિટી હોસ્ટેલમાં દરેક ફેકલ્ટીના વિદ્યાર્થીઓ માટે કેટલી કેટલી બેઠકો ફાળવવામાં આવી છે ?
ઉત્તર ૧૪૨ : આર્ટ્સ ૨૧૦, સાયન્સ ૧૬૮, કૉમર્સ ૧૬, લૉ ૧૫.

પ્રશ્ન ૧૪૩ : યુનિવર્સિટી હોસ્ટેલમાં લૉ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કેટલી બેઠકો ફાળવવામાં આવી છે ?
ઉત્તર ૧૪૩ : ૧૨.

પ્રશ્ન ૧૪૪ : યુનિવર્સિટી હોસ્ટેલમાં એલએલ.બી.માં અભ્યાસ કરતાં હોય તેવા કેટલા વિદ્યાર્થીઓને આ વર્ષે પ્રવેશ આપવામાં આવ્યો છે ?
ઉત્તર ૧૪૪ : યુનિવર્સિટી છાત્રાલયો અનુસ્નાતક કક્ષાનાં છે તેથી એલએલ.બી.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાતો નથી.

પ્રશ્ન ૧૪૫ : યુનિવર્સિટી હોસ્ટેલમાં આ વર્ષે કઈ ફેકલ્ટીના કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે, તેની સંખ્યા શું છે ?
ઉત્તર ૧૪૫ : ઉત્તર ૧૪૪ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૪૬ : યુનિવર્સિટી હોસ્ટેલની મેસમાં જે ભોજન વિદ્યાર્થીઓને આપવામાં આવે છે, તે ભોજનમાં વિદ્યાર્થીઓના જીવનજરૂરી પૂરતી કેલેરી હોય છે કે કેમ તેની યુનિવર્સિટીના હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા કોઈ વખત તપાસ કરવામાં આવી છે ?

ઉત્તર ૧૪૬ : ના, જી.

પ્રશ્ન ૧૪૭ : જો તપાસ કરવામાં આવી હોય તો તે ક્યારે કરવામાં આવી હતી ?

ઉત્તર ૧૪૭ : ઉત્તર ૧૪૬ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૪૮ : ગુજરાત યુનિવર્સિટીના અગાઉના કુલપતિ સંમક્ષ રજૂઆત કરવામાં આવેલી કે યુનિવર્સિટી હોસ્ટેલના અમુક બ્લોકના સંડાસ-બાથરૂમને બારણાં જ નથી અને અમુક બ્લોકમાં રાતે લાઈટ જ હોતી નથી, તો આ ફરિયાદનો નિકાલ આવ્યો છે કે કેમ ?

ઉત્તર ૧૪૮ : ફરિયાદોનો મહદઅંશે નિકાલ થયેલ છે.

પ્રશ્ન ૧૪૯ : યુનિવર્સિટી હોસ્ટેલમાં બહારના રસ્તેથી અંદર હોસ્ટેલના બ્લોક તરફ જવાના રસ્તામાં કેટલી સ્ટ્રીટ લાઈટ છે ?

ઉત્તર ૧૪૯ : ૧૫ રસ્તા બત્તીના થાંભલા છે.

પ્રશ્ન ૧૫૦ : યુનિવર્સિટી લેડીઝ હોસ્ટેલમાં કુલ કેટલાં રૂમ છે ?

ઉત્તર ૧૫૦ : ૧૨૬.

પ્રશ્ન ૧૫૧ : લેડીઝ હોસ્ટેલમાં કુલ કેટલી વિદ્યાર્થી બહેનો રહી શકે તેમ છે ?

ઉત્તર ૧૫૧ : ૧૯૦.

પ્રશ્ન ૧૫૨ : યુનિવર્સિટી લેડીઝ હોસ્ટેલમાં પ્રવેશ આપવા માટેનું ધોરણ શું નક્કી કરવામાં આવ્યું છે ?

ઉત્તર ૧૫૨ : ગુણાનુક્રમ મુજબ પ્રવેશ આપવામાં આવે છે.

પ્રશ્ન ૧૫૩ : યુનિવર્સિટી લેડીઝ હોસ્ટેલમાં દરેક ફેકલ્ટીને કેટલી શીટ ફાળવવામાં આવે છે ?

ઉત્તર ૧૫૩ : આર્ટ્સ ૧૩૦, સાયન્સ ૪૬, લૉ ૨, એજ્યુકેશન ૨.

પ્રશ્ન ૧૫૪ : હાલમાં આ વર્ષે કેટલી વિદ્યાર્થીબહેનોને હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવ્યો છે ?

ઉત્તર ૧૫૪ : ૧૮૭.

પ્રશ્ન ૧૫૫ : તેમાં કઈ ફેકલ્ટીની કેટલી બહેનોને પ્રવેશ આપેલ છે ?

ઉત્તર ૧૫૫ : ઉત્તર ૧૫૩ જોવા વિનંતી.

**[ ૪ ] પ્રો. આર. સી. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપેલ છે :**

પ્રશ્ન ૧૫૬ : ફેકલ્ટીઓ ક્યાં ક્યાં કાર્યો માટે મીટિંગ બોલાવે છે ?

ઉત્તર ૧૫૬ : ફેકલ્ટીના નિયત થયેલા કાર્યક્ષેત્રમાં આવતાં કાર્યો માટે, જરૂરિયાત પ્રમાણે મીટિંગ બોલાવવામાં આવે છે.

પ્રશ્ન ૧૫૭ : ડીન બિનહરીફ બને તો મીટિંગ કેન્સલ કરી બીજાં કોઈ કાર્યો માટે મલતી નથી તે સાચું છે ?

ઉત્તર ૧૫૭ : ના, જી.

પ્રશ્ન ૧૫૮ : છેલ્લાં ત્રણ કે પાંચ વર્ષથી સાયન્સ ફેકલ્ટી કેટલી વખત મલી ?

ઉત્તર ૧૫૮ : તા. ૬-૧-૧૯૯૭ના રોજ મળી હતી.

પ્રશ્ન ૧૫૯ : કઈ કઈ તારીખે ?

ઉત્તર ૧૫૯ : ઉત્તર ૧૫૮ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૬૦ : સાયન્સના વિષયોમાં અભ્યાસક્રમમાં સુધારા કરવાની જરૂર પડે છે તો તે સુધારા કેવી રીતે રજૂ કરવામાં આવે છે ?

ઉત્તર ૧૬૦ : અભ્યાસસમિતિઓ દ્વારા.

પ્રશ્ન ૧૬૧ : અને કયાં સત્તામંડળોમાં પસાર કરવામાં આવે છે ?

ઉત્તર ૧૬૧ : યુનિવર્સિટી ધારાની જોગવાઈઓ અનુસાર નક્કી કરેલ સત્તામંડળોમાં પસાર કરવામાં આવે છે.



પ્રશ્ન ૧૬૨ : સાયન્સ ફેકલ્ટી, ૧૯૯૪માં ડીનની ચૂંટણી માટે બોલાવવા પરિપત્ર કાઢવામાં આવ્યો, પરંતુ તે સભા બંધ રાખવામાં આવેલી ત્યારપછી ત્રણ વર્ષમાં ક્યારેય મીટિંગ થઈ નથી, તો ફેકલ્ટીમાં કોઈ કાર્ય કરવાનું હોતું જ નથી તે સાચું ?

ઉત્તર ૧૬૨ : ના, જી.

પ્રશ્ન ૧૬૩ : જે સેનેટ મેમ્બર ૧૦ વર્ષથી નીચેના અનુભવી તરીકે ચૂંટાયેલા હોય તે ૧૦ વર્ષ પૂરા કરે ત્યારે ફેકલ્ટી મેમ્બર શું ના થઈ શકે ?

ઉત્તર ૧૬૩ : યુનિવર્સિટીની ધારાકીય જોગવાઈ અનુસાર કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૬૪ : જો ના, તો ભૂતકાળમાં નિમણૂક પામેલા તેનું શું ?

ઉત્તર ૧૬૪ : ઉત્તર ૧૬૩ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૬૫ : જો હા, તો ચાલુ સાલે ફેકલ્ટી સભ્યોના નામોમાં તેઓનું નામ શા માટે આવ્યું નથી ?

ઉત્તર ૧૬૫ : ઉત્તર ૧૬૩ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૬૬ : ગોધરા લૉ કૉલેજના પ્રિ. એ. એન. કારિયા અને પ્રા. જે. એચ. દક્ષિણીને જાન્યુઆરી ૧૯૯૨થી મોંઘવારીના ભથ્થા વત્તા વચગાળાની રાહતો કૉલેજ મેનેજમેન્ટ તરફથી ચૂકવાયેલ નથી. યુનિવર્સિટીને આ અંગે રજૂઆત કરવા છતાંય આ આર્થિક અન્યાય ચાલુ રહેલ છે તો યુનિવર્સિટી ક્યારે અને કેવા પગલાં એ સામે લેશે ?

ઉત્તર ૧૬૬ : સદરહુ બાબત ટ્રિબ્યુનલ સમક્ષ હોઈ ચુકાદાને આધીન પગલાં લેવામાં આવશે.

પ્રશ્ન ૧૬૭ : લૉ કૉલેજ, ગોધરાના પ્રિ. એ. એન. કારિયાને નિયમાનુસાર વાહન ભથ્થું તેમ જ ઘરભાડા ભથ્થું ચૂકવાતું નથી તો મેનેજમેન્ટ સામે યુનિવર્સિટી પગલાં કેમ લેતી નથી ?

ઉત્તર ૧૬૭ : ઉત્તર ૧૬૬ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૬૮ : એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરમાં છેલ્લાં દોઢ વર્ષથી ખાલી રહેલ કૉ-ઑર્ડિનેટરની જગ્યા ક્યારે પુરાશે ?

ઉત્તર ૧૬૮ : જગ્યા ખાલી નથી.

**[ ૫ ] પ્રિ. એ. એન. કારિયાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે :**

પ્રશ્ન ૧૬૯ : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોઈ લૉ કૉલેજમાં શૈક્ષણિક સ્ટાફને મોંઘવારી ભથ્થાંઓ વગેરે ન ચૂકવાતાં હોવાથી કોઈ ફરિયાદ યુનિવર્સિટીને કરવામાં આવી છે ?

ઉત્તર ૧૬૯ : ઉત્તર ૧૬૬ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૭૦ : જો હા, તો આવી કૉલેજમાં શૈક્ષણિક સ્ટાફને ન્યાય મળે તે માટે યુનિવર્સિટીએ કયાં પગલાં લીધાં છે ?

ઉત્તર ૧૭૦ : પ્રશ્ન ૧૬૬નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૭૧ : જુદી જુદી પરિષદોનાં પત્રો આપણી યુનિવર્સિટી તરફથી અરજી મોકલવાની તારીખ વીતી ગયા પછી કૉલેજોને મળતા હોવાની ફરિયાદ યુનિવર્સિટીને મળી છે ખરી ?

ઉત્તર ૧૭૧ : હા, જી.

પ્રશ્ન ૧૭૨ : જો હા, તો યુનિવર્સિટીએ તે માટે કયાં પગલાં લીધાં છે ?

ઉત્તર ૧૭૨ : તાકીદ કરવામાં આવેલી છે.

**[ ૬ ] પ્રા. જે. એસ. પ્રજાપતિએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે :**

પ્રશ્ન ૧૭૩ : યુનિવર્સિટીનાં ભવનોમાં કુલ કેટલા અધ્યાપકો (વ્યાખ્યાતા)ની જુદા જુદા વિષયોમાં જગ્યાઓ ખાલી છે ?

ઉત્તર ૧૭૩ : કુલ ૨૦ વ્યાખ્યાતાઓની જગ્યા ખાલી છે.

પ્રશ્ન ૧૭૪ : ખાલી જગાઓ ભરવા માટે યુનિવર્સિટી શું વિચારે છે ?

ઉત્તર ૧૭૪ : કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન ૧૭૫ : યુનિવર્સિટીમાં વહીવટી ક્ષેત્રે કુલ કેટલી જગ્યાઓ ખાલી છે ?
ઉત્તર ૧૭૫ : ઉત્તર ૭૦ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૭૬ : કેટલા સમયથી નહીં ભરવાનું કારણ શું ?
ઉત્તર ૧૭૬ : રાજ્ય સરકારની મંજૂરીના અભાવે જગ્યાઓ ભરી શકાઈ નથી.

પ્રશ્ન ૧૭૭ : આ બાબતમાં યુનિવર્સિટી શું વિચારે છે ?
ઉત્તર ૧૭૭ : રાજ્ય સરકારની મંજૂરી મેળવી જગ્યાઓ પૂરવાની કાર્યવાહી ચાલી રહી છે.

પ્રશ્ન ૧૭૮ : વિદ્યાર્થીઓ રીએસેસમેન્ટ માટે નિયત સમયમર્યાદામાં અરજી કરવા છતાં આગામી પરીક્ષા આવતી હોવા સુધીમાં પરિણામ જાણવા મળતું નથી. તો વિદ્યાર્થીઓને સત્વરે પરિણામ મળે તે બાબતે યુનિવર્સિટી શું વ્યવસ્થા કરવા માગે છે ?
ઉત્તર ૧૭૮ : જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રશ્ન ૧૭૯ : ગ્રામ વિસ્તારમાંથી યુનિવર્સિટીમાં પોતાના પ્રવેશ, માર્કશીટ ફોર્મ્સ ભરવા, આપવા માટે આવતા હોય છે ત્યારે એક સામાન્ય ફરિયાદ છે કે તેમને પૂરતો સહકાર મળતો નથી અને દૂર દૂરથી રોજ આવવાનું આર્થિક રીતે પરવડે નહીં તો આવા વિદ્યાર્થીઓ માટે કોઈ અલગ વ્યવસ્થા થઈ શકે ? જો હા, તો કેવી રીતે ?
ઉત્તર ૧૭૯ : યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.

પ્રશ્ન ૧૮૦ : આ બાબતે યુનિવર્સિટી શું વિચારે છે.
ઉત્તર ૧૮૦ : ઉત્તર ૧૭૯ જોવા વિનંતી.

[ ૭ ] શ્રી મનીષભાઈ જે. મકવાણાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે :

પ્રશ્ન ૧૮૧ : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કોમર્સ વિદ્યાશાખાનું શિક્ષણ આપતાં કેટલાં કેન્દ્રો છે ?
ઉત્તર ૧૮૧ : ૨૨ કેન્દ્રો છે.

પ્રશ્ન ૧૮૨ : આ કેન્દ્રો પૈકી અમદાવાદમાં કેટલાં છે તથા ગ્રામ વિસ્તારોમાં કેટલાં છે ?
ઉત્તર ૧૮૨ : અમદાવાદમાં ૯ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ છે.

પ્રશ્ન ૧૮૩ : નજીકના ભૂતકાળમાં અમદાવાદ શહેરના અનુસ્નાતક વાણિજ્ય વિદ્યાશાખાનું કયું કેન્દ્ર બંધ થયું છે ?
ઉત્તર ૧૮૩ : કોઈ કેન્દ્ર બંધ કરવાની પરવાનગી યુનિવર્સિટીએ આપેલી નથી.

પ્રશ્ન ૧૮૪ : આ કેન્દ્ર બંધ થવા પાછળનાં કયાં કારણો છે ?
ઉત્તર ૧૮૪ : ઉત્તર ૧૮૩ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૮૫ : વધતી જતી શિક્ષણભૂખ સંતોષવા ચાલુ વર્ષે આ કેન્દ્ર પણ પુનઃ ચાલુ કરવામાં આવશે ?
ઉત્તર ૧૮૫ : ઉત્તર ૧૮૩ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૮૬ : કોમર્સ વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ તેમ જ દ્વિતીય વર્ષમાં કેટલા વિદ્યાર્થી નોંધાયેલા છે ?
ઉત્તર ૧૮૬ : સને ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક વર્ષમાં પ્રથમ વર્ષ
બી.કોમ.માં ૧૩,૪૬૨ વિદ્યાર્થીઓ તથા દ્વિતીય વર્ષ
બી.કોમ.માં ૧૩,૫૩૪ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

પ્રશ્ન ૧૮૭ : શેઠ દામોદરદાસ સ્કૂલ ઓફ કોમર્સમાં કેટલા અધ્યાપકો છે ?
ઉત્તર ૧૮૭ : સાત.

પ્રશ્ન ૧૮૮ : આ સંસ્થા પૂર્ણ સમયના કેટલા અધ્યાપકો છે ?
ઉત્તર ૧૮૮ : ઉત્તર ૧૮૭ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૮૯ : તથા પૂર્ણ સમયના કેટલા અધ્યાપકોની જગ્યા ખાલી છે ?
ઉત્તર ૧૮૯ : બે જગ્યા ખાલી.

પ્રશ્ન ૧૯૦ : એમ.કોમ.માં કુલ કેટલા વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે ?
ઉત્તર ૧૯૦ : ૯ વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે.



પ્રશ્ન ૧૯૧ : આ ભવનમાં અનુસ્નાતક કક્ષાના શિક્ષણ ઉપરાંત અન્ય કોઈ અભ્યાસક્રમ ચાલે છે ?
ઉત્તર ૧૯૧ : હા, જી.

પ્રશ્ન ૧૯૨ : જો હા, તો આ અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની લાયકાત શી છે ?
ઉત્તર ૧૯૨ : (૧) બી.કોમ. અથવા બી.બી.એ. ઓછામાં ઓછા ૫૦ ટકા (બાહ્ય પરીક્ષાના)
(૨) પ્રવેશ પરીક્ષાના આધારે મેરિટ મુજબ.

પ્રશ્ન ૧૯૩ : આ અભ્યાસક્રમમાં કેટલા વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવે છે ?
ઉત્તર ૧૯૩ : મહત્તમ સંખ્યા ૬૦.

પ્રશ્ન ૧૯૪ : આ કોર્સ માટેની ફી કેટલા રૂપિયા છે ?
ઉત્તર ૧૯૪ : રૂ. ૫,૦૦૦ વાર્ષિક.

પ્રશ્ન ૧૯૫ : કયા સમય દરમિયાન આ કોર્સ ચાલે છે ?
ઉત્તર ૧૯૫ : સાંજે ૬-૩૦થી ૮-૩૦.

પ્રશ્ન ૧૯૬ : અનુસ્નાતક કેન્દ્રોમાં આવતા શિક્ષકોને કેટલું માનદવેતન ચૂકવવામાં આવે છે ?
ઉત્તર ૧૯૬ : પી.જી. રૂલ નં. ૩૮-ડી અન્વયે માનદવેતન ચૂકવવામાં આવે છે.

પ્રશ્ન ૧૯૭ : ૧૯૯૫-૯૬માં એમ.કોમ. ભાગ-૧માં કેટલા ટકા પરિણામ આવ્યું ?
ઉત્તર ૧૯૭ : ૨૫.૫૫ ટકા.

પ્રશ્ન ૧૯૮ : આ વર્ષે કેટલા વિદ્યાર્થીઓએ રીએસેસમેન્ટ માટે અરજી કરી હતી ?
ઉત્તર ૧૯૮ : ઉત્તર ૧૨૬ જોવા વિનંતી.

પ્રશ્ન ૧૯૯ : રીએસેસમેન્ટનાં અંતે કેટલા વિદ્યાર્થીના પરિણામ સુધર્યા છે ?
ઉત્તર ૧૯૯ : ઉત્તર ૧૩૨ જોવા વિનંતી.

પ્રશ્ન ૨૦૦ : ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં કેટલા રૂમની વ્યવસ્થા છે ?
ઉત્તર ૨૦૦ : ઉત્તર ૧૪૦ જોવા વિનંતી.

પ્રશ્ન ૨૦૧ : આ રૂમમાં કેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ કરી શકાય છે ?
ઉત્તર ૨૦૧ : ડબલ સીટેડ રૂમમાં બે વિદ્યાર્થી અને સિંગલ સીટેડ રૂમમાં એક વિદ્યાર્થી.

પ્રશ્ન ૨૦૨ : આ રૂમનું ભાડું વિદ્યાર્થી પાસેથી કેટલું લેવામાં આવે છે ?
ઉત્તર ૨૦૨ : ડબલ સીટેડ એક સત્રના રૂ. ૭૫ અને સિંગલ સીટેડ એક સત્રના રૂ. ૧૨૫.

પ્રશ્ન ૨૦૩ : ગુજરાત યુનિવર્સિટીની રમતગમત માટેની ગ્રાન્ટ કેટલી હોય છે ?
ઉત્તર ૨૦૩ : ગુજરાત યુનિવર્સિટીની રમતગમત માટેની ગ્રાન્ટ હોતી નથી. યુનિવર્સિટીના અંદાજપત્રમાં ફાળવેલ રકમમાંથી ખર્ચ કરવામાં આવે છે.

પ્રશ્ન ૨૦૪ : તથા ગુજરાત યુનિવર્સિટી કઈ કઈ રમતોમાં ભાગ લે છે ?
ઉત્તર ૨૦૪ : (૧) કબડ્ડી, (૨) ફૂટબૉલ, (૩) બાસ્કેટ બૉલ, (૪) ક્રિકેટ, (૫) હોકી, (૬) ખોખો, (૭) કુસ્તી, (૮) ટેબલટેનિસ, (૯) બેડમિન્ટન, (૧૦) ચેસ, (૧૧) જૂડો, (૧૨) હેન્ડબૉલ, (૧૩) જલસ્પર્ધા, (૧૪) ખેલકૂદ.

પ્રશ્ન ૨૦૫ : તથા નજીકના ભવિષ્યમાં (૧૯૯૫-૯૬)માં આંતર-યુનિવર્સિટી સ્પર્ધામાં ગુજરાત યુનિવર્સિટીના કોઈ ખેલાડી કે ટીમ ચેમ્પિયન છે ?
ઉત્તર ૨૦૫ : હા, જી.

પ્રશ્ન ૨૦૬ : જો કોઈ ટીમ કે ખેલાડી આંતર-યુનિવર્સિટી સ્પર્ધામાં ચેમ્પિયન થયેલ હોય તો તેને બીજા કયા લાભ યુનિવર્સિટી આપે છે ?
ઉત્તર ૨૦૬ : આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનારને બ્લેઝર પેટે રૂ. ૧૦૦૦, દ્વિતીય સ્થાનને રૂ. ૭૫૦ અને તૃતીય સ્થાનને રૂ. ૫૦૦ આપવામાં આવે છે.

પ્રશ્ન ૨૦૭ : યુનિવર્સિટીના કેમ્પસમાં વિદ્યાર્થીઓને ફોન સવલતની તકલીફ પડે છે,—આ અંગે યુનિવર્સિટી કાંઈ વિચારી રહી છે કે કેમ ?
ઉત્તર ૨૦૭ : હાલમાં કેમ્પસ પર યુનિવર્સિટી કેન્ટીન પાસે તથા લાયબ્રેરી પાસે ટેલિફોન બૂથની સવલત છે.

પ્રશ્ન ૨૦૮ : યુનિવર્સિટી ફી ભરવામાં વિદ્યાર્થીઓને તકલીફ પડે છે તો આ અંગે કાઉન્ટર વધારવા યુનિવર્સિટી વિચારી રહી છે કે કેમ ?

ઉત્તર ૨૦૮ : જરૂરિયાત મુજબ વધુ કાઉન્ટર ખોલવામાં આવે છે.

પ્રશ્ન ૨૦૯ : ગત વર્ષ તથા ચાલુ વર્ષ દરમિયાન લેવાયેલી યુનિવર્સિટી પરીક્ષામાં કેટલા વિદ્યાર્થી ગેરરીતિ આચરતા પકડાયેલ છે ?

ઉત્તર ૨૦૯ : ૧૯૯૪–૯૫માં ૩,૯૪૯ અને ૧૯૯૫–૯૬માં ૩,૨૮૪ કેસ નોંધાયા હતા.

પ્રશ્ન ૨૧૦ : આમાંથી કેટલા વિદ્યાર્થીને માફી આપવામાં આવી છે ?

ઉત્તર ૨૧૦ : પ્રશ્નનો વ્યાપ જોતાં માહિતી આપવી શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨૧૧ : તથા કેટલાને સજા કરવામાં આવી છે ?

ઉત્તર ૨૧૧ : પ્રશ્ન ૨૧૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૨ : ચાલુ વર્ષ દરમિયાન યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીમાં કુલ કેટલા વિદ્યાર્થી નોંધાયેલ છે ?

ઉત્તર ૨૧૨ : પરીક્ષાને લગતી કાર્યવાહી ચાલુ હોઈ આ વર્ષની માહિતી તા. ૩૦–૩–૧૯૯૭ સુધીમાં આપવા શક્ય નથી.

પ્રશ્ન ૨૧૩ : ગુજરાત યુનિવર્સિટીના છેલ્લાં કેટલા વર્ષના પેપરસેટ તૈયાર છે ?

ઉત્તર ૨૧૩ : પ્રશ્નનો વ્યાપ જોતાં ઉત્તર આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨૧૪ : કઈ કઈ સાલના તૈયાર છે ?

ઉત્તર ૨૧૪ : પ્રશ્ન ૨૧૩નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૫ : જો તૈયાર છે તો કયા કારણસર મળતા નથી ?

ઉત્તર ૨૧૫ : પ્રશ્ન ૨૧૩નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૬ : નથી તો કયા કારણસર તૈયાર કરવામાં આવતા નથી ?

ઉત્તર ૨૧૬ : પ્રશ્ન ૨૧૩નો ઉત્તર જોવા વિનંતી છે.

(ક) પ્રા. એ. ટી. અજમેરા તરફથી નીચેના પ્રશ્નો પુછવાની નોટિસ આપી છે :

પ્રશ્ન ૨૧૭ : છેલ્લી ત્રણ કોર્ટ સભામાં સતત ગેરહાજર રહેનાર તમામ સભ્યોનાં નામ આપો. આ રીતે ગેરહાજર રહેનાર સભ્યો સભ્યપદ ગુમાવે એવી કોઈ જોગવાઈ છે ?

ઉત્તર ૨૧૭ : સદરહુ માહિતી સભાગૃહ સમયે ટેબલ પર રાખવામાં આવશે. સભ્યપદ ગુમાવવા અંગે કોઈ ધારાકીય જોગવાઈ નથી.

પ્રશ્ન ૨૧૮ : તે શી છે ? પૂરો પાઠ આપો.

ઉત્તર ૨૧૮ : પ્રશ્ન ૨૧૭નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૯ : કુલાધિપતિશ્રીને સતત ત્રણ ગેરહાજરી બદલ સભ્યપદ ગુમાવવાની જોગવાઈ લાગુ પડે છે કે નહીં ?

ઉત્તર ૨૧૯ : પ્રશ્ન ૨૧૭નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૦ : જો ના, તો તેમનું સભ્યપદ રદ ન થવાની જે જોગવાઈ હોય તેનો પૂરો પાઠ આપશો.

ઉત્તર ૨૨૦ : પ્રશ્ન ૨૧૭નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૧ : ૧૯૯૪–૯૫ના મંજૂર થયેલ અંદાજપત્ર અને વર્ષના અંતે થયેલ વાસ્તવિક ખર્ચ તુલનાત્મક હેતુ માટે આપવા વિનંતી, ૧૯૯૭-૯૮ના અંદાજપત્રના લીલા રંગના પાના નં. ૨ પર સંક્ષિપ્ત સરવૈયાની આઈટમો ધ્યાનમાં રાખીને આપશો. આમ ૧૯૯૪–૯૫ના વર્ષનું સંક્ષિપ્ત સરવૈયું આપવાના છો, તેમાં આ તુલનાત્મક વિગતો આપવા વિનંતી છે.

ઉત્તર ૨૨૧ : માહિતી સભાગૃહ સમક્ષ ટેબલ પર રાખવામાં આવશે.

પ્રશ્ન ૨૨૨ : એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજમાં એન.એસ.એસ.ના ઇન્ચાર્જ-અધ્યાપક હાલ કોણ છે ?

ઉત્તર ૨૨૨ : હાલમાં એન.એસ.એસ.નું યુનિટ બંધ છે.



પ્રશ્ન ૨૨૩ : તે ફૂલ ટાઇમ કે પાર્ટ ટાઇમ અધ્યાપક છે ?

ઉત્તર ૨૨૩ : પ્રશ્ન ૨૨૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૪ : કોલેજે પસંદગીના ધોરણે ક્યાં નામો એન.એસ.એસ.ના ઇન્ચાર્જ અધ્યાપક તરીકે મોકલેલા ?

ઉત્તર ૨૨૪ : (૧) ડૉ. રાજેશ સી. શાહ, (૨) ડૉ. રાજેશ મહેતા, (૩) ડૉ. અજય પી. મુનશી.

પ્રશ્ન ૨૨૫ : તે નામોમાંથી પસંદગી કરવા સંબંધમાં યુનિવર્સિટીએ શી કાર્યવાહી હાથ ધરેલી ?

ઉત્તર ૨૨૫ : ડૉ. અજય પી. મુનશીની નિમણૂક કરી હતી.

પ્રશ્ન ૨૨૬ : હાલ શી પરિસ્થિતિ છે ?

ઉત્તર ૨૨૬ : પ્રશ્ન ૨૨૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૭ : યુનિવર્સિટી ગ્રંથાલય છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન પુસ્તક-ખરીદી માટે કેટલી રકમ ફાળવવામાં આવી ?

ઉત્તર ૨૨૭ : યુજીસીની આઠમી યોજના મુજબના એલોકેશન પ્રમાણે રૂ. ૩૦ લાખ ફાળવવામાં આવેલા છે.

પ્રશ્ન ૨૨૮ : તે દરેક વર્ષ માટે કેટલી રકમ વાપરવામાં આવી ?

ઉત્તર ૨૨૮ : તા. ૨૮–૨–૧૯૯૭ સુધીમાં ખરેખર મળેલ ગ્રાન્ટ રૂપિયા દશ લાખ વાપરવામાં આવેલી છે.

પ્રશ્ન ૨૨૯ : તે રકમ ઓછી વપરાઈ હોય તો બાકીની રકમ ક્યાં વાપરવામાં આવી ?

ઉત્તર ૨૨૯ : પ્રશ્ન ૨૨૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૦ : યુનિવર્સિટીને ઘણા સમયથી આર્થિક સંકડામણ છે. આ આર્થિક સંકડામણ દૂર કરવા શા શા ઉપાયો યોજવામાં આવ્યા છે ?

ઉત્તર ૨૩૦ : રાજ્ય સરકારની પાસે ઘટિત રજૂઆત કરવામાં આવે છે.

પ્રશ્ન ૨૩૧ : કયા કયા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોમાં ત્રણથી ઓછા કાયમી અધ્યાપકો છે ?

ઉત્તર ૨૩૧ : માહિતી સભાગૃહ સમક્ષ ટેબલ ઉપર ઉપલબ્ધ કરવામાં આવશે.

પ્રશ્ન ૨૩૨ : તે તે ડિપાર્ટમેન્ટોમાં કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

ઉત્તર ૨૩૨ : પ્રશ્ન ૨૩૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૩ : આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

ઉત્તર ૨૩૩ : કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન ૨૩૪ : બી.એડ. પ્રવેશ માટેના નિયમોમાં કોઈ ફેરફારો થયા છે ?

ઉત્તર ૨૩૪ : ના, જી.

પ્રશ્ન ૨૩૫ : જો "હા" તો તે શા છે ?

ઉત્તર ૨૩૫ : ઉત્તર ૨૩૪ જોવા વિનંતી.

પ્રશ્ન ૨૩૬ : એમ.એડ. અધ્યાપન માટે ગુજરાત યુનિવર્સિટીના શાસન હેઠળ ક્યાં ક્યાં કેન્દ્રો છે ?

ઉત્તર ૨૩૬ : એમ.એડ. અધ્યાપન કેન્દ્રોની યાદી **પરિશિષ્ટ "૧૧"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૨૩૭ : તે દરેકમાં ૧૯૯૬–૯૭ દરમિયાન કુલ કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે ?

ઉત્તર ૨૩૭ : પ્રશ્ન નં. ૨૩૬નું પરિશિષ્ટ "૧૧" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૮ : તે કેન્દ્રોમાં ક્યાં ક્યાં વૈકલ્પિક વિષયો ભણાવાય છે ?

ઉત્તર ૨૩૮ : પ્રશ્ન નં. ૨૩૬નું પરિશિષ્ટ "૧૧" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૯ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અને બી.યુ.ટી.આર. સત્તામંડળોમાં કેટલી જગ્યાઓ ખાલી છે ?

ઉત્તર ૨૩૯ : (૧) એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં ૧, (૨) એકેડેમિક કાઉન્સિલમાં નવરચનાની કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન ૨૪૦ : તે ક્યારે પૂરવામાં આવશે ?

ઉત્તર ૨૪૦ : કાર્યવાહી પૂરી થયા બાદ.

પ્રશ્ન ૨૪૧ : શિક્ષણની અભ્યાસસમિતિમાં કયા કયા સભ્યો છે ? કયા કયા સભ્યોને કઈ જોગવાઈ હેઠળ કો-ઓપ્ટ કરવામાં આવ્યો છે ?

ઉત્તર ૨૪૧ : શિક્ષણની અભ્યાસસમિતિમાં નીચેના સભ્યો છે. નામની સામે યુનિવર્સિટી ધારાની સંબંધકર્તા જોગવાઈ જણાવેલ છે :

(૧) ડૉ. બી. એમ. મોદી
(૨) ડૉ. કે. એસ. સુથાર
(૩) શ્રી આર. આર. દવે
(૪) પ્રિ. એચ. એસ. પટેલ
(૫) પ્રિ. એ. એલ. પટેલ
(૬) શ્રીમતી એમ. એમ. પટેલ
(૭) પ્રિ. કે. એસ. પટેલ
(૮) શ્રી એચ. કે. વ્યાસ
(૯) શ્રી એ. જી. કાવીયા
(૧૦) ડૉ. આર. ડી. મુલીયા
(૧૧) પ્રો. ઘનશ્યામભાઈ મહેતા - 5 D Copt
(૧૨) પ્રો. જગદીશભાઈ જાની - 5 C Copt
(૧૩) બ્રાહ્મીન એલ. એચ. (વિદ્યાર્થી).

પ્રશ્ન ૨૪૨ : શિક્ષણની વિદ્યાશાખામાં ક્યા કયા સભ્યો, કઈ જોગવાઈ હેઠળ સમાવિષ્ટ છે ?

ઉત્તર ૨૪૨ : કોર્ટ સભ્યપદની રૂએ (૧) શ્રી જે. પી. પટેલ, (૨) પ્રિ. બી.એમ. મોદી, (૩) શ્રી એ. ટી. અજમેરા, (૪) શ્રી એચ. કે. વ્યાસ અને (૫) શ્રી આર. આર. દવે બોર્ડમાંથી નિયુક્ત થયા. બ્રાહ્મીન એ. એચ. વિદ્યાર્થી તરીકે સમાવિષ્ટ થયા છે.

પ્રશ્ન ૨૪૩ : શિક્ષણની વિદ્યાશાખામાં પીએચ.ડી. માર્ગદર્શન માટે કયા કયા અધ્યાપકો માન્ય છે ?

ઉત્તર ૨૪૩ : શિક્ષણની વિદ્યાશાખામાં પીએચ.ડી. માર્ગદર્શકોની યાદી **પરિશિષ્ટ "૧૨"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૨૪૪ : યુનિવર્સિટી કર્મચારી મંડળે પોતાના પડતર પ્રશ્નો માટે યુનિવર્સિટી પાસે કોઈ માગણીઓ મૂકી છે ?

ઉત્તર ૨૪૪ : હા, જી.

પ્રશ્ન ૨૪૫ : તે માગણીઓ શી છે ?

ઉત્તર ૨૪૫ : મુખ્યત્વે પગાર અને ભથ્થાંઓ તેમજ અન્ય સવલતો સંબંધી માંગણીઓ છે.

પ્રશ્ન ૨૪૬ : યુનિવર્સિટીમાં હંગામી ધોરણે કામ કરતા કર્મચારીઓની કેટેગરીવાર કેટલી સંખ્યા છે ?

ઉત્તર ૨૪૬ : વર્ગ ૩ કર્મચારી ૩૦, વર્ગ ૪ કર્મચારી ૩૦.

પ્રશ્ન ૨૪૭ : પ્રશ્નપત્રમાં જોડણીની પણ એક પણ ભૂલ ન હોય તેવી પરિસ્થિતિ સર્જવા કશું કરવામાં આવ્યું છે ?

ઉત્તર ૨૪૭ : હા, જી.

પ્રશ્ન ૨૪૮ : ઉપર્યુક્ત પ્રશ્ન ક્રમ ૨૨૨ના અનુસંધાનમાં પૂછવાનું કે ઉપર્યુક્ત મ્યુનિસિપલ મેડિકલ કૉલેજના ડીને પત્રાંક મેડ/યુનિ./૧૨૬, તા. ૪-૯-૧૯૯૩થી યુનિવર્સિટીને લખેલા પત્રમાં કૉલેજના એન.એસ.એસ.ના કેન્દ્ર ઇનચાર્જ તરીકે અનુક્રમે ડૉ. આર. સી. શાહ, ડૉ. રાજેશભાઈ મહેતા અને ડૉ. અજયભાઈ મુનશીનાં નામો મોકલ્યાં હતાં. તેમાંથી યુનિવર્સિટીમાં એન.એસ.એસ.ની જવાબદારી સંભાળનાર શ્રી રામુભાઈ પટેલે ત્રીજા ક્રમનું ડૉ. અજયભાઈ મુનશીનું નામ કયા અધિકારથી કે કયા કારણથી પસંદ કર્યું હતું ?

ઉત્તર ૨૪૮ : ડૉ. અજય મુનશી તે ત્રણ પૈકી સિનિયર પ્રોફેસર હતા તેમજ સામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

પ્રશ્ન ૨૪૯ : છેલ્લા સમાચાર મુજબ મેડિકલ કૉલેજે જુલાઈ ૧૯૯૬માં પણ સ્મૃતિપત્ર પાઠવ્યો છે તેનો પણ પૂરો પાઠ આપવામાં આવે.

ઉત્તર ૨૪૯ : જુલાઈ ૧૯૯૬નો પત્ર એન.એસ.એસ. વિભાગમાં આવ્યો જણાતો નથી.

પ્રશ્ન ૨૫૦ : કેટલા સમયાંતરે રીએસએસમેન્ટ અને રીચેકિંગનાં પરિણામો જાણ કરવાની જોગવાઈ છે ?

ઉત્તર ૨૫૦ : સમયમર્યાદા નક્કી નથી શક્ય તેટલી વહેલી જાણ કરવામાં આવે છે.

પ્રશ્ન ૨૫૧ : યુનિવર્સિટી કોર્ટ સભ્યો માટે એક અલગ ખંડ ફાળવી તેમાં ઘટતી વ્યવસ્થા કરવાનું અને યુનિવર્સિટી અંગેનું સાહિત્ય રાખવા માટે યોગ્ય કબાટની વ્યવસ્થા કરવાનું વિચારાયું છે ?

ઉત્તર ૨૫૧ : હાલમાં આવી વ્યવસ્થા વિચારવામાં આવી નથી.

**પ્રશ્નોત્તરી સમાપ્ત**



## પરિશિષ્ટ "૧"

### પ્રશ્ન ક્રમાંક ૩ની માહિતી

**(૧) ૧૯૯૪-૯૫ના વર્ષમાં ભવનમાં નિવૃત્ત શિક્ષકોને મુલાકાતી શિક્ષકો તરીકે બોલાવવામાં આવ્યા તેની માહિતી :**

| | | |
|---|---|---|
| ૧. યુનિવર્સિટી ભાષાભવન | ૧. પ્રો. ટી. એસ. નાન્દી | સંસ્કૃત |
| | ૨. પ્રો. એસ. જે. દવે | |
| | ૩. ડૉ. ભોળાભાઈ પટેલ | હિન્દી |
| | ૪. ડૉ. દિગીશ મહેતા | એમ.ફિલ., અંગ્રેજી |
| | ૫. શ્રી બી. ડી. ભટ્ટ | સંસ્કૃત |
| ૨. મનોવિજ્ઞાન ભવન | પ્રો. સી. વી. રાવલ | ફિલોસોફી |
| ૩. વિજ્ઞાન ભવન | શ્રી એ. બી. વોરા | બોટાની |
| | ડૉ. એમ. એન. દેસાઈ | કેમિસ્ટ્રી |
| | ડૉ. જે. પી. ત્રિવેદી | " |
| | ડૉ. જે. સી. વોરા | " |
| | ડૉ. આર. કે. શાહ | " |
| | ડૉ. જે. ડી. તલાટી (બીજી યુનિવર્સિટીના) | " |
| ૪. શેઠ દામોદરદાસ વાણિજ્ય વિદ્યાભવન | પ્રો. બી. એમ. મુલે | એમ.કૉમ. |
| | ડૉ. એચ. સી. રાવલ | અર્થશાસ્ત્ર |

**(૨) ૧૯૯૫-૯૬ના વર્ષમાં ભવનમાં નિવૃત્ત શિક્ષકોને મુલાકાતી શિક્ષકો તરીકે બોલાવવામાં આવ્યા તેની માહિતી :**

| | | |
|---|---|---|
| ૧. સમાજવિદ્યા ભવન | ૧. ડૉ. પરેશ મજમુદાર | મજૂર કલ્યાણ |
| | ૨. શ્રી એ. આર. શાહ | સમાજશાસ્ત્ર |
| | ૩. ડૉ. ઉષાબહેન એસ. કન્હારે | સમાજશાસ્ત્ર |
| ૨. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવન | શ્રીમતી એ. એ. દલાલ | એમ.એ. તથા |
| | શ્રીમતી ઈન્દિરા ભટ્ટ | એમ.ફિલ. માટે (અંગ્રેજી) |
| | ડૉ. લક્ષ્મેશભાઈ જોષી | સંસ્કૃત |
| | ડૉ. ભોળાભાઈ પટેલ | એમ.એ., એમ.ફિલ. |
| | ડૉ. રામકુમાર ગુપ્ત | હિન્દી |
| ૩. મનોવિજ્ઞાન ભવન | પ્રો. એચ. ડી. બદામી | સાયકોલોજી |
| | પ્રો. એસ. વી. ત્રિવેદી | " |
| | શ્રી જે. એ. યાજ્ઞિક | ફિલોસોફી |
| | શ્રી આર. વી. પંડ્યા | " |
| | શ્રી જે. જે. શુક્લ | " |
| | શ્રી સી. વી. રાવલ | " |
| ૪. શેઠ દામોદરદાસ વાણિજ્ય વિદ્યાભવન | શ્રી બી. એમ. મુલે | એમ.કૉમ. અર્થશાસ્ત્ર |
| ૫. વિજ્ઞાન વિદ્યાભવન | ડૉ. એમ. એન. દેસાઈ | કેમિસ્ટ્રી |
| | ડૉ. જે. પી. ત્રિવેદી | " |
| | ડૉ. જે. સી. વોરા | " |
| | ડૉ. જે. ડી. તલાટી | " |
| | શ્રી કે. જી. જાની | ઇલેક્ટ્રોનિક્સ |

**(૩) ૧૯૯૬–૯૭ના વર્ષમાં ભવનમાં નિવૃત્ત શિક્ષકોને મુલાકાતી શિક્ષકો તરીકે બોલાવવામાં આવ્યા તેની યાદી :**

| | | |
|---|---|---|
| ૧. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવન | ડૉ. જયશ્રીબહેન ઠાકોર | એમ.એ[illegible] |
| ૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજી, ફિલોસોફી અને એજ્યુકેશન | ૧. શ્રી વી. આર. શાહ | એમ.એ[illegible] |
| | ૨. પ્રો. એ. ટી. અજમેરા | " |
| | ૩. ડૉ. એસ. ટી. કાપડિયા | એમ.ફિલ. |
| | ૪. શ્રી જે.એ. યાજ્ઞિક | ફિલોસોફી |
| | ૫. શ્રી સી. બી. દવે | સાયકોલોજી |
| | ૬. શ્રી એસ. વી. ત્રિવેદી | " |
| ૩. શેઠ દામોદરદાસ વાણિજ્ય વિદ્યાભવન | ૧. શ્રી બી. એમ મૂલે | એમ.કોમ., અર્થશાસ્ત્ર તથા બેંકિંગ માટે |
| | ૨. શ્રી આર. એચ. વ્યાસ | એમ.ફિલ. મા[illegible] |
| ૪. વિજ્ઞાન વિદ્યાભવન | ૧. ડૉ. એમ. એન. દેસાઈ | કેમિસ્ટ્રી |
| | ૨. ડૉ. જે. સી. વોરા | " |
| | ૩. ડૉ. પી. બી. પટેલ | " |

## પરિશિષ્ટ "૨"

પ્રશ્ન ક્રમાંક ૪ની માહિતી

**છેલ્લા ત્રણ વર્ષમાં નિવૃત્ત શિક્ષકોને યુનિવર્સિટી ભવનોમાં સંશોધન વ્યાખ્યાતા તરીકેની કામગીરી સોંપવામાં આવી છે તેની માહિતી :**

| *ક્રમાંક* | *નિવૃત્ત માર્ગદર્શકનું નામ* | *વિષય* | *નિવૃત્ત થયા પછી કેટલા વિદ્યાર્થી નોંધાયા* | *અન્ય નોંધ* |
|---|---|---|---|---|
| ૧. | શ્રી તપસ્વી નાન્દી | સંસ્કૃત | ૧ વિદ્યાર્થી | |
| ૨. | ડૉ. એ. બી. વોરા | વનસ્પતિશાસ્ત્ર | ૨ વિદ્યાર્થી | |
| ૩. | ડૉ. મફત ઓઝા | ગુજરાતી | ૩ વિદ્યાર્થી | |
| ૪. | ઉષાબહેન કનારે | સમાજશાસ્ત્ર | ૨ વિદ્યાર્થી. | |

## પરિશિષ્ટ "૩"

પ્રશ્ન ક્રમાંક ૧૬ની માહિતી

The following shall be the minimum qualification for the post of a Reader in the University.

1. (a) Bachelor's and Master's degree at least with Second Class in the subject.
   (b) Bachelor's and Master's Degree in the subject and having Ph.D. Degree in the subject or Master's Degree in the subject from foreign University.

AND

2. At least five year's teaching experience out of which at least two years' experience at Post-graduate level.

AND

3. Three research papers in the subject published in reputed journal.

OR

3. Successful / guided ten dissertations at Post-graduate level.



## પરિશિષ્ટ "૪"

પ્રશ્ન ક્રમાંક ૧૫(૧)ની માહિતી

**કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદને ખાસ કિસ્સા તરીકે ઘરભાડા ભથ્થું મળવા બાબત.**

**ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,**

**ઠરાવ ક્રમાંક/યુ.જી.સી.–૧૦૮૯-૪૦૭૨/(૧૩૯૮૯–ખ)**

સચિવાલય, ગાંધીનગર, તા. ૨–૨–૧૯૯૦.

**ઠરાવ :**

રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓને જે તે યુનિવર્સિટીના કેમ્પસમાં ભાડામુક્ત રહેઠાણની સગવડ આપવામાં આવે છે, તે મુજબ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી એમ. એન. દેસાઈને પણ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલો બંગલો ભાડામુક્ત રહેઠાણ તરીકે ફાળવવામાં આવેલો છે. ડૉ. એમ. એન. દેસાઈએ સરકારમાં મૌખિક રજૂઆત કરેલી હતી કે તેઓ પોતાનું ખાનગી માલિકીનું મકાન ધરાવે છે. તેથી તેમને તેમાં રહેવાની છૂટ આપવી અને ઘરભાડા ભથ્થું મંજૂર કરવું.

સરકારશ્રીએ તેમની રજૂઆત ગ્રાહ્ય રાખેલ છે અને શ્રી દેસાઈને ખાસ કિસ્સા તરીકે તેમના પોતાના માલિકીના મકાનમાં રહેવાની અને નિયમાનુસાર મળવાપાત્ર ઘરભાડા ભથ્થું મેળવવાની છૂટ આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧૯–૧–૧૯૯૦ના રોજ મળેલી સમિતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**દિનેશ વ્યાસ**
સેક્શન અધિકારી

## પરિશિષ્ટ "૫"

પ્રશ્ન ક્રમાંક ૧૫(૨)ની માહિતી

ક્રમાંક : ગજય-૧૦૯૩-૨૯૫૦-ખ
શિક્ષણ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૬–૯–૧૯૯૪

પ્રતિ,
કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ.

વિષય.— શ્રી એન. વી. વસાણી, કુલપતિશ્રી ગુજરાત યુનિવર્સિટીને ઘરભાડા ભથ્થું ચૂકવવા બાબત.
સંદર્ભ : આ વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૨૯–૧૦–૧૯૯૩નો પત્ર.

શ્રીમાન,

પ્રો. એન. વી વસાણી, પ્રો-વાઈસ-ચાન્સેલર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઘરભાડા ભથ્થું ચૂકવવા આ વિભાગના તા. ૨૯–૧૦–૧૯૯૩ના પત્રથી જરૂરી મંજૂરી આપવામાં આવેલ હતી.

શ્રી એન. વી. વસાણીની તા. ૨–૫–૧૯૯૪થી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમણૂક થયેલ હોઈ તેમજ શ્રી વસાણી દ્વારા તેમની કુલપતિશ્રી તરીકે તે જ ધોરણે ઘરભાડા ભથ્થું આપવા તા. ૨૫–૮–૧૯૯૪ના પત્રથી રજૂઆતને ધ્યાનમાં લઈને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ તેમને ઘરભાડા ભથ્થું ચૂકવવા આથી મંજૂરી આપવામાં આવે છે.

આપની વિશ્વાસુ
**(શ્રીમતી આર. પી. જોષી)**
ઉપસચિવ, શિક્ષણ વિભાગ

## પરિશિષ્ટ "૬"

પ્રશ્ન ક્રમાંક ૨૩ની માહિતી

| ક્રમ નામ | હોદ્દો | ટેલિફોન નંબર | નિવૃત્તિની તારીખ | ટેલિફોન શીફ્ટિંગ તારીખ | મિનિમમ ભાડા પ્રમાણે યુનિવર્સિટીએ ચૂકવેલ રકમ | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧. ડૉ. એમ. એન. દેસાઈ | કુલપતિ | ૪૪૨૪૨૯ | ૧૪-૫-'૯૪ | ૨૫-૨-૯૭ | ૧૫૩૨ | ૧૯૯૪થી ૧૯૯૬ દરમિયાન આંબેડકર યુનિવર્સિટી દ્વારા પેમેન્ટ થતું હતું. |
| ૨. પ્રો. એન. વી. વસાણી | કુલપતિ | ૬૭૪૮૫૮૬ | ૧૨-૩-'૯૬ | ૩૧-૧૨-'૯૬ | ૧૫૧૨ | -- |
| ૩ શ્રી વી. સી. દેસાઈ | જુ. સુપરિ. | ૬૦૩૦૯૩૮ | ૩૧-૧૧-'૯૬ | ૨૩-૧૨-'૯૬ | -- | સેફ કસ્ટડીમાં મૂકેલ છે. |
| ૪. શ્રી કનકભાઈ દવે | ડાયરેક્ટર, યુથ વેલ્ફેર | ૪૧૯૨૯૩ | ૩૧-૫-૯૬ | બાકી છે | -- | નિવૃત્તિ બાદ ઓનરરી સેવા ચાલુ હોવાથી ચાલુ રાખેલ. |
| ૫. શ્રી પરેશ મજમુદાર | ડાયરેક્ટર, સમાજવિદ્યા ભવન | ૪૦૬૨૧૯ | ૩૧-૮-૯૪ | ૨૫-૫-'૯૫ | -- | -- |
| ૬. શ્રી એન. આર. દીક્ષિત | કો-ઑર્ડિનેટર, બી. કે. સ્કૂલ | ૪૦૬૨૧૯ | ૩૦-૧૧-૯૬ | -- | -- | નવા કો-ઑર્ડિનેટરને ફાળવેલ છે. |

## પરિશિષ્ટ "૭"

પ્રશ્ન ક્રમાંક ૨૮ની માહિતી

| | |
|---|---|
| ૧. સર એલ. એ. શાહ લૉ કૉલેજ | ફર્સ્ટ એલએલ.બી. વર્ગદીઠ ૨૦ |
| ૨. માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ | ફર્સ્ટ એલએલ.બી. ડિવિ. દીઠ ૨૦ |
| ૩. આઈ. એમ. નાણાવટી લૉ કૉલેજ | ફર્સ્ટ એલએલ.બી. ડિવિ. દીઠ ૨૫ |
| ૪. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ | ફર્સ્ટ બી.એ.માં ડિવિ. દીઠ ૫૫ |
| ૫. શ્રીમતી એ. પી. પટેલ આર્ટ્સ અને શ્રી એન. પી. પટેલ કૉમર્સ કૉલેજ | ડિવિ. દીઠ ૧૦ |
| ૬. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર | ડિવિ. દીઠ ૧૦ |
| ૭. આર. આર. લાલન કૉલેજ, ભુજ | ડિવિ. દીઠ ૨૦ |
| ૮. એલ. ડી. આર્ટ્સ કૉલેજ | ફર્સ્ટ બી.એ.માં ડિવિ. દીઠ ૧૦ |
| ૯. ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા મહિલા કૉમર્સ કૉલેજ, ગાંધીનગર | ફર્સ્ટ બી.એ. ૧૦૦ |
| ૧૦. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર | ફર્સ્ટ બી.કોમ. ૨૦<br>ડિવિ. દીઠ ૧૦ |



## પરિશિષ્ટ "૮"

પ્રશ્ન ક્રમાંક ૩૫ની માહિતી

**P.W.D.માં જમા કરાવેલ રકમ**

| ચેક નં. | તારીખ | રકમ | મકાન |
|---|---|---|---|
| ૯૯૨૮૮ | ૧૫-૭-૧૯૯૩ | ૬૮,૯૨૩ | સેમિનાર હોલ (ઝૂલોજી) |
| ૯૯૨૮૯ | ૧૫-૭-૧૯૯૩ | ૪,૬૯,૧૦૦ | જિયોલોજી |
| ૯૯૨૯૦ | ૧૫-૭-૧૯૯૩ | ૫,૦૦,૦૦૦ | હોમ સાયન્સ |
| ૯૯૨૯૧ | ૧૫-૭-૧૯૯૩ | ૨,૯૦,૬૧૧ | કેન્ટીન |
| ૯૯૨૯૨ | ૧૫-૭-૧૯૯૩ | ૫,૦૦,૦૦૦ | કૉમ્પ્યુટર સેન્ટર |
| ૧૦૧૯૩૨ | ૧૩-૮-૧૯૯૩ | ૭,૫૦,૦૦૦ | બોઇઝ હૉસ્ટેલ |
| ૧૦૧૯૩૩ | ૧૩-૮-૧૯૯૩ | ૩,૦૦,૦૦૦ | લાઇબ્રેરી |
| ૧૦૭૦૮૮ | ૧૮-૩-૧૯૯૪ | ૧,૫૦,૦૦૦ | બોઇઝ હૉસ્ટેલ |
| ૧૦૭૦૮૯ | ૧૮-૩-૧૯૯૪ | ૫૦,૦૦૦ | લાઇબ્રેરી |
| ૧૦૭૦૯૦ | ૧૮-૩-૧૯૯૪ | ૫૦,૦૦૦ | સેમિનાર હોલ (ઝૂલોજી) |
| ૧૦૭૦૯૧ | ૧૮-૩-૧૯૯૪ | ૫૫,૦૦૦ | જિયોલોજી |
| ૧૦૭૦૯૨ | ૧૮-૩-૧૯૯૪ | ૧,૦૫,૦૦૦ | હોમ સાયન્સ |
| ૧૦૭૦૯૩ | ૧૮-૩-૧૯૯૪ | ૭૫,૦૦૦ | કેન્ટીન |
| ૧૦૭૦૯૪ | ૧૮-૩-૧૯૯૪ | ૧,૦૦,૦૦૦ | કૉમ્પ્યુટર સેન્ટર. |
| | | કુલ રૂ. ... ૩૪,૭૩,૬૩૪ | |

## પરિશિષ્ટ "૯"

પ્રશ્ન ક્રમાંક ૩૮ની માહિતી

**નીચે જણાવેલ તારીખોએ પત્ર લખી PWDને જણાવ્યું :**

તા. ૧૫-૫-૧૯૯૩, તા. ૧૩-૭-૧૯૯૩, તા. ૨૮-૭-૧૯૯૩, તા. ૬-૮-૧૯૯૩, તા. ૪-૧૦-૧૯૯૩ તા. ૭-૧૦-૧૯૯૩, તા. ૨૫-૩-૧૯૯૪, તા. ૧૨-૯-૧૯૯૪, તા. ૨૦-૩-૧૯૯૫.

## પરિશિષ્ટ "૧૦"

પ્રશ્ન ક્રમાંક ૪૯ની માહિતી

**Manpower for EMRC (Software)**

| *Sr. No.* | *Category* | *Grade Rs.* | *No. of Post* |
|---|---|---|---|
| 1. | Co-ordinator (Programme) (in lieu of Reader as recommended by Technical Advisory Committee) | 1200–1900 | 1 |
| 2. | Producer | 700–1600 | 3 |
| 3. | Production Assistant | 650–900 | 3 |
| 4. | Cameraman | 650–900 | 3 |
| 5. | Graphic Artist | 550–900 | 1 |
| 6. | Grapgic Assistant | 425–700 | 1 |
| 7. | Floor Assistant (Grade I) | 425–700 | 1 |
| 8. | Floor Assistant (Grade II) | 380–500 | 1 |
| 9. | Carpenter | 320–400 | 1 |
| 10. | Helper | 260–400 | 2 |
| 11. | Steno (English) | 350–500 | 1 |
| 12. | Typist (Gujarati) | 260–400 | 1 |
| | | | Total ... 19 |

**Manpower (Hardware)**

| | | | |
|---|---|---|---|
| 1. | Engineer-in-Charge | 1200–1900 | 1 |
| 2. | Assistant Engineer | 700–1600 | 2 |
| 3. | Technical Assistant | 550–900 | 4 |

| | | | |
|---|---|---|---|
| 4. | Technician | 350–500 | 3 |
| 5. | Attendant | 196–232 | 4 |
| 6. | Store-in-Charge | 235–700 | 1 |
| 7. | Typist (English) | 260–400 | 1 |
| 8. | Steno (English) | 350–500 | 1 |
| 9. | Air Condition & Light Asst. (In lieu of the post of electrician in the same scale recommended by the Technical Advisory Committee) | 350–500 | 1 |

**Manpower (Administrative Staff) :**

| *No.* | *Designation* | *No. of Post* |
|---|---|---|
| 1. | Office Superintendent | One |
| 2. | Accounts Officer | One |
| 3. | Chowkidar | Three |
| 4. | Drivers | Two |

**Research Staff :**

| | | |
|---|---|---|
| 1. | Research Officer | One. |

## પરિશિષ્ટ "૧૧"

પ્રશ્ન ક્રમાંક ૨૩૬ની માહિતી

ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એડ. વિદ્યાશાખામાં ચાલતાં અનુસ્નાતક કેન્દ્રો તથા વર્ષ ૧૯૯૬-૯૭માં વિદ્યાર્થીઓની સંખ્યા :

| *ક્રમ કેન્દ્રનું નામ* | *વિદ્યાર્થીઓની સંખ્યા* | *ગ્રુપ* |
|---|---|---|
| ૧. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ | ૨૨ | I |
| ૨. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ | ૨૯ | I |
| ૩. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ | ૧૨ | I |
| ૪. એજ્યુકેશન કૉલેજ, બોરસદ | ૧૮ | A |
| ૫. એજ્યુકેશન કૉલેજ, ડભોઈ | ૧૪ | A તથા I |
| ૬. એજ્યુકેશન કૉલેજ, ગોધરા | ૧૦ | A |
| ૭. એજ્યુકેશન કૉલેજ, મુન્દ્રા (કચ્છ) | ૧૦ | I |
| ૮. સ્કુલ ઑફ સાઇકોલોજી, ફિલોસોફી એન્ડ એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી | ૩૨ | A તથા I. |

## પરિશિષ્ટ "૧૨"

પ્રશ્ન ક્રમાંક ૨૪૩ની માહિતી

**List of Recognised Guide in Education Subject for Ph.D. Degree.**

1. Dr. K. A. Gandhi,
   University School of Psychology, Education and Philosophy,
   Gujarat University, Ahmedabad-9.
2. Shri R. D. Muliya,
   University School of Psychology, Education and Philosophy,
   Gujarat University, Ahmedabad-9.
3. Dr. Smt. Lilaben K. Patel (Principal),
   A. G. Teachers College, Navrangpura, Ahmedabad-9.
4. Dr. Smt. Sabitriben H. Vyas,
   Vaidyashri M. M. Patel Education College, Gulbai Tekra, Ellisbridge, Ahmedabad-6.
5. Dr. B. M. Modi (Principal),
   Parakash Education College,
   C/o. Jyoti Higher Secondary School, Near Parasnagar, Sola Road, Ahmedabad-13.
6. Dr. Anjanaben Mehta (Principal), Education College, Dabhoi, Dist. Baroda.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ ખંડમાં રવિવાર, તા. ૩૦-૩-૧૯૯૭ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એસ. બી. વોરાએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૩૦-૩-૧૯૯૭ |
|---|---|---|
| ૧. | ડૉ. કૃષ્ણપાલસીંઘ (કુલાધિપતિશ્રી) | ગેરહાજર |
| ૨. | પ્રો. એસ. બી. વોરા, કુલપતિશ્રી | હાજર |
| ૩. | ડૉ. ચંદ્રકાન્ત એચ. મહેતા, ઉપકુલપતિશ્રી | હાજર |
| ૪. | ડૉ. પી. સી. વૈદ્ય | ગેરહાજર |
| ૫. | પ્રો. કે. એસ. શાસ્ત્રી | હાજર |
| ૬. | ડૉ. એમ. એન. દેસાઈ | હાજર |
| ૭. | પ્રો. એન. વી. વસાણી | હાજર |
| ૮. | શ્રી એમ. પી. જડિયા | હાજર |
| ૯. | શ્રી આર. એલ. પટેલ | હાજર |
| ૧૦. | ડાયરેક્ટર ઑફ હાયર એજ્યુકેશન | ગેરહાજર |
| ૧૧. | ડાયરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન | ગેરહાજર |
| ૧૨. | ડાયરેક્ટર ઑફ હેલ્થ ઍન્ડ મેડિકલ સર્વિસીઝ | ગેરહાજર |
| ૧૩. | ડાયરેક્ટર ઑફ એમ્પલોઇઝ ઍન્ડ ટ્રેઇનિંગ | ગેરહાજર |
| ૧૪. | નિયામકશ્રી, ખોરાક અને ઔષધ નિયમનતંત્ર | ગેરહાજર |
| ૧૫. | અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ | ગેરહાજર |
| ૧૬. | શ્રી ગિરીશચન્દ્ર કે. પરમાર | ગેરહાજર |
| ૧૭. | શ્રી માધુભાઈ એસ. ઠાકોર | ગેરહાજર |
| ૧૮. | શ્રી રમેશભાઈ બી. દેસાઈ | ગેરહાજર |
| ૧૯. | શ્રી ઠાકોરભાઈ પી. અમીન | હાજર |
| ૨૦. | શ્રી અરવિંદ શાહ | હાજર |
| ૨૧. | શ્રી ભાસ્કર આર. પટેલ | હાજર |
| ૨૨. | શ્રી જસવંતરાય ડી. પટેલ | ગેરહાજર |
| ૨૩. | શ્રી જગદીશ બી. ભાવસાર | હાજર |
| ૨૪. | શ્રી તેજસ કે. પટેલ | ગેરહાજર |
| ૨૫. | શ્રી દેવાંગ વી. લાખિયા | ગેરહાજર |
| ૨૬. | શ્રી સૂર્યકાંત પટેલ | હાજર |
| ૨૭. | ડૉ. કેતન દેસાઈ | ગેરહાજર |
| ૨૮. | શ્રી એ. ટી. અજમેરા | હાજર |
| ૨૯. | શ્રી મયંક આર. શાહ | ગેરહાજર |
| ૩૦. | શ્રી માધાભાઈ એમ. પટેલ | હાજર |
| ૩૧. | શ્રી અજય એસ. શાહ | ગેરહાજર |
| ૩૨. | શ્રી આર. આર. શુક્લ | ગેરહાજર |
| ૩૩. | ડૉ. એમ. બી. દેસાઈ | ગેરહાજર |

| | |
|---|---|
| ૩૪. શ્રી બી. જે. વસોયા | ગેરહાજર |
| ૩૫. શ્રી સુધીર નાણાવટી | ગેરહાજર |
| ૩૬. શ્રી બી. જે. પંડ્યા | હાજર |
| ૩૭. ડૉ. આર. પી. પટેલ | ગેરહાજર |
| ૩૮. શ્રી રમણલાલ કે. જોષી | ગેરહાજર |
| ૩૯. શ્રી ચંદ્રકાંત એમ. પટેલ | ગેરહાજર |
| ૪૦. શ્રી એચ. એચ. પટેલ | હાજર |
| ૪૧. શ્રી કાંતિલાલ જે પટેલ | હાજર |
| ૪૨. પ્રો. મંગુભાઈ આર. પટેલ | હાજર |
| ૪૩. શ્રી જે. આર. સોની | હાજર |
| ૪૪. શ્રી જે. એ. શુક્લ | હાજર |
| ૪૫. શ્રી ચંદુભાઈ કે. ઠક્કર | હાજર |
| ૪૬. શ્રીમતી પ્રતિમાબહેન પટેલ | હાજર |
| ૪૭. શ્રી બી. સી. રાઠોડ | ગેરહાજર |
| ૪૮. શ્રી રાજેન્દ્ર સી. શેઠ | ગેરહાજર |
| ૪૯. શ્રી. જે. પી. પટેલ | હાજર |
| ૫૦. શ્રીમતી ગીરા સી. વોરા | હાજર |
| ૫૧. શ્રી વસંત કે. આચાર્ય | ગેરહાજર |
| ૫૨. શ્રી એન. સી. મારવાડી | ગેરહાજર |
| ૫૩. શ્રી કે. જી. મહેતા | હાજર |
| ૫૪. શ્રી રતીલાલ સી. પટેલ | હાજર |
| ૫૫. શ્રી વિનોદ પી. પટેલ | હાજર |
| ૫૬. શ્રીમતી અમિતા કે. ગંભીર | હાજર |
| ૫૭. શ્રી તુષાર સી. પંડ્યા | ગેરહાજર |
| ૫૮. શ્રી પંકજ ઉદેસી | હાજર |
| ૫૯. શ્રી આર. આર. પટેલ | હાજર |
| ૬૦. શ્રી તરુણકુમાર આર. શાહ | હાજર |
| ૬૧. શ્રી પી. વી. વેદ | ગેરહાજર |
| ૬૨. શ્રી પી. જે. ગાંધી | હાજર |
| ૬૩. શ્રી એન. કે. પાઠક | હાજર |
| ૬૪. શ્રી ઈકબાલહુસેન એ. પટેલ | હાજર |
| ૬૫. ડૉ. આર. કે. પટેલ | હાજર |
| ૬૬. ડૉ. હરેશ ડી. ભાલોડિયા | ગેરહાજર |
| ૬૭. શ્રી જયંતીલાલ એમ. બારોટ | હાજર |
| ૬૮. શ્રી બી. વી. પટેલ | હાજર |
| ૬૯. શ્રી જી. એ. પટેલ | હાજર |
| ૭૦. શ્રી જે. એસ. પ્રજાપતિ | હાજર |
| ૭૧. શ્રી ડી. બી. સોલંકી | હાજર |
| ૭૨. શ્રી ડી. એન. ત્રિવેદી | હાજર |
| ૭૩. શ્રી મિલન એસ. શાહ | હાજર |
| ૭૪. શ્રી બી. એમ. સુહાગીયા | હાજર |
| ૭૫. શ્રી એસ. કે. ગોહેલ | ગેરહાજર |
| ૭૬. કુ. ડોલી પંકજ પટેલ | ગેરહાજર |
| ૭૭. પ્રિ. મીરાબહેન ડી. મેનન | ગેરહાજર |
| ૭૮. પ્રિ. એચ. પી. પંડ્યા | ગેરહાજર |
| ૭૯. પ્રિ. એન. બી. પંડ્યા | ગેરહાજર |



| | |
|---|---|
| ૮૦. પ્રિ. એ. યુ. પટેલ | હાજર |
| ૮૧. પ્રિ. વી. બી. પટેલ | ગેરહાજર |
| ૮૨. પ્રિ. ટી. આર. શાહ | હાજર |
| ૮૩. પ્રિ. વી. એમ. પટેલ | ગેરહાજર |
| ૮૪. પ્રિ. એન. આર. ઠક્કર | હાજર |
| ૮૫. પ્રિ. સી. પી. વ્યાસ | ગેરહાજર |
| ૮૬. પ્રિ. બી. એમ. મોદી | હાજર |
| ૮૭. પ્રિ. જે. ડી. આચાર્ય | હાજર |
| ૮૮. પ્રિ. આર. જી. ભટ્ટ | હાજર |
| ૮૯. પ્રિ. સી. બી. ગેમાવત | હાજર |
| ૯૦. પ્રિ. એચ. એમ દેસાઈ | હાજર |
| ૯૧. પ્રિ. વી. એચ. દીક્ષિત | ગેરહાજર |
| ૯૨. પ્રિ. એ. એન. કારિયા | હાજર |
| ૯૩. ડૉ. સી. એ. દેસાઈ | હાજર |
| ૯૪. પ્રિ. સૌરભ ચોક્સી | ગેરહાજર |
| ૯૫. પ્રિ. એ. એમ. મોદી | હાજર |
| ૯૬. પ્રિ. સી. બી. રાવલ | હાજર |
| ૯૭. પ્રિ. પી. સી. ઉપાધ્યાય | ગેરહાજર |
| ૯૮. પ્રિ. સી. જે. શીશુ | ગેરહાજર |
| ૯૯. ડૉ. કે. એચ. શાહ | ગેરહાજર |
| ૧૦૦. શ્રી મનીષ જે. ચૌધરી | હાજર |
| ૧૦૧. શ્રી એ. કે. પટેલ | ગેરહાજર |
| ૧૦૨. શ્રી એમ. જે. મકવાણા | હાજર |
| ૧૦૩. શ્રી વી. પી. પટેલ | હાજર |
| ૧૦૪. શ્રી ગુની શેઠ્ઠી સતીષ | હાજર |
| ૧૦૫. શ્રી કે. કે. પરીખ | ગેરહાજર |
| ૧૦૬. શ્રી ઘોઘારી બિન્દુ | હાજર |
| ૧૦૭. શ્રી જી. ડી. પટેલ | ગેરહાજર |
| ૧૦૮. શ્રી ડી. સી. પટેલ | હાજર |
| ૧૦૯. શ્રી કે. એ. પટેલ | ગેરહાજર |
| ૧૧૦. શ્રી આર. એસ. પટેલ | હાજર |
| ૧૧૧. શ્રી પ્રબોધ એલ. ભટ્ટ | હાજર |
| ૧૧૨. શ્રી હર્ષદભાઈ દલાલ | ગેરહાજર |
| ૧૧૩. શ્રી નરહરિ અમીન | ગેરહાજર |
| ૧૧૪. શ્રી એમ. સી. છાબરિયા | ગેરહાજર |
| ૧૧૫. પ્રો. વાય કે. અગ્રવાલ | ગેરહાજર |
| ૧૧૬. ડૉ. બી. બી. જાની | હાજર |
| ૧૧૭. પ્રો. વાય ડી. વ્યાસ | હાજર |
| ૧૧૮. ડૉ. રંજના હરીશ | હાજર |
| ૧૧૯. ડૉ. સી. એચ. મહેતા | હાજર |
| ૧૨૦. ડૉ. અલકનંદા વી. વ્યાસ | હાજર |
| ૧૨૧. શ્રી આર. જે. મોદી | ગેરહાજર |
| ૧૨૨. ડૉ. એસ. કશ્યપ | ગેરહાજર |
| ૧૨૩. પ્રો. એન. એમ. વાય. અનસારી | હાજર |
| ૧૨૪. શ્રી હરદીપ એ. ભટ્ટ | ગેરહાજર |
| ૧૨૫. શ્રી જે. પી. પાંડે | ગેરહાજર |
| ૧૨૬. શ્રી રાજુ પરમાર | ગેરહાજર |
| ૧૨૭. શ્રી સોનલ પટેલ | ગેરહાજર |
| ૧૨૮. શ્રી એ. આર. શાહ | હાજર |
| ૧૨૯. શ્રી એન. આર. શાહ | ગેરહાજર |
| ૧૩૦ શ્રી વિનોદ ત્રિપાઠી | ગેરહાજર |

**૧. તા. ૨૭/૨૮-૩-૧૯૯૬ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત.**

તા. ૨૭/૨૮ ૩ ૧૯૯૬ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

**(ક). ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦+ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૯૪ના રોજ પૂરા થતા વર્ષના યુનિવર્સિટીના વાર્ષિક હેવાલની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૩/૨૪-૩-૧૯૯૫ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ સદરહુ વાર્ષિક હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ).**

**(ખ). ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦+ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૯૫ના રોજ પૂરા થતા વર્ષના યુનિવર્સિટીના વાર્ષિક હેવાલની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮-૩-૧૯૯૬ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ સદરહુ વાર્ષિક હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ).**

**(ગ). ૧૯૯૩-૧૯૯૪ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલ પરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૩/૨૪-૩-૧૯૯૫ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ).**

**(ઘ). ૧૯૯૪-૧૯૯૫ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલ પરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮-૩-૧૯૯૬ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ).**

**(ચ) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના ૧૯૮૭-૮૮ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો પરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૩/૨૪-૩-૧૯૯૫ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ ઓડિટ થયેલ હિસાબોની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ).**

**(છ) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અને સ્ટે. ૮૯ અનુસાર યુનિવર્સિટીના સને ૧૯૯૫-૯૬નું અંદાજપત્ર અને ૧૯૯૪-૯૫નું પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૩/૨૪-૩-૧૯૯૫ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ અંદાજપત્રની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ.)**

**(જ). ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અને સ્ટે. ૮૯ અનુસાર યુનિવર્સિટીના સને ૧૯૯૬-૯૭નું અંદાજપત્ર અને ૧૯૯૫-૯૬નું પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮-૩-૧૯૯૬ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી ન હતી, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ અંદાજપત્રની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ.)**

બાબત ક્રમાંક ૧(ક)થી (જ) સુધી કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપર્યુક્ત કાર્યોની નોંધ લેવામાં આવી. ત્યાર બાદ ૧(ઝ) મુજબ પ્રશ્નોત્તરી અંગેનું કાર્ય હાથ ધરવામાં આવ્યું. પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં સુધીમાં પ્રશ્નોત્તરી ક્રમાંક ૮૮ સુધી હાથ ધરવામાં આવી.

(બાબત ક્રમાંક ૧(ગ) અને ૧(ઘ) બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલની નકલ **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે અને બાબત ક્રમાંક ૧ (ઝ) પ્રશ્નોત્તરી ક્રમાંક ૧થી ૮૮ **પરિશિષ્ટ** '૨' તરીકે સામેલ છે.)

---

***G. U. Act, Section 50 :**

The Annual Report of the University shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the Court on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Court at the annual meeting. The Court may pass resolution thereon and communicate the same to the Executive Council which may take such action as it thinks fit; and the Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

**+Statute 90 :**

The Executive Council shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Court at least six weeks before the date fixed for the annual meeting of the Court.



**૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦+ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૯૬ના રોજ પૂરા થતા વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.**

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **શ્રી ડી. બી. સોલંકીએ** નોટિસ આપી હતી :

"તા. ૩૧ માર્ચ, ૧૯૯૬ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી નોંધ લે છે."

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી સદરહુ પ્રસ્તાવ પ્રા. ડી. બી. સોલંકીએ રજૂ કર્યો, તેને શ્રી અરવિંદભાઈ શાહે ટેકો આપ્યો.

તે પર ચર્ચાવિચારણાને અંતે મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૩. ૧૯૯૫-૯૬ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો હેવાલ.**

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્યશ્રી એલ. પી. પંડ્યાએ** નોટિસ આપી હતી :

આ સભા સને ૧૯૯૫-૯૬ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલની નોંધ લે છે.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી સદરહુ પ્રસ્તાવ પ્રા. ડી. બી. સોલંકીએ રજૂ કર્યો, તેને પ્રિ. નટુભાઈ ઠક્કરે ટેકો આપ્યો.

તે પર ચર્ચાવિચારણાને અંતે મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સદરહુ હેવાલની નકલ પરિશિષ્ટ '૩' તરીકે સામેલ છે.)

**૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના ૧૯૮૮-૮૯ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો.**

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્યશ્રી એલ. પી. પંડ્યાએ** નોટિસ આપી હતી :

"આ સભા ૧૯૮૮-૮૯ના વર્ષના ઓડિટ થયેલા હિસાબોની નોંધ લે છે."

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી સદરહુ પ્રસ્તાવ પ્રા. ડી. બી. સોલંકીએ રજૂ કર્યો, તેને શ્રી અરવિંદભાઈ શાહે ટેકો આપ્યો.

તે પર ચર્ચાવિચારણાને અંતે મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૯૭-૯૮નું અંદાજપત્ર તથા સને ૧૯૯૬-૯૭નું પુનર્નિર્મિત અંદાજપત્ર.**

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **આચાર્યશ્રી એલ. પી. પંડ્યાએ** નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૯૭-૯૮ના અંદાજપત્ર તથા સને ૧૯૯૬-૯૭ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી સદરહુ પ્રસ્તાવ પ્રા. ડી. બી. સોલંકીએ રજૂ કર્યો, તેને શ્રી અરવિંદભાઈ શાહે ટેકો આપ્યો.

તે પર ચર્ચાવિચારણાને અંતે મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નવા ઘડેલા, સુધારેલા અને રદ કરેલા ઑર્ડિનન્સ.**

**(અ) નવા ઘડેલ ઑર્ડિનન્સ**

ઑર્ડિ. ૧૨૦-એન. Edu. O. IA.

**(બ) સુધારવામાં આવેલા ઑર્ડિનન્સ**

ઑર્ડિ. ૬૨-ડી, ઑર્ડિ. ૬૫-એમ(૨)(૨), ઑર્ડિ. ૭૦, એમ.ડી.એસ. ઑર્ડિ. ૭૭, ઑર્ડિ. ૭૭ની પેટા કલમ ૫.૧, ૭.૧, ૭.૯, ૭.૧૧, ઑર્ડિ. ૧૨૦ A-૩(૩) ઑર્ડિ. ૧૨૦-બીની કંડિકા (૯), ઑર્ડિ. ૧૨૦-જે અને ઑર્ડિ. ૧૫૧ સી (બી) (એ), ઑર્ડિ. ૧૫૯ (૪)(બી), ઑર્ડિ. ૧૭૦, ઑર્ડિ. ૩૨૦, એમ.ફિલ. ઑર્ડિ. ૪(એ), એમ.ફિલ. ૮(૫), ઑર્ડિ. એમ.એ. (એક્સ)-૫, ઑર્ડિ. એમ.કોમ. (એક્સ)-૫, ૮.

**(ક) રદ કરવામાં આવેલો ઑર્ડિનન્સ**

એમ.ડી.એસ. ઑર્ડિ. ૧૪, પેટાકલમ ૧, ૨.

આથી ઠરાવવામાં આવે છે કે નવા ઘડવામાં આવેલા અને સુધારવામાં આવેલા સદરહુ ઑર્ડિનન્સો સભાગૃહે મંજૂર કર્યા અને રદ કરવામાં આવેલા ઑર્ડિનન્સો સભાગૃહે રદ કરવાનું મંજૂર કર્યું.

(નવા ઘડેલા, સુધારવામાં આવેલા અને રદ કરેલ ઑર્ડિનન્સની નકલ **પરિશિષ્ટ '૪'** તરીકે સામેલ છે.)

**૭. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"Schedule-II-4 હેઠળ (vi) ક્રમાંક આપી તેની નીચે નીચેની જોગવાઈ ઉમેરવા સક્ષમ સત્તામંડળ ભલામણ છે :

(vi) All the members of the Court to be included in the Board of the subject of the choice or the subject of their qualification and experience."

**૮. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"Section (19) (1) .. નીચે પ્રમાણે સુધારવા સરકારશ્રીને ભલામણ છે :

The Executive Council shall consist of the following members, namely, with a condition that no member except the provision made in (19) (1) (i), (ii) and (iii), (a), (b), (c) shall continue for more than two terms.

અધોરેખિત શબ્દોના ઉમેરણ સિવાયની બાકીની બધી જોગવાઈઓ મૂળ પ્રમાણે ચાલુ રાખવી.

**૯. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"Section-19 (1) (v)માંની ક્ષતિયુક્ત જોગવાઈ સુધારવા સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે. ઉપર્યુક્ત જોગવાઈ નીચેની રીતે સુધારવી :

Three persons elected by the Court from amongst its members excluding those from Class-II–A(vii), (viii), (ix) and Class-C and D."

**૧૦. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"Section (21) (1)માં અધોરેખિત શબ્દો ઉમેરવા સરકારશ્રીને ભલામણ છે :

The Academic Council shall consist of the following members, namely, with a condition that no member except the provision made in (21) (1), (i), (ii) and (iii) shall continue for more than two terms."

અન્ય જોગવાઈઓ યથાવત રાખવી.

**૧૧. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"Section-52 હેઠળની જોગવાઈ રદબાતલ કરવા સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે."

**૧૨. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"Section Class–II (A) (iii) (iv) હેઠળની જોગવાઈ રદ કરવા સરકારશ્રીને ભલામણ કરે છે."

પ્રસ્તુત બાબતે પ્રો. કે. એસ. શાસ્ત્રીએ રજૂઆત કરી કે બાબત ક્રમાંક ૭થી ૧૨, યુનિવર્સિટી ધારાની કલમોમાં ફેરફાર કરવા અંગેની હોઈ, તે યોગ્ય સત્તામંડળ મારફતે આવવી જોઈએ, તે કુલપતિશ્રીએ સભાગૃહની સંમતિથી મોકૂફ રાખી હતી.

**૧૩ (૧). પ્રિ પી. સી. ઉપાધ્યાયે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"યુનિવર્સિટી કોર્ટ ઉપર સંલગ્ન કૉલેજોના આચાર્યોના મતદાર વિભાગમાંથી હાલ ચાર કૉલેજદીઠ એક આચાર્ય પ્રતિનિધિ નીમવાની જોગવાઈ સ્ટે. ૧૦-એ(૨)માં કૉલેજોની ૧૪૦ની મર્યાદાને અનુલક્ષીને ૨૮ આચાર્યોની ચૂંટણી કરવાની જોગવાઈ છે, પરંતુ હાલ સંલગ્ન કૉલેજોની સંખ્યા ૧૫૦ની થઈ હોવાથી ૩૫ની મર્યાદામાં આચાર્યોના પ્રતિનિધિની સંખ્યા વધારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી અને તે માટે સ્ટે. ૧૦(એ)(૨)માં ઘટતો સુધારો કરી રજૂ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને યુનિવર્સિટી કોર્ટની આ સભા ભલામણ કરે છે."

**૧૩ (૨). પ્રા. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"સ્ટેચ્યૂટ ૧૦(૧), (૨)ની જોગવાઈ નીચે પ્રમાણે સુધારવા સક્ષમ સત્તાને ભલામણ કરવામાં આવે છે :

'Not more than 35 Principals of the affiliated colleges shall be elected from the Principals of their own faculty only. The Provision of Seats has been specified below : '

બેઠકોની આંકડાકીય વ્યવસ્થા મૂળ જોગવાઈ પ્રમાણે રાખવી.

ઉપરોક્ત પ્રસ્તાવો પરત્વે પ્રો. એ. ટી. અજમેરાએ નીચે પ્રમાણે સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

૧૩ (૧). ૩૫ની મર્યાદામાં આચાર્યોના પ્રતિનિધિ સંખ્યા વધારવા તે શબ્દો પછી નીચેના શબ્દો ઉમેરવા : અને એ જ રીતે અધ્યાપક સંખ્યા વધી હોવાથી અધ્યાપક પ્રતિનિધિ સંખ્યા ૫૦ની મર્યાદામાં વધારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ ૧૦(૩)માં અનુક્રમે ઘટતા સુધારા કરી રજૂ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને યુનિવર્સિટી કોર્ટની આ સભા ભલામણ કરે છે.



૧૩ (૨). સ્ટેચ્યૂટ ૧૦(૧), (૨)ની એ શબ્દોની જગ્યાએ સ્ટેચ્યૂટ. ૧૦(૧)(૧), (૨)ની શબ્દો મૂકવા. બાકીનું લખાણ યથાવત રાખવું.

ઉપરોક્ત બન્ને પ્રસ્તાવોને કોઈ સભ્યશ્રીએ ટેકો ન આપતાં તેના ઉપર ચર્ચા થઈ શકી ન હતી.

**૧૪. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"સ્ટેચ્યૂટ ૧૦(૩)ની જોગવાઈ નીચે પ્રમાણે સુધારવા ભલામણ સક્ષમ સત્તાને કરવામાં આવે છે :

'Not more than 42 members by Teachers excluding Deans of Faculties and Principals of Colleges shall be elected from the members of their own faculty only. The Provision of Seats has been specified below' :

બેઠકોની આંકડાકીય વ્યવસ્થા મૂળ જોગવાઈમાં તે જ પ્રમાણે રાખવી."

સદરહુ પ્રસ્તાવને કોઈ સભ્યશ્રીએ ટેકો ન આપતાં, તેના પર ચર્ચા થઈ શકી ન હતી.

**૧૫. શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"સ્ટેચ્યૂટ ૩૦ નીચે પ્રમાણે સુધારવા સક્ષમ સત્તાને ભલામણ છે :

'If there is no quorum at the commencement of the meeting after half an hour without any quorum'

મૂળ સ્ટેચ્યૂટ રદ કરવો.

સદરહુ પ્રસ્તાવ પરત્વે પ્રા. એ. ટી. અજમેરાએ નીચે પ્રમાણે સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

પ્રસ્તાવના શબ્દો the meeting after શબ્દો નીચે પ્રમાણે સુધારવા the meeting will meet after બાકીના શબ્દો યથાવત રાખવા."

સદરહુ પ્રસ્તાવ પ્રા. એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, તેને પ્રિ. એ. એમ. કારિયાએ ટેકો આપ્યો.

પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે નામંજૂર કરવામાં આવ્યો.

**૧૬. શ્રી બી. જે. પંડ્યાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"આ યુનિવર્સિટીમાં હોમિયોપેથીની અલગ વિદ્યાશાખા સ્થાપવામાં આવે, અને તેના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે અને તે માટે સ્ટેચ્યૂટ ૯૭-એમાં 'ફેકલ્ટી ઑફ હોમિયોપેથી'નો ઉમેરો કરવો અને તે માટે સ્ટે. ૯૭-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

'In addition to Six Faculties specified in Section-23 of the Act, the University shall include the Faculty of Dental Surgery, the Faculty of Pharmacy and the Faculty of Homeopathy."

સદરહુ પ્રસ્તાવ શ્રી બી. જે. પંડ્યાએ રજૂ કર્યો, તેને શ્રી અરવિંદભાઈ શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ યોગ્ય સત્તામંડળ સમક્ષ સૂચનરૂપે રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

**૧૭. પ્રા. આર. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"યુનિવર્સિટી પરીક્ષાઓમાં જે એક્સપર્ટોની જરૂર છે તેમાં ઘટાડો કરી જરૂર પૂરતા દરેક પરીક્ષામાં એક્સપર્ટ રાખવા અને યોગ્ય કાર્ય એક્સપર્ટો કરે તેવો સુધારો કરવા આ સભા વિનંતી કરે છે.

ઉપરોક્ત સુધારો લાગતાવળગતા બોર્ડો તાત્કાલિક કરે તેવી વિનંતી સાથે આ સભા અનુરોધ કરે છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. આર. સી. પટેલે કે અન્ય કોઈ સભ્યશ્રીએ રજૂ કર્યો નહીં તેથી તેના પર ચર્ચા થઈ શકેલ નહીં.

**૧૮. પ્રા. આર. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"સાયન્સની પ્રાયોગિક પરીક્ષાઓમાં કાર્ય કરતા દરેક કર્મચારીઓ નિષ્ઠાપૂર્વક અને ખંતથી કાર્ય કરે, જેથી લાયક અને હોશિયાર વિદ્યાર્થીને નુકશાન ના થાય અને વિદ્યાર્થીનું સાચું મૂલ્યાંકન થાય તે જરૂરી છે એવું આ સભા સૂચન કરે છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. આર. સી. પટેલે કે અન્ય કોઈ સભ્યશ્રીએ રજૂ કર્યો નહીં તેથી તેના પર ચર્ચા થઈ શકેલ નહીં.

**૧૯. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"યુનિવર્સિટી કૅમ્પસમાં માનવ મંદિર ડ્રાઈવ-ઇન રોડ પરનાં યુનિવર્સિટીનાં તાબાનાં મેદાનોમાં થઈ રહેલ ગેરકાયદે દબાણોને તાત્કાલિક દૂર કરવામાં આવે અને આવાં ગેરકાયદેસર દબાણો ભવિષ્યમાં ન થાય તે માટે કાયમી વ્યવસ્થા કરવાની યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. ટી. આર. શાહે રજૂ કર્યો, તેને શ્રી જગદીશભાઈ ભાવસારે ટેકો આપ્યો.

ચર્ચાવિચારણાને અંતે સદરહુ સૂચનની નોંધ લેવામાં આવી.

૨૦. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટીની કોર્ટ-સભા હાલ વાર્ષિક ધોરણે આયોજિત થાય છે તેને બદલે ત્રિમાસિક ધોરણે આયોજિત કરવાની યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. ટી. આર. શાહે રજૂ કર્યો, તેને પ્રા. ડી. એન. ત્રિવેદીએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે નામંજૂર કરવામાં આવ્યો.

૨૧. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"લલિતકલા અને સંગીતના સ્નાતક તેમજ અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. ટી. આર. શાહે રજૂ કર્યો, તેને પ્રિ. એ. એન. કારિયાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર ચર્ચાવિચારણાને અંતે સદરહુ સૂચનની નોંધ લેવાનું ઠરાવવામાં આવ્યું.

૨૨. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ફેકલ્ટી ઑફ ટેક્નોલોજી ઇન્ક્લુડિંગ એન્જિનિયરિંગ, નામનું સરલીકરણ કરી તેને બદલે ફેકલ્ટી ઑફ ટેક્નોલોજી અથવા "ફેકલ્ટી ઑફ એન્જિનિયરિંગ" નામકરણ કરવાની યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. ટી. આર. શાહે રજૂ કર્યો જેને પ્રિ. એ. એન. કારિયાએ ટેકો આપ્યો.

ચર્ચાવિચારણાના અંતે સદરહુ સૂચનની નોંધ લેવામાં આવી.

૨૩. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"દરેક શહેર-ગામમાં આવેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા સર્જિત લલિતકલા, વિજ્ઞાન તેમજ જનજાગૃતિને લગતી બાબતોએ પ્રદર્શનીય કૃતિઓનું સંયુક્ત જાહેર પ્રદર્શન જે તે શહેર-ગામમાં આયોજિત થાય અને એ દ્વારા યુનિવર્સિટી-કોલેજો અને સમાજ વચ્ચે સેતુ સ્થપાય એ માટે ઘટતું કરવાની યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. ટી. આર. શાહે રજૂ કર્યો, જેને પ્રિ. એ. એન. કારિયાએ ટેકો આપ્યો.

ચર્ચાવિચારણાના અંતે સદરહુ સૂચનની નોંધ લેવામાં આવી.

૨૪. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"દર વર્ષે યુનિવર્સિટી અંતર્ગત આયોજિત વિભાગીય યુવક-મહોત્સવોમાં સમાવિષ્ટ થતી સ્પર્ધા-આઈટેમ્સમાં સમાનતા રાખવાને યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. ટી. આર. શાહે રજૂ કર્યો, જેને પ્રિ. એ. એન. કારિયાએ ટેકો આપ્યો.

સદરહુ સૂચનની નોંધ લેવામાં આવી.

૨૫. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આઈ.એ.એસ. સેન્ટર ભવનની શ્યામ-ગોકુલ ચાર રસ્તા તરફ જતા યુનિવર્સિટી વિસ્તારના રસ્તાનું રોડ-સરફેસિંગ બરાબર ન હોવાથી તેમજ એ રસ્તા ઉપરની ગટરોના મેન-હોલ્સનું લેવલિંગ ન હોવાથી એ રસ્તેથી યુનિવર્સિટીએ આવતા વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સ્ટાફ અને નાગરિકો માટે એ રસ્તો અત્યંત ભયજનક છે, તો તે અંગે વિનાવિલંબે જે તે જાહેર સત્તાવર્તુળોને તાકીદે યોગ્ય કરવાને ફરજ પાડવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. ટી. આર. શાહે રજૂ કર્યો, જેને શ્રી જગદીશભાઈ ભાવસારે ટેકો આપ્યો.

સદરહુ સૂચનની નોંધ લેવામાં આવી.

૨૬. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી લાઇબ્રેરીથી યુનિવર્સિટી બોયઝ હોસ્ટેલ તરફના રસ્તાની વહેલી તકે મરામત કરાવવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. ટી. આર. શાહે રજૂ કર્યો, જેને શ્રી અરવિંદભાઈ શાહે ટેકો આપ્યો.

સદરહુ સૂચનની નોંધ લેવામાં આવી.

૨૭. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી સંલગ્ન વિદ્યાર્થીઓનાં સુગ્રથિત વ્યક્તિત્વ વિકાસ માટે બોર્ડ ફોર એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝના સહયોગમાં બોર્ડ ફોર યુથ વેલ્ફેર દ્વારા સઘન પ્રયાસો કરવાની યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. ટી. આર. શાહે રજૂ કર્યો, જેને શ્રી અરવિંદભાઈ શાહે ટેકો આપ્યો.

સદરહુ સૂચનની નોંધ લેવામાં આવી.



૨૮. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કોર્ટ-સભાની બેઠકોમાં કોરમના અભાવે ચર્ચા ઉપર હાથ ન લેવાતાં પ્રસ્તાવો અંગે યુનિવર્સિટીએ અલગ સમિતિ રચી, તેના દ્વારા યુનિવર્સિટીના સત્તાવાર વલણ-કાર્યવાહી નિશ્ચિત કરવા અને તેની જાણ દરેક કોર્ટ-સભ્યને કરવાની વ્યવસ્થા ગોઠવવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. ટી. આર. શાહે કે અન્ય કોઈ સભ્યશ્રીએ રજૂ કર્યો નહિ તેથી તેના પર ચર્ચા થઈ શકેલ નહિ.

૨૯. પ્રા. ટી. આર. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષાઓનું સ્તર શિક્ષણલક્ષી (શિક્ષણલક્ષી પરીક્ષણ) થાય એ માટે અનુરૂપ પ્રાશ્નિકોને તૈયાર કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. ટી. આર. શાહે રજૂ કર્યો, જેને પ્રા. ડી. એન. ત્રિવેદીએ ટેકો આપ્યો.

સદરહુ સૂચનની નોંધ લેવામાં આવી.

૩૦. શ્રી એમ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી આજની સભા ઠરાવે છે કે, ૧૯૮૮ પહેલાં ફાર્મસી વિદ્યાશાખા જે રીતે અસ્તિત્વમાં હતી તેજ રીતે શૈક્ષણિક વર્ષ ૧૯૯૭થી અમલમાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી પટેલે રજૂ કર્યો, જેને પ્રા. ટી. આર. શાહે ટેકો આપ્યો.

સદરહુ સૂચનની નોંધ લેવામાં આવી.

૩૧. શ્રી એમ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી ઠરાવવામાં આવે છે કે, ફાર્મસી વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ ભણાવતા શિક્ષકોને અન્ય વિદ્યાશાખાઓમાં શિક્ષકોને જે તે કાર્યભાર ગણવામાં આવે છે તે પ્રમાણે ગણવામાં આવે."

૩૨. શ્રી એમ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી ઠરાવવામાં આવે છે કે, ફાર્મસી વિદ્યાશાખામાં પરીક્ષકોને આપવામાં આવતું ટી.એ.ડી.એ. મેડિકલ વિદ્યાશાખા પ્રમાણે આપવું."

૩૩. શ્રી એમ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સાથે જોડાયેલ ખંભાત તથા આદિપુર ફાર્મસી કૉલેજમાં પરીક્ષક તરીકે જતા પરીક્ષકોને પ્રેક્ટિકલની પરીક્ષા દરમિયાન ખર્ચાતું રીક્ષા ભાડું આપવું."

૩૪. શ્રી એમ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી ઠરાવવામાં આવે છે કે, આદિપુર ખાતે આવેલ યુનિવર્સિટી સંલગ્ન ફાર્મસી કૉલેજના અધ્યાપકોને યુનિવર્સિટીની સર્વિસની શરતો લાગુ પાડવી. નહિ કે પોલિટેકનિકની."

૩૫. શ્રી એમ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમ પાસ કરનાર કે થયેલ ભારતની કોઈ પણ યુનિવર્સિટી કે બોર્ડમાંથી પાસ થનારને ડિપ્લોમા ફાર્મસી પછી પ્રથમ વર્ષ બી.એસસી.માં પ્રવેશ આપવો."

૩૬. પ્રિ. એ. એન. કારિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આપણે ત્યાં હોમ સાયન્સ આર્ટ્સ ફેકલ્ટીનો વિષય છે. સ્ત્રી જાગૃતિના વધતા જતા મહત્ત્વની દૃષ્ટિએ ખરેખર હોમ સાયન્સની અલગ કૉલેજો અન્ય યુનિવર્સિટીઓની જેમ, આપણે ત્યાં પણ હોવી જોઈએ ઉદાહરણ તરીકે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હોમ સાયન્સની ૧૫ કૉલેજો છે. વિષય અને સમયનું મહત્ત્વ પારખી, ગુજરાત યુનિવર્સિટીમાં પણ હોમ સાયન્સ કૉલેજો શરૂ થવી જોઈએ."

૩૭. પ્રિ. એ. એન. કારિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાતી યુવાનો આઈ.એ.એસ.માં ખાસ હોતા નથી. આપણે ત્યાં તેનું કેન્દ્ર ચાલતું હતું તે બંધ થઈ ગયું છે. કેન્દ્રિય સેવાઓમાં પણ આપણા યુવાનોને તક મળે તે હેતુથી આઈ.એ.એસ. કેન્દ્ર પુનઃ ચાલુ કરવું જોઈએ."

૩૮. પ્રિ. એ. એન. કારિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં સર્વત્ર ગુજરાતી માધ્યમ હવે સ્વીકૃત બન્યું છે અને જુદી જુદી કૉલેજોમાં સેંકડો વિષયોનું શિક્ષણ અપાઈ રહ્યું છે. આમ છતાં કોઈ વિષયમાં ક્યારેક માન્ય પરિભાષાની મુશ્કેલી ઊભી થાય છે આથી જુદા જુદા વિષયોના માન્ય પરિભાષાના શબ્દકોશો પ્રાધ્યાપકો પાસે તૈયાર કરાવીને યુનિવર્સિટીએ પ્રગટ કરવા જોઈએ."

**૩૯. પ્રિ. એ. એન. કારિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"રીએસેસમેન્ટ અને રીચેકિંગ માટે દૂરના વિસ્તારમાંથી વિદ્યાર્થીએ યુનિવર્સિટી સુધી રૂબરૂ જવું પડે છે આ સંજોગોમાં આર્થિક દૃષ્ટિએ ઘણી વખત વિદ્યાર્થીને પરવડતું હોતું નથી. તેથી આ કામગીરી કૉલેજને સોંપવી જોઈએ."

**૪૦. પ્રિ. એ. એન. કારિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"પરીક્ષા વખતે યુનિવર્સિટી સ્કવોડમાં છોટાઉદેપુર, સંખેડા, સંતરામપુર જેવાં કેન્દ્રોમાં ખૂબ દૂરથી ટુકડીના સભ્યો આવતા હોય છે. તેથી તેઓ પરીક્ષા વખતે પૂરતો સમય આપી શકતા નથી. અને યુનિવર્સિટીનો મૂળ હેતુ નિષ્ફળ જાય છે. આથી આવા સમયે, દૂરથી નહીં પરંતુ નજીકના વિસ્તારોમાંથી ટુકડીના સભ્યોને બોલાવવા આયોજન કરવું જોઈએ."

પ્રસ્તાવ ક્રમાંક ૩૧થી ૪૦ની બાબતમાં સૂચનોની નોંધ લેવામાં આવી.

**૪૧. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"બી.એડ.ના અભ્યાસક્રમમાં વિષયવસ્તુ અને પદ્ધતિના અલગ વિષયો છે, N.C.E.R.T. અને N.I.E.ની માર્ગદર્શક રેખાઓ પ્રમાણે બંને પ્રશ્નપત્રોને સ્થાને Content Oriented Methodનો પચાસ-પચાસ ગુણાંકનો એકેક એમ બે પદ્ધતિ વિષયો બી.એડ.ના અભ્યાસક્રમમાં આપવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને પ્રા. ડી. એન. ત્રિવેદીએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ યોગ્ય સત્તામંડળો સમક્ષ રજૂ કરવાનું રાખવું.

**૪૨. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

'એમ.એડ.ના અભ્યાસક્રમમાં ફરજિયાત ત્રણ પ્રશ્નપત્રો (દરેક પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનો)ના સ્થાને બે પ્રશ્નપત્રો રાખવા સક્ષમ સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને પ્રા. ડી. એન. ત્રિવેદીએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ યોગ્ય સત્તામંડળો સમક્ષ રજૂ કરવાનું રાખવું.

**૪૩. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"નિયમિત બી.એડ. અને વૅકેશન બી.એડ. પ્રવેશ માટે પ્રવર્તમાન કેટગરીના સ્થાને ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને અને ગુજરાત યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીઓ-એમ માત્ર બે કેટેગરી યોગ્ય પ્રમાણસર રાખવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી તરુણ શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવ્યો.

**૪૪. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"બી.એડ. પ્રવેશ માત્ર જૂના સ્નાતકોને, બે પદ્ધતિ-વિષયો પ્રવેશ એકમ જ નક્કી કરીને આપે (કે જેથી દરેક એજ્યુકેસન કૉલેજની પદ્ધતિવાર પ્રવેશ-સંખ્યા જળવાઈ રહે) તે રીતે આપવા ઘટતી વ્યવસ્થા કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી તરુણ શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ યોગ્ય સત્તામંડળો સમક્ષ રજૂ કરવાનું રાખવું.

**૪૫. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"બી.એડ. પ્રવેશસમિતિમાં શિક્ષણશાસ્ત્રીની વિદ્યાશાખાઓમાંથી ચૂંટાયેલા તમામ છ એ છ સભ્યોને સમાવી લેવા અને એ રીતે તેમની શક્તિઓનો ઉપયોગ કરવા કુલપતિશ્રી અથવા સક્ષમ સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી તરુણ શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ યોગ્ય સત્તામંડળો સમક્ષ રજૂ કરવાનું રાખવું.

**૪૬. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અલ્પતમ ૫૦% ગુણ મેળવનારને જ પ્રવેશ આપવાનો નિયમ ઘડવા યોગ્ય સત્તામંડળને ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી તરુણ શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે નામંજૂર કરવામાં આવ્યો.



**૪૭. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"સ્ટીરિયોટાઈપ પ્રશ્નપત્રો નિવારવા માટે યુનિવર્સિટીની દરેક વિદ્યાશાખામાં પ્રશ્નપત્રવાર 'બ્લ્યુ પ્રિન્ટ' અગાઉથી તૈયાર કરાવે અને એકના એક પ્રશ્નો પુનરાવર્તિત થતા રોકવા પ્રશ્નપત્રવાર વ્યાપક પ્રશ્ન બેંક તૈયાર કરાવે તે માટે યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી તરુણ શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ યોગ્ય સત્તામંડળ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

**૪૮. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓમાં ઉત્તીર્ણતાનું ધોરણ અત્યંત ૫૦% કરવા સક્ષમ સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ તેથી તેના પર ચર્ચા થઈ શકેલ નહિ.

**૪૯. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"બી.એડ. પ્રવેશસમિતિની રચનામાં ૫૦% આચાર્યો, ૫૦% અધ્યાપકો અને શિક્ષણશાસ્ત્રીની વિદ્યાશાખામાંથી ચૂંટાયેલા તમામ સભ્યો સમાવિષ્ટ થાય તેવી કુલપતિશ્રીને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી ટી. આર. શાહે , ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ યોગ્ય સત્તામંડળો સમક્ષ રજૂ કરવાનું રાખવું.

**૫૦. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"તમામ વિદ્યાશાખાઓના નોંધાયેલા સ્નાતકોને યુનિવર્સિટી લાઈબ્રેરીની બે વાચન ટિકિટો, પ્રવર્તમાન સેનેટ સભ્યોને પાંચ વાચન ટિકિટો તથા નિવૃત્ત અધ્યાપકો અને આચાર્યોને પણ પાંચ વાચન ટિકિટોનો લાભ મળે તે માટે કુલપતિશ્રીને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને પ્રિ. એ. એન. કારિયાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવની નોંધ લેવામાં આવી.

**૫૧. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"રીએસેસમેન્ટ માટે બે વખતના મૂલ્યાંકનનો તફાવત હજી યોગ્ય પ્રમાણમાં ઘટાડી તેને અર્થપૂર્ણ બનાવવા, રીએસેસમેન્ટનું પરિણામ મોડામાં મોડું એક માસ પૂરો થતા સુધીમાં આપી દેવા અને તે માટે રીએસેસમેન્ટની કેન્દ્રીય વ્યવસ્થા ગોઠવવા સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી બિન્દુ ધોધારીએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવની નોંધ લેવામાં આવી.

**૫૨. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની જેમ ગુજરાત યુનિવર્સિટીમાં પણ પૂર્વ-પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક સુધીની એક આદર્શ શાળા શરૂ કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી ડી. એન. ત્રિવેદીએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવની નોંધ લેવામાં આવી.

**૫૩. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી યુનિવર્સિટીઓનું પ્રતિનિધિત્વ રદ થયું હોવાથી માધ્યમિક શાળાઓના આચાર્યો, શિક્ષકો વગેરે જે જે માટે બેઠકોની જોગવાઈ યુનિવર્સિટી કોર્ટમાં હોય તે રદ કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ તેથી તે પર ચર્ચા થઈ શકી નહિ.

**૫૪. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"શિક્ષણશાસ્ત્રની એક જ અભ્યાસસમિતિના સ્થાને એકથી વધુ અભ્યાસસમિતિઓ યોગ્ય સંખ્યામાં પ્રસ્થાપિત કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ તેથી તે પર ચર્ચા થઈ શકી નહિ.

**૫૫. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"નોંધાયેલા સ્નાતકો માટે યુનિવર્સિટીના આશ્રયે વર્ષમાં એકવાર જ્ઞાનગોષ્ઠિના કાર્યક્રમનું આયોજન કરવા કુલપતિશ્રી અથવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને પ્રિ. એ. એન. કારિયાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવની નોંધ લેવામાં આવી.

**૫૬. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"બી.એડ. કૉલેજોમાં અધ્યાપક-તાલીમાર્થી પ્રમાણ ૧ : ૧૦ અને આચાર્ય-તાલીમાર્થી પ્રમાણ ૧ : ૫ રાખવા તથા તે અંગે સરકાર કક્ષાએ યુનિવર્સિટી જોરદાર રજૂઆત કરે તે માટે કુલપતિશ્રી અથવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને પ્રિ. એ. એન. કારિયાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવની નોંધ લેવામાં આવી.

**૫૭. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"યુનિવર્સિટીની સેનેટને વૈધિક ક્રિયાકાંડમાંથી બચાવી, તેના તમામ પ્રસ્તાવોને હાથ ધરી, તે માટે જરૂર પડે તો સેનેટસભાના કાર્યદિવસો લંબાવી, તેના પ્રસ્તાવોને યોગ્ય સત્તામંડળમાં લઈ જવા ઘટતું કરવા કુલપતિશ્રીને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને પ્રિ. એ. એન. કારિયાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે નામંજૂર કરવામાં આવ્યો.

**૫૮. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિ હાલ એક જ હોવાથી અને તેમાં અધ્યાપકોનું પ્રતિનિધિત્વ નહિવત્ હોવાથી શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખામાંથી ચૂંટાયેલા તમામ કોર્ટ-સભ્યો તેમાં આપોઆપ સમાવિષ્ટ થઈ જાય તે રીતે તે સંબંધી સ્ટેચ્યુટ સુધારવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી તરુણ શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે નામંજૂર કરવામાં આવ્યો.

**૫૯. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"અનુસ્નાતક અધ્યાપન કરતા તમામ મુલાકાતી અધ્યાપકોને કન્વેયન્સ એલાઉન્સ વ્યાખ્યાનના જે તે દિવસે જ ચૂકવી દેવા અને તમામ પરીક્ષાઓનું તમામ પ્રકારનું વેતન, બિલ રજૂ કર્યા પછી ૧૦૦ દિવસમાં ચૂકવી દેવા કુલપતિશ્રીને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી ડી. એન. ત્રિવેદીએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવની નોંધ લેવામાં આવી.

**૬૦. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"સરદાર પટેલ યુનિવર્સિટીની જેમ યુનિવર્સિટી ભવનોમાં રીડર અને પ્રોફેસર તરીકે નિયુક્તિ પામતા અધ્યાપકો નિયુક્તિની સાથે પીએચ.ડી ગાઈડ તરીકે આપોઆપ માન્યતા પામે અને તેમને સંશોધનપત્રો રજૂ કરવામાંથી મુક્તિ મળે એવી લક્ષમ સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી ડી. એન. ત્રિવેદીએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવની નોંધ લેવામાં આવી.

**૬૧. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"યુનિવર્સિટી ભવનો અને અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા અધ્યાપકોના સંશોધનપત્રોના મૂલ્યાંકન માટે તે અધ્યાય કોપી પીએચ.ડી.ની પદવી પહેલી પ્રાપ્ત કરી હોય અને તેમના કરતાં વિશેષ અધ્યાપન અનુભવ હોય તેવા મૂલ્યાંકનકારોને જ નિયુક્ત કરવા સક્ષમ સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી ડી. એન. ત્રિવેદીએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવની નોંધ લેવામાં આવી.



**૬૨. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગમાં જે સ્નાતક મતદારો વધુ મુદત માટે નોંધણી ચાલુ રાખવા અરજી કરે તો સાતત્યના આધારે તેમણે માત્ર અરજી જ કરવાની રહે પણ સ્નાતક પરીક્ષાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ ફરી રજૂ કરવામાંથી મુક્તિ આપવામાં આવે (કારણ કે યુનિવર્સિટી પાસે પ્રસ્તુત નકલ છે જ) તે અંગે ઘટતું કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી ડી. એન. ત્રિવેદીએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવની નોંધ લેવામાં આવી.

**૬૩. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"યુનિવર્સિટી કોર્ટ-સભાઓમાં કોર્ટ સભ્યો પૂરા સમય માટે હાજર રહે તે માટે સભા પ્રવેશ અને સભા વિસર્જન વખતે સભામંચ ઉપર કે પાસે રાખવામાં આવેલ હાજરીપત્રકમાં સક્ષમ અધિકારીની હાજરીમાં હાજરીનું નોંધે તોજ તેમને હાજર ગણાવામાં આવે અને તોજ તેમને હાજરીનું વેતન મળે તે માટે ઘટતું કરવા યોગ્ય સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી તરુણ શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવ્યો.

**૬૪. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"યુનિવર્સિટીનાં વિવિધ સત્તામંડળોની ચૂંટણી વખતે વિધાનસભા-લોકસભાની ચૂંટણીના હેતુસર સરકારે આપેલ ઓળખપત્રો મતદાન વખતે માન્ય ગણવામાં આવે અને યુનિવર્સિટી દ્વારા પાત્ર ઓળખપત્રો રજૂ કરવામાંથી યુનિવર્સિટી મતદારોને મુક્તિ આપવામાં આવે તેમ કરવા ઘટતું કરવા યોગ્ય મંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ રજૂ કર્યો, જેને શ્રી તરુણ શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવ્યો.

**૬૫. પ્રો. એ. ટી. અજમેરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"હાલ યુનિવર્સિટી કોર્ટ-સભ્યોને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને ક્યારેક એકેડેમિક કાઉન્સિલની સભાઓના અહેવાલો માહિતી ખાતર મોકલવામાં આવે છે. બાકીના સત્તામંડળોની કામગીરી વિશે કોર્ટસભ્યો અજાણ હોય છે. કોર્ટ સભ્યપદ પાયાનું પદ છે, તેઓને તમામ સત્તામંડળોની કામગીરીથી માહિતગાર કરવાની પ્રતિબદ્ધતા યુનિવર્સિટીએ અદા કરવાની જરૂર છે, સંબંધિત સભ્યોને તેમને સંબંધિત વિદ્યાશાખા અને અભ્યાસસમિતિની કામગીરીથી વાકેફ કરી શકાય. આ માટે ઘટતું કરવા યોગ્ય અધિકારી વ્યક્તિ કે સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી એ. ટી. અજમેરાએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ તેથી તે પર ચર્ચા થઈ શકી નહિ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું. કામકાજની યાદી પર કોઈ બાબત બાકી રહેતી ના હોઈ, તા. ૩૧-૩-૧૯૯૭ના રોજ પુનઃ સભા નહી બોલાવવાનું ઠરાવવામાં આવ્યું.

નં. કોર્ટ /૭૯૯૬૦/ ૧૯૯૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૧૦-૫-૧૯૯૭

હુકમથી
**એમ. પી. જડિયા**
કુલસચિવ

## પરિશિષ્ટ '૧'

# બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો હેવાલ ૧૯૯૩–૯૪

બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોની યુનિવર્સિટીના ૧૯૯૩-૯૪ના વર્ષના હિસાબોની ચકાસણી અંગે પ્રો. ડી. એન. ત્રિવેદીનાં પ્રમુખસ્થાને કુલ આઠ સભાઓ મળી હતી. ૧૯૯૩-૯૪ના વર્ષના હિસાબો અંગેનો છેવટનો અહેવાલ તૈયાર કરવા માટે એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં નીચે જણાવેલ તારીખોએ બપોરના ૩-૩૦ વાગે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૧૮-૨-૧૯૯૫ | તા. ૨૨-૨-૧૯૯૫ |
|---|---|---|---|
| ૧. | પ્રો. ડી. એન. ત્રિવેદી | હાજર | હાજર |
| ૨. | પ્રો. એ. એમ. પટેલ | હાજર | હાજર |
| ૩. | શ્રી જગદીશભાઈ બી. ભાવસાર | હાજર | હાજર |

સભાનું પ્રમુખસ્થાન પ્રો. ડી. એન. ત્રિવેદીએ સંભાળ્યું હતું આગામી યુનિવર્સિટી કોર્ટ મીટિંગમાં રજૂ કરવાનો અમારો હેવાલ નીચે પ્રમાણે છે :

ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવરી લેવામાં આવેલ વિવિધ વિદ્યા સંકુલો-કૉલેજોની સંખ્યા ઇત્યાદિ જોતાં હાલમાં કુલ ૧૩૬ કૉલેજો છે. છેલ્લાં ત્રણ વર્ષમાં કૉલેજોની વિદ્યાર્થી અને પરીક્ષાની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. જે આપને નીચે આપવામાં આવેલ માહિતી પરથી ફલિત થશે.

| ક્રમ | વર્ષ | કૉલેજોની સંખ્યા | વિદ્યાર્થી સંખ્યા | પરીક્ષાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૧-૯૨ | ૧૨૮ | ૧,૭૨,૬૭૪ , | ૧૬૪ |
| ૨. | ૧૯૯૨-૯૩ | ૧૩૦ | ૧,૮૧,૭૯૨ | ૧૬૪ |
| ૩. | ૧૯૯૩-૯૪ | ૧૩૬ | ૨,૦૭,૮૨૬ | ૧૭૪ |

રાજ્યમાં આ ઉપરાંત નીચે જણાવેલ અન્ય યુનિવર્સિટીઓ હાલમાં કામ કરી રહી છે જેની છેલ્લાં બે વર્ષની વિદ્યાર્થી સંખ્યા નીચે પ્રમાણે છે :

| ક્રમ | યુનિવર્સિટીનું નામ | ૧૯૯૧-૯૨ના વર્ષની વિદ્યાર્થી સંખ્યા | ૧૯૯૨-૯૩ના વર્ષની વિદ્યાર્થી સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | ૫૯,૭૨૬ | ૭૦,૩૫૪ |
| ૨. | દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત | ૬૦,૧૬૫ | ૯૦,૨૫૮ |
| ૩. | ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ | ૪૬,૩૦૩ | ૫૧,૩૫૧ |
| ૪. | ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર | ૯,૯૪૯ | ૧૧,૭૪૩ |
| ૫. | સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર | ૧૬,૭૫૮ | ૨૦,૧૩૪ |

ઉપરોક્ત વિગતો જોતાં આપ સમજી શકશો કે રાજ્યની યુનિવર્સિટીઓમાં આપણી યુનિવર્સિટી સૌથી મોટી છે. એટલું જ નહિ પરંતુ વિસ્તારની દૃષ્ટિએ, કૉલેજ સંખ્યાની દૃષ્ટિએ, તેમજ વિદ્યાર્થી સંખ્યાની દૃષ્ટિએ કદાચ દેશની સૌથી મોટી યુનિવર્સિટી છે. આમ યુનિવર્સિટીમાં કાર્યક્ષમ વહીવટ અને સારા સંચાલન માટે વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યાને કારણે જુદા જુદા પ્રકારના વહીવટી કાર્યોમાં કાર્યભાર સતત વધતો રહ્યો છે. આમ યુનિવર્સિટીમાં આવક અને ખર્ચની જાહેર હીતની દૃષ્ટિએ કાપ મુકવો શક્ય નથી તેમજ તેમાં કોઈ પણ પ્રકારની મર્યાદા મૂકી શકાય નહીં.

**પરીક્ષા આવક-ખર્ચ :**

યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી વિવિધ પ્રકારની પરીક્ષાઓનાં ખર્ચાઓ દિનપ્રતિદિન ઉત્તરોત્તર વધારો થતો જાય છે. તે જોતાં હવે એમ લાગે છે કે યુનિવર્સિટીની જુદાં જુદાં પ્રકારની પરીક્ષા ફી ઇત્યાદિમાં તાકીદે વધારો કરવાની બાબત ગંભીર વિચારણા માગી લે છે. આપ જાણતાં હશો કે રાજ્યની અન્ય કેટલીક યુનિવર્સિટીએ પરીક્ષા ફી ઇત્યાદિમાં વધારો કર્યો છે તે જોતાં આપણે પણ આ બાબતમાં હિંમતથી ફી વધારવાનું પગલું ભરીએ તો યોગ્ય અને ન્યાયી લેખાશે.

આ ઉપરાંત પરીક્ષા અંગેના તમામ ખર્ચાઓ રાજ્ય સરકારે માન્ય રાખીને તે દરેક વર્ષે થયેલ ખર્ચ જે અનિવાર્ય અને આવશ્યક છે તે માન્ય રાખવા માટે ઘટતી રજૂઆત કરવી જરૂરી છે.

૧૯૯૩-૯૪ના વર્ષની પરીક્ષા ફી રજિસ્ટરમાં તપાસતાં તેનું પોસ્ટિંગ થયેલ છે. પરંતુ ફોર્મની સંખ્યા સાથે મેળવણી કરવી જોઈએ તે થતી નથી તે યોગ્ય નથી. આથી આ કામ ચાલુ વર્ષે થાય તે ખાસ જોવાનું રાખવા સુચન કરવામાં આવે છે.

પરીક્ષા ખર્ચની વિગતો જોતાં ઓક્ટોબર, ૧૯૯૩ અને એપ્રિલ-મે, ૧૯૯૪ તથા ઓક્ટોબર, ૧૯૯૪ની પરીક્ષાનું પેમેન્ટ જે બાકી છે તે તાકીદે કરાવવા વિનંતી છે.

પરીક્ષા ખર્ચની વિગતો તપાસતાં સેન્ટ્રલ એસેસમેન્ટ/ડમી નંબરની કામગીરી માટે આપવામાં આવતાં એડવાન્સના હિસાબો જે તે કો-ઓર્ડિનેટર્સ તરફથી નિયમિત રીતે રજૂ થતાં નથી. આ બાબતમાં ખુબ જ પ્રયત્ન કરવા છતાં પણ સફળતા પ્રાપ્ત થઈ નથી. હિસાબો તાત્કાલિક જે તે વર્ષની ૩૧મી માર્ચ પહેલા મંગાવી લેવાની વ્યવસ્થા ગોઠવાય તે જરૂરી છે.



**આવક-ખર્ચ :**

આવક-ખર્ચના હિસાબો તપાસતા છેલ્લાં ત્રણ વર્ષની આવક-ખર્ચની વિગતો નીચે પ્રમાણે છે :

| ક્રમ | વર્ષ | આવક રૂ. | ખર્ચ રૂ. | ખાધ રૂ. |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૧-૯૨ | ૭,૨૯,૫૧,૭૦૪ | ૭,૭૨,૪૮,૭૨૦ | ૪૨,૯૭,૦૨૨ |
| ૧. | ૧૯૯૨-૯૩ | ૭,૬૩,૨૦,૮૧૦ | ૭,૭૨,૩૧,૮૯૫ | ૯,૧૧,૦૮૫ |
| ૨. | ૧૯૯૩-૯૪ | ૭,૦૭,૪૮,૫૯૩ | ૮,૨૨,૫૨,૨૫૦ | ૪૫,૦૩,૬૫૭ |

આવક-ખર્ચની છેલ્લાં ત્રણ વર્ષની અને તેની અગાઉના વર્ષોની વિગતો ચેક કરતાં ખાધનું પ્રમાણ વધતું જાય છે. અને આ ખાધ પૂરી કરવા માટે જે કોઈ પગલાં લેવાની જરૂરિયાત જણાય તે તાકીદે લેવા જરૂરી બને છે.

**એડવાન્સના હિસાબો :**

અમોએ એડવાન્સ અંગેના હિસાબો તપાસ્યા છે. આ હિસાબો તપાસતાં અમોને જોવા મળ્યું છે કે યુનિવર્સિટીમાંથી જુદા જુદા કાર્યો માટે ઉપાડવામાં આવતી એડવાન્સની રકમનાં હિસાબો જે તે કાર્ય પૂરૂં થઈ જવા છતાં તે એડવાન્સ લેનાર વ્યક્તિ તરફથી યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવતાં નથી. એડવાન્સ રકમ લઈ જનારને હિસાબ જમા કરાવવા ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવી આવશ્યક છે. તેમજ એડવાન્સના હિસાબ પૂરા કરવા અગત્યનો સેલ ઊભો કરવો અમોને જરૂરી લાગે છે.

**સ્પોર્ટ્સ ફી તથા યુવક-કલ્યાણ પ્રવૃત્તિ :**

હિસાબ તપાસતાં અમોને માલુમ પડેલ છે કે કેટલાંક વર્ષોથી ગુજરાત યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી સત્ર દીઠ સ્પોર્ટ્સ ફી તેમજ યુવક-કલ્યાણ પ્રવૃત્તિની ફી યુનિવર્સિટીમાં જમા કરાવવામાં દુર્લક્ષ સેવે છે. યુનિવર્સિટી જ્યારે આર્થિક સંકડામણમાં કામ કરતી હોય ત્યારે યુનિવર્સિટીની આવકનું પાસું સુદૃઢ બને તેવી કાર્યવાહી કરવી આવશ્યક છે. તેમજ આ ઉપરાંત યુનિવર્સિટીની અન્ય જે કોઈ આવક પાસુ હોય તે તમામ સ્તરે વૈજ્ઞાનિક આયોજન કરી યુનિવર્સિટીની આવક પૂરેપુરી વસુલ થાય તે માટે પગલાં ભરવા તેમજ આ અંગેની જવાબદારી નક્કી કરવાનું રાખવું. તેમજ આવક બાજુનું સો ટકા ઓડિટ થાય તે જરૂરી અને આવશ્યક છે.

**ગ્રાન્ટ્સ :**

અમોને યુનિવર્સિટીના હિસાબો તપાસતાં એવું જોવા મળેલ છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, રાજ્ય સરકાર, મધ્યસ્થ સરકાર અને અન્ય વગેરે સ્થાનો પરથી યુનિવર્સિટીને પ્રાપ્ત થતી વિવિધ પ્રકારની ગ્રાન્ટ્સ જે તે મથાળા હેઠળ આવતી હોય છે. ત્યાં કેટલીકવાર સમય આધિન વાપરવામાં આવતી નથી. ઘણીવાર આ ગ્રાન્ટ્સ વણવપરાયેલી હોવાથી તે પરત કરવાની પરિસ્થિતિ નિર્માણ થયેલ છે.

આ ઉપરાંત સમાજની વિવિધ વ્યક્તિ તેમજ સંસ્થાઓ તરફથી વિવિધ પ્રકારની રકમ યુનિવર્સિટીને જે તે પ્રવૃત્તિ માટે એન્ડોઉમેન્ટના રૂપમાં દરેક વર્ષે પ્રવૃત્તિ કરવા માટે આપવામાં આવે છે. તે હિસાબો તપાસતાં જે તે ક્ષેત્રમાં આ અંગેની પ્રવૃત્તિ થઈ નથી તેવું અમારી ધ્યાનમાં આવ્યું છે.

આવી પરિસ્થિતિમાં યુનિવર્સિટીએ ગ્રાન્ટ્સ વિભાગ વધુ સતર્ક બનાવવા તેમજ જે તે પ્રવૃત્તિ માટે સમાજની સંસ્થાઓ તેમજ મહાનુભાવો તરફથી આપવામાં આવેલ દાનના અન્વયે પ્રવૃત્તિ કરવા વિશેષ જોગવાઈ થાય તેવું અમારૂં માનવું છે.

**સામાન્ય સૂચનો :**

(૧) કાયદાકીય બાબતોમાં લીગલ સેલ ઊભો કરવા રાજ્ય સરકારની મંજુરી મળી નથી તે માટે તાકીદે મંજુરી મળવવા કાર્યવાહી કરવી.

(૨) પેન્શન અંગેનો સેલ ઊભો કરવા રાજ્ય સરકારની મંજુરીની જરૂરિયાત જણાય તો તે મેળવીને ઉભો કરવાની જરૂરી કાર્યવાહી કરવી.

(૩) યુનિવર્સિટીની આવક વધે તે માટે જરૂરી તમામ કાર્યવાહીઓ કરવી જરૂરી અને આવશ્યક છે.

(૪) હિસાબના અમુક કામો કૉમ્પ્યુટરાઈઝડ કરવાની કાર્યવાહી કરવી જરૂરી અને આવશ્યક છે.

(૫) યુનિવર્સિટી કાર્યાલયમાં જ્યાં જ્યાં કૉમ્પ્યુટર છે ત્યાં કાયમી ધોરણે કર્મચારીઓની નિમણૂક કરીને કામની અવાંતર ફાળવણી કરવી જરૂરી છે.

(૬) વિદ્યાભવનોના વડાઓ, વિભાગના પોતાના કર્મચારીઓનાં જે જે એડવાન્સ બાકી હોય ત્યાંના હિસાબો તાકીદે પૂરા પાડવા માટે જે તે વિભાગના વડાએ ધ્યાન રાખીને જે તે શૈક્ષણિક કર્મચારીઓ સહિતને અવારનવાર ધ્યાન દોરવા માટે સૂચવવું.

(૭) આગળના વર્ષના એડવાન્સના હિસાબો ૩૧મી માર્ચ પહેલા આપવાની ફરજ પાડવી.

અમોને આ તબક્કે અમારી કામગીરીમાં સાથ સહકાર પૂરો પાડીને જે માહિતી તથા માર્ગદર્શન આપ્યા તે બદલ યુનિવર્સિટી કાર્યાલયના સ્ટાફનો આભાર માનીએ છીએ.

આભાર સહ,

**પ્રો. ડી. એન. ત્રિવેદી**
**પ્રો. એ. એમ. પટેલ,**
**શ્રી જગદીશભાઈ બી. ભાવસાર**

## ૧૯૯૪–૯૫

બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ વર્ષ દરમિયાન યુનિવર્સિટીના હિસાબો અંગેનો હેવાલ તૈયાર કરવા માટે એક સભા તા. ૪-૩-૧૯૯૬ના રોજ મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

| ક્રમ | સભ્યોનાં નામ |
|---|---|
| ૧. | પ્રો. ડી. એન. ત્રિવેદી |
| ૨. | પ્રિ. પી. સી. ઉપાધ્યાય |
| ૩. | પ્રિ. સૌરભભાઈ ચોકસી. |

સભાનું પ્રમુખસ્થાન પ્રો. ડી. એન. ત્રિવેદીએ સંભાળ્યું હતું.

અહેવાલના વર્ષ દરમિયાન બોર્ડ ઑફ એકાઉન્ટ્સની સભ્યોએ એકાઉન્ટ્સ ઑફિસર સાથે યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોની મુલાકાત લીધી હતી અને સંબંધિત સાધનિક દફતરોની આંશિક ચકાસણી બાદ નીચે મુજબની નોંધ મૂકવામાં આવે છે :

**પરીક્ષા અંગેની માહિતી તથા આવક ખર્ચ :**

ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર જુદી જુદી કોલેજો અને વિદ્યા સંકુલો થઈને કુલ્લે ૧૪૫ની સંખ્યા છે. છેલ્લાં ચાર વર્ષમાં વિદ્યાર્થી સંખ્યા અને પરીક્ષાની સંખ્યા દર્શાવતી વાસ્તવિક પરિસ્થિતિ નીચે મુજબ છે :

| ક્રમ | વર્ષ | કોલેજોની સંખ્યા | વિદ્યાર્થી સંખ્યા | પરીક્ષાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૧-૯૨ | ૧૨૮ | ૧,૭૨,૬૭૪ | ૧૬૪ |
| ૨. | ૧૯૯૨-૯૩ | ૧૩૦ | ૧,૮૧,૭૯૨ | ૧૬૪ |
| ૩. | ૧૯૯૩-૯૪ | ૧૩૬ | ૨,૦૭,૮૨૬ | ૧૭૪ |
| ૪. | ૧૯૯૪-૯૫ | ૧૪૫ | ૨,૧૯,૦૬૦ | ૧૭૪ |

ઉપરોક્ત વિગતો જોતાં આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સંખ્યાનું પ્રમાણ જે રીતે વધી રહ્યું છે તે ખાસ ધ્યાન ખેંચે છે.

પરીક્ષા ફીની આવક-ખર્ચના હિસાબો જોતાં આવક કરતાં ખર્ચ વધુ થાય છે. આમ વધતો જતો ખર્ચ અટકાવવા માટે કરકસરના પગલાં લેવા જરૂરી બને છે. આ સંજોગોમાં યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓની પરીક્ષા ફીમાં વધારો કરવો આવશ્યક બન્યો છે. તે સંદર્ભમાં બોર્ડ ઑફ એકાઉન્ટ્સની આ સભાએ તેમ જ ભૂતકાળમાં અનેક વખત આ સમિતિએ પરીક્ષા ફીમાં વધારો કરવાનું જે સૂચન કરેલ છે તે હવે આજને તબક્કે સ્વીકારવું જ પડશે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ રહી છે. આથી સમિતિના સભ્યોનું માનવું છે કે પરીક્ષા ફીમાં તાકીદે વધારો સૂચવાય તે જરૂરી છે.

વધુમાં યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલી જુદી જુદી પરીક્ષાઓના પરીક્ષકોના પેમેન્ટની નીચેનાં વર્ષોની ચુકવણી બાકીમાં છે તે તાકીદે થાય તે જરૂરી છે :

| ક્રમ | પરીક્ષાનું નામ |
|---|---|
| ૧. | ઑક્ટોબર-નવેમ્બર, ૧૯૯૪ |
| ૨. | માર્ચ-એપ્રિલ, ૧૯૯૫ |
| ૩. | ઑક્ટોબર-નવેમ્બર, ૧૯૯૫ |

**આવક-ખર્ચ :**

યુનિવર્સિટીના આવક-ખર્ચના હિસાબો તપાસતાં છેલ્લા ૩ વર્ષની આવક-ખર્ચની વિગતો નીચે પ્રમાણે છે :

| ક્રમ | વર્ષ | આવક રૂ. | ખર્ચ રૂ. | ખાધ રૂ. |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૨-૯૩ | ૭,૬૩,૨૦,૮૧૦ | ૭,૭૨,૩૧,૮૯૫ | ૯,૧૧,૦૮૫ |
| ૨. | ૧૯૯૩-૯૪ | ૭,૦૭,૪૮,૫૯૩ | ૮,૨૨,૫૨,૨૫૦ | ૪૫,૦૩,૬૫૭ |
| ૩. | ૧૯૯૪-૯૫ | ૯,૦૪,૧૨,૭૮૪ | ૯,૪૧,૬૬,૮૧૨ | ૩૭,૫૪,૦૨૮ |

આવક ખર્ચની છેલ્લાં ત્રણ વર્ષની વિગતો જોતાં ખાધનું પ્રમાણ દિનપ્રતિદિન સતત વધતું છે. તે અટકાવવું જરૂરી અને આવશ્યક અને સંસ્થાના હિતમાં છે. આથી હજી પણ જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં ફીમાં વધારો કરવો જરૂરી છે. આ અંગે અગાઉની સમિતિઓએ વારંવાર સૂચન કર્યા છતાં હજુ ધાર્યો તેને પ્રતિસાદ મળ્યો નથી તે દુઃખદ છે.



**ગ્રાન્ટ :**

ગ્રાન્ટ્સ રજિસ્ટરની ચકાસણી કરતાં નીચેના નમૂના રૂપ કિસ્સાઓમાં યુનિવર્સિટી તરફથી વારંવાર પત્રો લખ્યા હોવા છતાં પણ રાજ્ય સરકારશ્રી તરફથી માન્ય ખર્ચાઓ ઉપરની કાયદેસરની ગ્રાન્ટ પણ મળેલ નથી. તે મેળવવા ઘટતાં પગલાં લેવા હવે આવશ્યક બને છે, જેથી ખાધનું પ્રમાણ ઓછું થાય.

| | | |
|---|---|---|
| (૧) | પેન્શન | ... રૂ. ૨૦,૬૬,૭૩૧ |
| (૨) | ૧૯૯૧-૯૪ના ત્રિવાર્ષિક વર્ષના અંતિમ નિભાવ અનુદાન | ... રૂ. ૧૭,૫૭,૩૧૮ |
| (૩) | ૧૯૯૧-૯૪ના ત્રિવાર્ષિક વર્ષના મોંઘવારી ભથ્થાની ગ્રાન્ટ | ... રૂ. ૨૫,૪૦,૯૧૬ |
| (૪) | લીવ ટ્રાવેલ કન્સેશન | ... રૂ. ૯,૯૨,૧૪૪ |
| (૫) | મરામત અને જાળવણી ખર્ચ | ... રૂ. ૩,૩૮,૬૦૬ |
| (૬) | યુ.જી.સી.ની સાતમી યોજના હેઠળ ભરાયેલી જગ્યાઓના કમિટેડ ખર્ચની ગ્રાન્ટ | ... રૂ. ૫૨,૫૬,૭૩૧ |

**સસ્પેન્સ એકાઉન્ટ :**

યુનિવર્સિટીના સસ્પેન્સ એકાઉન્ટ તપાસતાં તેની છેલ્લાં ૩ વર્ષની પરિસ્થિતિ નીચે મુજબ છે :

| ક્રમ | વર્ષ | રકમ રૂ. |
|---|---|---|
| ૧. | ૧૯૯૨-૯૩ | ૧૨,૩૫,૨૫૨ |
| ૨. | ૧૯૯૩-૯૪ | ૪,૯૯,૭૮૩ |
| ૩. | ૧૯૯૪-૯૫ | ૫,૦૪,૭૫૫ |

ઉપરોક્ત વિગતો જોતાં હિસાબોની કામગીરી વ્યવસ્થિત થાય તે જોવા ભલામણ છે.

**એડવાન્સ એકાઉન્ટ :**

| ક્રમ | વર્ષ | રકમ રૂ. |
|---|---|---|
| ૧. | ૧૯૯૨-૯૩ | ૧,૨૦,૭૮,૭૫૭ |
| ૨. | ૧૯૯૩-૯૪ | ૧,૯૫,૮૨,૪૨૭ |
| ૩. | ૧૯૯૪-૯૫ | ૨,૦૦,૮૫,૨૮૧ |

ઉપરોક્ત પરિસ્થિતિ જોતાં એડવાન્સના હિસાબોનું એડજસ્ટમેન્ટ તેમજ વસુલાતની કાર્યવાહી ઝડપી કરવા એક ખાસ સેલ ઊભો કરવા અમારી ભલામણ છે. જે તે વિભાગ કે વ્યક્તિ એડવાન્સનો હિસાબ ચાલુ વર્ષના ૩૧ માર્ચ પહેલાં લેવાય તે જરૂરી છે.

**યુવક કલ્યાણ પ્રવૃત્તિ :**

યુવક કલ્યાણ પ્રવૃત્તિ વિભાગના હિસાબોની જાત તપાસ કરતાં માલુમ પડેલ છે કે અનેક કૉલેજોએ ૧૯૯૦-૯૧થી ૧૯૯૫-૯૬ સુધી જુદાં જુદાં સત્રોની સાંસ્કૃતિક ફાળાની રકમ હજુ સુધી મોકલી નથી જે ગંભીર બાબત છે. સાંસ્કૃતિક ફાળાની રકમ વસુલ લેવાની કાર્યવાહી તાકીદે પૂરી કરવા સુચન છે. તેમ જ આ કામગીરી સંબંધિત અધિકારી/કર્મચારી પાસેથી તા. ૩૦મી જૂન, ૧૯૯૬ સુધીમાં પૂર્ણ કરાવી લેવા પણ સૂચન કરવામાં આવે છે.

**સ્પોર્ટ્સ ફી :**

વિવિધ કોલેજો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવેલ યુનિવર્સિટી સ્પોર્ટ્સ ફી નિયમિત જમા કરવામાં આવતી નથી તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા સાથે કોઈ મેળવણું કરવામાં આવતું નથી. આ કાર્યવાહી સંબધિત અધિકારી કર્મચારી પાસેથી તા. ૩૦-૬-૧૯૯૬ સુધીમાં પૂર્ણ કરાવી લેવા સૂચન કરવામાં આવે છે.

**એન.એસ.એસ. :**

એન.એસ.એસ. વિભાગની પ્રોજેક્ટ ગ્રાન્ટ તેમજ શિબિર ગ્રાન્ટના હિસાબો સંબંધિત કૉલેજ પાસેથી નિયમિત મેળવી લેવા સુચન છે. સરકાર પાસેથી આ અંગેની ગ્રાન્ટ કૉલેજોને નિયમિત મોકલવામાં આવે તેવી આ સભાની ભલામણ છે.

**સરકારી ઑડિટ હેવાલ અને આંતરિક ઑડિટ હેવાલ :**

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ (૨)માં સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં સિન્ડિકેટ દ્વારા છેલ્લાં પાંચ વર્ષના ઑડિટ થયેલા હિસાબો તથા તેનો ઑડિટ હેવાલ, જેની વિગતો નીચે જણાવી છે, તે યુનિવર્સિટીની કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી. તથા તે અંગેનો કોઇ દુરસ્ત રિપોર્ટ જે તે સત્તાવાળાઓને મોકલવો જોઈએ તે મોકલવામાં આવ્યો નથી. યુનિવર્સિટીના હિસાબો અંગે સરકારી ઑડિટ હેવાલની આવી ઉપેક્ષા થાય તે અતિ ગંભીર બાબત ગણાય. આવા કોર્ટ સમક્ષ નહીં મૂકવામાં આવેલ હિસાબો અને ઑડિટ રિપોર્ટ હવે પછીની સભા સમક્ષ રજૂ થાય તેવી વ્યવસ્થા કરવા ભલામણ છે.

| ક્રમ | હિસાબી વર્ષ |
|---|---|
| ૧. | ૧૯૮૮-૮૯ |
| ૨. | ૧૯૮૯-૯૦ |
| ૩. | ૧૯૯૦-૯૧ |
| ૪. | ૧૯૯૧-૯૨ |
| ૫. | ૧૯૯૨-૯૩ |

વધુમાં યુનિવર્સિટીના આંતરિક ઑડિટના હેવાલ બાબતમાં જણાવવાનું કે, યુનિવર્સિટીના આંતરિક ઑડિટર મે. લાખિયા ઍન્ડ કંપની તરફથી ૧૯૯૩-૯૪ના વર્ષનો હેવાલ તા. ૧-૪-૧૯૯૫ની આસપાસ મળ્યો છે, જેમાં દર્શાવેલ અનિયમિતતાઓ અંગે જે નોંધ મૂકવામાં આવી છે. જેની પૂર્તતા કરવાનું સૂચન કરવામાં આવે છે.

૧૯૯૪-૯૫ના વર્ષનો હેવાલ મળી શકેલ નથી. આથી તેની ચકાસણી કરી શકાઈ નથી. આ હેવાલ તાકીદે મેળવી લેવાનું રાખવું.

**વહીવટી બાબત :**

હેવાલવાળા વર્ષમાં યુનિવર્સિટીનો વહીવટ સારી રીતે ચાલે તે માટે મુખ્ય અને મહત્વની ખાલી રહેલી નીચે મુજબની જગ્યાઓ તાકીદે પુરાય તેવી ઘટતી કાર્યવાહી હાથ ધરાય તો યુનિવર્સિટીના વહીવટી કાર્યમાં સરળતા પ્રાપ્ત થાય અને વહીવટ સરળ બને.

| ક્રમ | ખાલી જગ્યાનું નામ |
|---|---|
| ૧ | પ્રેસ મૅનેજર |
| ૨ | યુનિવર્સિટી એન્જિનિયર |
| ૩ | મદદનીશ કુલસચિવ |
| ૪ | ડેવલપમેન્ટ ઑફિસર |
| ૫ | ચીફ એકાઉન્ટ્સ ઑફિસર |

વધુમાં યુનિવર્સિટીમાં આજે અંદાજે ૧૭૨ જેટલી આનુષંગિક જગ્યાઓ ખાલી પડી છે, તે પણ યુનિવર્સિટીના વહીવટ પર સીધી જ વિપરીત અસરકર્તા છે. તે ધ્યાનમાં રાખીને આ જગ્યાઓ પણ તાકીદે પૂરવા માટે ભલામણ છે. આની બીજી વિપરીત અસર હિસાબી કામગીરી પર થાય છે. હિસાબો નિયમિત રીતે અને સમયસર તૈયાર થતા નથી અને આ બાબત ગંભીરરૂપ ધારણ કરે તેવી ભીતિ વર્તાય છે. તે તરફ ધ્યાન દોરીને ઘટતી કાર્યવાહી કરવા ભલામણ છે.

**જનરલ :**

નીચેની વિવિધ આવકો અંગે વિદ્યાર્થી સંખ્યા અને મળેલ ફીની આવકની રકમનું જે તે વિભાગ દ્વારા મેળવણું કરવામાં આવતું નથી તે બરાબર નથી. આથી તેની મેળવણી થાય તે ખૂબ જ જરૂરી છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | એનરોલમેન્ટ ફી |
| ૨ | સ્પોર્ટ્સ ફી |
| ૩ | યુવક કલ્યાણ પ્રવૃત્તિ ફી |
| ૪ | પરીક્ષા ફી |
| ૫ | રીચેકિંગ અને રીએસેસમેન્ટ ફી |
| ૬ | ભવનોની ટ્યુશન ફી |
| ૭ | પ્રકાશનોની સ્ટોક મેળવણી |

યુનિવર્સિટીના હિસાબો તથા અન્ય તમામ કામગીરીનું કૉમ્પ્યુટરાઈઝેશન થાય તે જરૂરી છે.

અમો આ તબક્કે અમારી કામગીરીમાં સાથ સહકાર પૂરો પાડીને જે માહિતી તથા માર્ગદર્શન આપ્યા તે બદલ યુનિવર્સિટી કાર્યાલયના સ્ટાફનો આભાર માનીએ છીએ.

પ્રો. ડી. એન. ત્રિવેદી
પ્રિ. પી. સી. ઉપાધ્યાય
પ્રિ. સૌરભભાઈ ચોક્સી.



## પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૧ (ઝ)

## પ્રશ્નોત્તરી

નીચેના સભ્યોએ પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

**[ ૧ ] શ્રી બી. જે. પંડ્યાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :**

પ્રશ્ન ૧ : છેલ્લા ત્રણ નિયુક્ત કુલપતિશ્રીઓની પૂર્વ કારકિર્દી શિક્ષક તરીકેની જ હતી ?

ઉત્તર ૧ : હા, જી.

પ્રશ્ન ૨ : છેલ્લા ત્રણ (પૂર્ણકાલીન) કુલપતિશ્રીઓનાં નામ આપશો.

ઉત્તર ૨ : (૧) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૨) ડૉ. એમ. એન. દેસાઈ
(૩) પ્રો. એન. વી. વસાણી.

પ્રશ્ન ૩ : છેલ્લાં ત્રણ શૈક્ષણિક વર્ષો દરમિયાન યુનિવર્સિટી ભવનોમાં યુનિવર્સિટીમાંથી કયા કયા નિવૃત્ત શિક્ષકોની મુલાકાતી વ્યાખ્યાતા તરીકે સેવાઓ લેવાની મંજૂરી આપવામાં આવી ?

ઉત્તર ૩ : ૧૯૯૪-૯૫, ૧૯૯૫-૯૬, ૧૯૯૬-૯૭માં નિવૃત્ત થયેલા શિક્ષકોની મુલાકાતી વ્યાખ્યાતા તરીકે સેવાઓ લેવામાં આવી છે તેની માહિતી આ સાથે પરિશિષ્ટ '૧' તરીકે સામેલ છે.

પ્રશ્ન ૪ : છેલ્લાં ત્રણ વર્ષમાં કયા કયા નિવૃત્ત શિક્ષકોને યુનિવર્સિટી ભવનોમાં સંશોધન/વ્યાખ્યાતા તરીકેની કામગીરી સોંપવામાં આવી છે ?

ઉત્તર ૪ : છેલ્લાં ત્રણ વર્ષમાં યુનિવર્સિટી ભવનોમાં સંશોધન/વ્યાખ્યાતા તરીકેની કામગીરી સોંપવામાં આવી છે તેની માહિતી પરિશિષ્ટ '૧' અને '૨' તરીકે સામેલ છે.

પ્રશ્ન ૫ : નિવૃત્ત શિક્ષકની શિક્ષક તરીકેની સેવાઓ કેટલી ઉંમર સુધી લઈ શકાય ?

ઉત્તર ૫ : નિવૃત્તિ બાદ પાંચ વર્ષ સુધી.

પ્રશ્ન ૬ : યુનિવર્સિટી ભવનોમાં ઉંમરના નિયમને ધ્યાને ન લઈને કયા કયા નિવૃત્ત શિક્ષકની સેવાઓ લેવામાં આવી હતી ?

ઉત્તર ૬ : કેમિસ્ટ્રી વિભાગના વડાની રજૂઆતને ધ્યાનમાં લઈને ડૉ. એમ. એન. દેસાઈ અને ડૉ. જે. સી. વોરાને અપવાદરૂપે ખાસ કેસ તરીકે ફક્ત ૧૯૯૬-૯૭ના વર્ષ માટે મંજૂરી આપવામાં આવેલી હતી.

પ્રશ્ન ૭ : યુનિવર્સિટી ભવનોમાં ભવનની કોઈપણ શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે ન જોડાયેલા કયા કયા નિવૃત્ત શિક્ષકો નિયમિતપણે રોજેરોજ જે તે ભવનમાં હાજર રહે છે ?

ઉત્તર ૭ : આ પ્રકારના નિવૃત્ત શિક્ષકો હાજર રહેતા નથી.

પ્રશ્ન ૮ : યુનિવર્સિટીની કે ભવનના કોઈપણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ન હોય તેવા નિવૃત્ત શિક્ષકો યુનિવર્સિટીમાં દૈનિક નિયમિત આવતા હોઈ તેઓની બેસવાની તથા અપાતી સગવડોની શું વ્યવસ્થા કરી છે ?

ઉત્તર ૮ : ઉત્તર ૭ જોવા વિનંતી.

પ્રશ્ન ૯ : ગુજરાત યુનિવર્સિટીમાં પીએચ.ડી. ગાઇડની માન્યતા માટે લાયકાતનાં ધોરણો આપશો.

ઉત્તર ૯ : યુનિવર્સિટીમાં ગાઇડની માન્યતા માટે હાલમાં લાયકાતનાં ધોરણો અંગેનો ઑર્ડિ. ૬૫-એચ. જોવા વિનંતી.

પ્રશ્ન ૧૦ : પૂરતી શૈક્ષણિક લાયકાત ન હોય અને પીએચ.ડી. ગાઇડ તરીકે માન્યતા અપાઈ હોય તેવું યુનિવર્સિટી ભવનમાં બન્યું છે ?

ઉત્તર ૧૦ : ના, જી.

પ્રશ્ન ૧૧ : યુનિવર્સિટી ભવનમાં રીડર બનવા માટેની શૈક્ષણિક લાયકાત જણાવશો.

ઉત્તર ૧૧ : રીડરની લાયકાતનાં ધોરણો પરિશિષ્ટ '૩' તરીકે સામેલ છે.

શ્રી અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : રીડરની લાયકાત માટે આપણા જે ધોરણો છે તેમાં કોઈ છૂટછાટ રાખી છે ? એવી કોઈ નિમણૂક કરી છે ખરી ?

કુલપતિશ્રીનો ઉત્તર : ગઈ સિન્ડિકેટમાં મંજૂર કર્યા તે ધારાધોરણ પ્રમાણે કરેલી છે.

પ્રશ્ન ૧૨ : ગુજરાત યુનિવર્સિટીની કાયમી જગા પર નિયુક્ત થયેલ વ્યક્તિ અન્યત્ર નિમણૂક પામે તો મૂળ જગાનો પદાધિકાર (લિયન) લેવો ફરજિયાત છે ?

ઉત્તર ૧૨ : ના, જી.

પ્રશ્ન ૧૩ : પદાધિકાર (લિયન) ન લીધેલો હોય અને મૂળ જગા પર પરત હાજર થયાનો લાભ કોઈને આપ્યો છે ? કઈ વ્યક્તિને ?

ઉત્તર ૧૩ : ના, જી.

શ્રી અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : પદાધિકાર ન લીધો હોય તેવી વ્યક્તિના નામ આપશો સાહેબ ? એવી કોઈ વ્યક્તિ છે ખરી?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : તપાસ કરીને જણાવીશું.

પૂરક પ્રશ્ન ૨ : આ તો સાહેબ મળી શકે એમ છે. ડૉ. એમ. એન. દેસાઈ જ્યારે એમ. એસ. યુનિવર્સિટીમાં કુલપતિ તરીકે નિમાયા ત્યારે ગુજરાત યુનિવર્સિટીમાં તેમણે લિયન રાખ્યું હતું ?

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : તપાસ કરીને જણાવીશું.

પ્રશ્ન ૧૪ : ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે નિયુક્ત થનાર વ્યક્તિને રેન્ટ ફ્રી મકાન આપવાની કાયદામાં જોગવાઈ છે ?

ઉત્તર ૧૪ : હા, જી.

પ્રશ્ન ૧૫ : નિયુક્ત કુલપતિશ્રીને પોતાનું મકાન હોય અને યુનિવર્સિટી રહેઠાણ ન વાપરતા હોય તો ઘરભાડું મળી શકે તેવો સરકારી જી.આર. (પત્ર) કઈ તારીખે કઈ વ્યક્તિ માટે યુનિવર્સિટીને મળ્યો? પત્રની નકલ આપશો.

ઉત્તર ૧૫ : (૧) ડૉ. એમ. એન. દેસાઈના કિસ્સામાં ઘરભાડા ભથ્થાં અંગેના સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક યુ.જી.સી./૧૦૮૯/૪૦૭૨/૯૧૩૯/૮૯/ખ તા. ૨-૨-૧૯૯૦નો પત્ર તા. ૯-૨-૧૯૯૦ના રોજ મળ્યો, જે પરિશિષ્ટ "૪" તરીકે સામેલ છે.

(૨) સરકારી પત્ર ક્રમાંક ૧૦૯૩/૨૯૫૦, તા. ૧૬-૯-૧૯૯૪ના રોજ પ્રો. એન. વી. વસાણી માટે મળ્યો. તેની નકલ પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.

પ્રશ્ન ૧૬ : ઉપરોક્ત જી.આર.માં મકાન ભાડું કઈ તારીખથી આપવું તેવી સ્પષ્ટતા ન હોય તો જે તારીખે જી.આર. બહાર પડ્યો તે તારીખથી જ તે અમલી બને?

ઉત્તર ૧૬ : હા, જી.

શ્રી અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : કોઈ પણ જી.આર. ક્યારથી અમલમાં આવે ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : જી.આર. જે તારીખથી બહાર પડે તે તારીખથી અને જો પશ્ચાદ્‌વર્તી અસરથી હોય તો તે તારીખથી ગણાય.

પૂરક પ્રશ્ન ૨ : ઘરભાડા ભથ્થાનો જે જી.આર. છે તેમાં પશ્ચાદ્‌વર્તી અસરથી આપવું તેવું જણાવેલું છે ?

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : નથી જણાવેલું.

પ્રશ્ન ૧૭ : કુલપતિશ્રીના મકાન ભાડાના જી.આર.ની અમલીકરણની તારીખ પહેલાંનું ભાડું જી.આર. મુજબ કયા કુલપતિશ્રીને ચૂકવાયું ?

ઉત્તર ૧૭ : ડૉ. એમ. એન. દેસાઈને.



શ્રી અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : તે તેમને કઈ તારીખથી ચૂકવાયું ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : નિમણૂક થઈ ત્યારથી.

પૂરક પ્રશ્ન ૨ : એ કોણે મંજૂર કર્યું ?

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : વહીવટી રીતે મંજૂરી લીધી હોય.

પૂરક પ્રશ્ન ૩ : વહીવટી રીતે એટલે કોણ ?

કુલપતિશ્રીનો ઉત્તર ૩ : તત્કાલિન કુલપતિશ્રીએ.

પૂરક પ્રશ્ન ૪ : પોતાને લેવાનું અને પોતે મંજૂર કરવાનું ? મોભા ઉપર બેઠેલી વ્યક્તિ પોતાના માટે ઘરભાડા ભથ્થું મેળવે એ કેટલું ઉચિત કહેવાય ? દરેક જગ્યા માટે આપણે આવી છૂટછાટ આપીએ છીએ ?

કુલપતિશ્રીનો ઉત્તર ૪ : આ માટે સરકારશ્રી રીકવરી માગશે તો તે વખતે આપણે યોગ્ય કરીશું.

શ્રી સૂર્યકાન્તભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : આ અગાઉ સરકારશ્રીએ રીકવરી કરી હોય એવું ખરું ?

કુલપતિશ્રીનો ઉત્તર : અગાઉ એવો પ્રશ્ન ઊભો થયો નથી.

શ્રી જગદીશભાઈ ભાવસારે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : સિન્ડિકેટે કરેલાં ઠરાવ મુજબ નિવૃત્ત થતા કર્મચારીઓને રીકવરી આવે છે.

કુલપતિશ્રીનો ઉત્તર : અત્યારે આપણે ઘરભાડાની રીકવરીની વાત કરીએ છીએ.

શ્રી અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : જી.આર. જે તારીખે બહાર પડાય તે તારીખથી જ તેનો અમલ થવો જોઈએ, નહીંતર યુનિવર્સિટીના કર્મચારીઓની જે રીકવરી થાય છે તે અંગે અમારે વિચારવું પડશે.

કુલપતિશ્રીનો ઉત્તર : સુચનની નોંધ લીધી છે.

શ્રી બી. જે. પંડ્યાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : વધુ ભાડુ ચુકવાયું છે તેમાં કેટલાં વધારે રૂપિયા ચુકવાય છે અને કઈ તારીખથી?

કુલપતિશ્રીનો ઉત્તર : આ માહિતી આપું છું.

પ્રશ્ન ૧૮ : ઉપર મુજબની વધુ ચૂકવાયેલ મકાન ભાડાની રકમ વસુલ લેવા અંગે શું કાર્યવાહી યુનિવર્સિટીએ કરી ?

ઉત્તર ૧૮ : રાજ્ય સરકારશ્રીનું ધ્યાન દોરીને ઘટિત હેવાલ આગળની કાર્યવાહી માટે મોકલી આપેલ છે.

પ્રશ્ન ૧૯ : નિવૃત્ત કુલપતિશ્રીને કુલપતિપદ દરમિયાન રહેઠાણે ફાળવેલ ટેલિફોન નિવૃત્તિ બાદ કેટલા સમય સુધી ચાલુ રાખવા દેવામાં આવે છે ?

ઉત્તર ૧૯ : ટેલિફોન ખરેખર શિફ્ટ થાય ત્યાં સુધી ચાલુ રાખવામાં આવે છે.

શ્રી બી. જે. પંડ્યાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : નિવૃત્તિની તારીખ નક્કી હોય છે તો પછી ફાળવેલા ટેલિફોન બંધ કરાવવા માટે કેમ પગલાં લેવામાં નથી આવતાં ?

કુલપતિશ્રીનો ઉત્તર : મેં હોદ્દો સંભાળ્યા પછી તુરત જ ટેલિફોન શિફ્ટ કરવા માટેનાં આદેશ આપેલાં છે.

પૂરક પ્રશ્ન ૨ : આ કેસમાં એવું નહોતું થયું ?

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : બે ટેલિફોન ટ્રાન્સફર કરવા માટે મેં જ્યારે હોદ્દો ગ્રહણ કર્યો ત્યારે તુરત જ આદેશ આપેલાં છે.

પૂરક પ્રશ્ન ૩ : ટેલિફોન નં. ૪૪૨૪૨૯ બંધ કરવા માટે યુનિવર્સિટીએ ક્યારે ટેલિફોન ખાતાને કાગળ લખ્યો ?

કુલપતિશ્રીનો ઉત્તર ૩ : તા. ૨૫-૨-૧૯૯૬એ યુનિવર્સિટીએ કાગળ લખ્યો છે. એમની નિવૃત્તિ તારીખ મે, ૧૯૯૪માં હતી, પરંતુ તેઓ આંબેડકર યુનિવર્સિટીમાં હોદ્દો ધરાવતા હતા એટલે આપણે તેમની સગવડ ચાલુ રાખી.

પૂરક પ્રશ્ન ૪ : કોની મંજૂરીથી ? એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મંજૂરી લેવી પડે ખરી ?

કુલપતિશ્રીનો ઉત્તર ૪ : લેવી પડે.

પૂરક પ્રશ્ન ૫ : તો આ કેસમાં કેમ ન લીધી ?

કુલપતિશ્રીનો ઉત્તર ૫ : બાકી રહી છે.

પૂરક પ્રશ્ન ૬ : ટેલિફોન શીફ્ટિંગમાં વિલંબ થયો હશે, પણ તેને કસ્ટડીમાં તો આપણે મૂકાઈ શક્યા હોતને ?

કુલપતિશ્રીનો ઉત્તર ૬ : ચોક્કસ મૂકાઈ શક્યા હોત.

પ્રશ્ન ૨૦ : કુલપતિશ્રીના રહેઠાણે યુનિવર્સિટી સિવાયના પોતાના અંગત ટેલિફોન જોડાણનો ખર્ચ યુનિવર્સિટીના કોઈ નિવૃત્ત સહિતના કુલપતિશ્રીનો યુનિવર્સિટીએ ભોગવ્યો છે ?

ઉત્તર ૨૦ : ના, જી.

શ્રી બી. જે. પંડ્યાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન ૧ : ડૉ. એમ. એન. દેસાઈના બંગલે તેમનો અંગત ટેલિફોન હતો તેનો જોડાણ ખર્ચ યુનિવર્સિટીએ ભોગવ્યો હતો ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : ના, જી.

પૂરક પ્રશ્ન ૨ : આ જવાબ ખોટો છે કારણ કે આ ખર્ચ યુનિવર્સિટીએ પહેલાં ભોગવ્યો હતો અને પછી તે ખર્ચ એમ. એન. દેસાઈએ ચૂકવ્યો છે. જ્યારે આ ભૂલ તેમના ધ્યાન પર આવી ત્યારે તેમણે ચૂકવ્યો છે.

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : તપાસ કરાવીને જણાવીશું.

**પ્રશ્ન ૨૧ : કયા કુલપતિશ્રીનો ?**

**ઉત્તર ૨૧ : પ્રશ્ન ૨૦નો પ્રત્યુત્તર જોવા વિનંતી છે.**

પ્રશ્ન ૨૨ : રહેઠાણે ટેલિફોન ફાળવવાના કોઈ નિયમો યુનિવર્સિટીએ બનાવ્યા છે ?

ઉત્તર ૨૨ : ના, જી.

પ્રશ્ન ૨૩ : નિવૃત્તિ બાદ કઈ કઈ વ્યક્તિના રહેઠાણના યુનિવર્સિટીના ટેલિફોન કઈ તારીખ સુધી ચાલુ રહ્યા છે ? નિવૃત્તિની તારીખ, યુનિવર્સિટી ટેલિફોન બંધ થયાની તારીખ, નિવૃત્તિ બાદના સમયગાળાનું તે ટેલિફોનનું ચૂકવાયેલ ટેલિફોન બિલ સહિત માહિતી આપશો.

ઉત્તર ૨૩ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૬" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૪ : ટેલિફોન બિલના પેમેન્ટ વખતે વ્યક્તિ નિવૃત્ત થઈ ગઈ છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવે છે ?

ઉત્તર ૨૪ : હા, જી

પ્રશ્ન ૨૫ : યુનિવર્સિટીએ પોતાના રહેઠાણ ખાતે ફાળવેલ ટેલિફોન નિવૃત્તિ બાદ પરત લેવા અંગે ટેલિફોન ધારકે યુનિવર્સિટીને જાણ કરી છે ખરી ?

ઉત્તર ૨૫ : મૌખિક કે ટેલિફોનથી જાણ કરે છે.

પ્રશ્ન ૨૬ : ટેલિફોન ધારકે સમયાંતરે યુનિવર્સિટીને ટેલિફોન પરત લેવા અંગે યાદ અપાવી છે ખરી ?

ઉત્તર ૨૬ : હા, જી. ટેલિફોન પર યાદ અપાવે છે.

પ્રશ્ન ૨૭ : સને ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક વર્ષમાં વર્ગદીઠ વિદ્યાર્થી સંખ્યા યુનિવર્સિટીએ નક્કી કરીને નિયત નોર્મસની જાણ કોલેજોને કરી હતી ?

ઉત્તર ૨૭ : હા, જી.

પ્રશ્ન ૨૮ : યુનિવર્સિટીએ નક્કી કરેલ પ્રવેશમર્યાદા કરતાં વધુ પ્રવેશ કઈ કઈ કૉલેજોએ આપ્યો છે ?

ઉત્તર ૨૮ : સદરહુ પ્રશ્નના ઉત્તર માટે પરિશિષ્ટ "૭" જોવા વિનંતી છે.

શ્રી અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : નિયત સંખ્યા જે નક્કી થયેલી હોય તેનાં કરતાં વધુ પ્રવેશ આપ્યા હોય તેના ઉપર આપણે કોઈ કાર્યવાહી કરી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : કૉલેજોને તાકીદ કરી છે કે ભવિષ્યમાં કાળજી રાખવી.

પૂરક પ્રશ્ન ૨ : કૉલેજોમાં પ્રવેશ આપવા માટેના પાવર્સ કોના ? આચાર્યના કે અન્યના ?

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : યુનિવર્સિટીના અને કૉલેજોના આચાર્યશ્રીના.

પૂરક પ્રશ્ન ૩ : કૉલેજોના આચાર્ય સિવાય બીજી કોઈ વ્યક્તિએ આપ્યા હોય તે યોગ્ય ખરું ?

કુલપતિશ્રીનો ઉત્તર ૩ : ના, જી.



પૂરક પ્રશ્ન ૪ : અમદાવાદની સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલયના આચાર્યશ્રીને બાજુ પર રાખીને વાઇસ-પ્રિન્સિપાલની પોસ્ટ કે જે યુનિવર્સિટીના ધારાધોરણમાં આવતી નથી અને તે કૉલેજે પ્રિન્સિપાલને બદલે વાઇસ-પ્રિન્સિપાલને અધિકાર આપ્યા હતા અને તે વખતનાં કુલપતિશ્રી જાણતા હતા છતાં કોઈ પગલાં લીધા નથી, તો હવે આપણે કોઈ પગલાં લેવાનાં છે ?

કુલપતિશ્રીનો ઉત્તર ૪ : સર્વગ્રાહી કમિટી નીમવામાં આવી છે.

શ્રી જે. આર. સોનીએ નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : અધ્યાપકો પાસે કામ લીધું હોય તેવી કોઈ રજૂઆત ભૂતકાળમાં યુનિવર્સિટીમાં થયેલી છે ખરી ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : હા, કૉલેજને તાકીદ કરવામાં આવી છે.

પૂરક પ્રશ્ન ૨ : માત્ર તાકીદથી પ્રશ્ન ઉકલી જાય ?

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : તેમનામાં લાગણીશીલતા હોય તો ઉકલી જાય.

પૂરક પ્રશ્ન ૩ : અને ન ઉકલે તો ?

કુલપતિશ્રીનો ઉત્તર ૩ : તો આપણે આગળ કાર્યવાહી કરવી પડે.

શ્રી જગદીશભાઈ ભાવસારે નીચેના પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : ચાલુ વર્ષે પ્રવેશ માટે આપણે કોઈ ચોક્કસ વિચારણા કરવા માગીએ છીએ ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : ખાસ કંઈ કરી નથી.

પૂરક પ્રશ્ન ૨ : નજીકના ભવિષ્યમાં પરીક્ષાઓ પૂરી થશે એટલે કહું છું.

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : તમારી વાત સાચી છે.

શ્રી મિન્ટુભાઈ ધોધારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : આપણે કોઈ કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિની વિચારણા કરી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : યોગ્ય સત્તામંડળ નક્કી કરે છે.

પ્રશ્ન ૨૯ : જે કૉલેજોએ યુનિવર્સિટીની પૂર્વમંજૂરી વગર વધુ પ્રવેશ આપ્યો હોય તો તેની સામે યુનિવર્સિટીએ શું કાર્યવાહી કરી ?

ઉત્તર ૨૯ : યુનિવર્સિટીના ધ્યાન પર આવેલ છે. તેવી કૉલેજોને તાકીદ આપવામાં આવેલી છે.

પ્રશ્ન ૩૦ : એમ.એસસી.ની ૧૯૯૬ની પરીક્ષા દરમિયાન કોઈ વિદ્યાર્થીને મદદગારી કરવા અંગેની ફરિયાદ યુનિવર્સિટીને મળી હતી ? તે અંગે શી કાર્યવાહી કરી ?

ઉત્તર ૩૦ : હા, જી. પરીક્ષાશુદ્ધિ સમિતિ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મંજૂરી બાદ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે.

પ્રશ્ન ૩૧ : નવગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કૉલેજોમાં સને ૧૯૯૬ના શૈક્ષણિક વર્ષમાં યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ પ્રવેશ અપાયો નથી તેવી કોઈ ફરિયાદ યુનિવર્સિટીને મળી હતી ?

ઉત્તર ૩૧ : હા, જી.

પ્રશ્ન ૩૨ : તે ફરિયાદના સંદર્ભમાં તે કૉલેજ સામે શું કાર્યવાહી કરી ?

ઉત્તર ૩૨ : આચાર્યશ્રીને ફરિયાદના સંદર્ભમાં રૂબરૂ મળવા બોલાવ્યા હતા.

પ્રશ્ન ૩૩ : ફરિયાદી કોર્ટ-સભ્યને પત્રનો જવાબ અપાયો છે ખરો ?

ઉત્તર ૩૩ : ના, જી.

શ્રી બી. જે. પંડ્યાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : આચાર્યશ્રીને રૂબરૂ બોલાવ્યા હતા પરંતુ ૭૫%થી ૭૮% વાળા વિદ્યાર્થીઓને પ્રવેશ નથી આપ્યો તે ફરિયાદનો રૂબરૂ મુલાકાતમાં શું ઊકેલ આવ્યો ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : આચાર્યશ્રી અને પ્રતિનિધિઓને બોલાવ્યા હતા અને કહેવામાં આવ્યું હતું કે આવો કોઈ વિદ્યાર્થી રહી ગયો હોય તો મોકલશો. ત્યાર બાદ પ્રશ્ન લગભગ પતી ગયો હતો.

પૂરક પ્રશ્ન ૨ : કૉલેજે આવા જે વિદ્યાર્થીઓને રિજેક્ટ કર્યા હતા તેમાંથી કોઈ એકને કોઈના કહેવાથી પ્રવેશ આપો તે યોગ્ય ન કહેવાય. મેં ફરિયાદ કરી હતી કે ૭૫%થી ૭૮% વાળા વિદ્યાર્થીઓને પ્રવેશ નથી અપાયા અને પ્રવેશની તારીખ વીતી જાય છે તો આપણે તાકીદ કરીને પગલાં લેવા જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : એવું ધ્યાનમાં આવતાં તેમને ગુણવત્તાના ધોરણે કૉલેજમાં પ્રવેશ મળે તે માટે આપણે પ્રયત્ન કર્યા હતા અને આપણે તે કૉલેજને તાકીદ કરીને જાણ કરી હતી. એ કૉલેજો ઉપર કમિટી મોકલી હતી અને તેમાં આપ પણ ગયા હતા.

શ્રી જગદીશભાઈ ભાવસારે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : ગત વર્ષે માત્ર નવગુજરાત કૉલેજનો પ્રશ્ન ન હતો, બીજી પણ કૉલેજોના પ્રશ્નો હતા તેથી જ અગાઉ મેં જે રજૂઆત કરી છે તે અંગે (પ્રવેશ અંગે) આપ દઢતાપૂર્વક વિચારો.

કુલપતિશ્રીનો ઉત્તર : સૂચન આવકાર્ય છે.

શ્રી મંગુભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : કોર્ટના સભ્યોને જવાબ આપવા માટે આપ જવાબદાર નથી? મારા ત્રણ પ્રશ્નો છે?

કુલપતિશ્રીનો ઉત્તર : તપાસ કરીને જણાવીશું.

પ્રશ્ન ૩૪ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૮-૧૨-૧૯૯૬ની બા. ક્ર. ૧૨માં નિમાયેલી કમિટી કઈ બાબત અંગે નિયુક્ત કરવામાં આવી છે ?

ઉત્તર ૩૪ : તા. ૮-૧૨-૧૯૯૬ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં બાબત ક્રમાંક ૧૨માં બાંધકામ સમિતિની તા. ૨૨-૫-૧૯૯૬ અન્વયેની ભલામણ મુજબ પી.ડબલ્યુ.ડી. અને યુ.જી.સી. ગ્રાન્ટનાં કામો માટે ડિપોઝિટ વર્ક તરીકે જમા કરાવેલ રકમો અંગે કમિટી નિયુક્ત કરવામાં આવી છે.

પ્રશ્ન ૩૫ : તે બાબતમાં જણાવ્યા મુજબ ડિપોઝિટ વર્ક તરીકે કેટલી રકમ કોની મંજૂરીથી કઈ તારીખે પી.ડબલ્યુ.ડી.માં જમા કરાવી. ?

ઉત્તર ૩૫ : ડિપોઝિટ વર્ક તરીકે રૂ. ૩૪,૭૭,૬૩૪ બાંધકામ સમિતિના ઠરાવના સંદર્ભમાં કુલપતિશ્રીની મંજૂરીથી સ્ટેટ પી.ડબલ્યુ.ડી.માં જમા કરવામાં આવેલા છે, જેની વિગતો સાથેના પરિશિષ્ટ "૮" માં સામેલ છે.

શ્રી બી. જે. પંડ્યાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : બાંધકામ સમિતિને નાણા આપવાનો ઠરાવ કરવાનો અધિકાર છે ખરો સાહેબ? કાર્ય સોંપવું તેવો ઠરાવ તે કરી શકે, યુનિવર્સિટીને ભલામણ કરી શકે પણ અમલ ન કરાવી શકે. જે શરતે આ નાણાં આપ્યા હોય તે શરતો કોણે પરિપૂર્ણ કરવાની ? વાઈસ- ચાન્સેલરે કે ગુજરાત યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી વાઈસ-ચાન્સેલર કરી શકે.

પૂરક પ્રશ્ન ૨ : નાણા વાપરનાર ઓથોરિટી આ શરતો જાણતી નથી અને ૩૪ લાખ રૂપિયા આપી દીધાં ?

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : ૩૪ લાખ રૂપિયા યુ.જી.સી.ની શરત પ્રમાણે અપાયા.

પૂરક પ્રશ્ન ૩ : તમારા પ્રશ્નના જવાબમાં એ આવતું નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર ૩ : યુ.જી.સી.ની કન્ડિશનનો કાગળ પણ છે તેમાં જણાવેલું છે કે આપણે જમા કરેલાં બતાવીએ પછી તે આપણને આપે.

પૂરક પ્રશ્ન ૪ : આ નાણા આપવાના ઠરાવની આજદિન સુધી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મંજૂરી લીધી ?

કુલપતિશ્રીનો ઉત્તર ૪ : ના, જી.

પૂરક પ્રશ્ન ૫ : તો માત્ર આ કાર્ય કુલપતિશ્રીએ કરેલું છે અને તે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ આજની તારીખ સુધી જાણતી નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર ૫ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવાનું બાકી છે.

શ્રી દેવેન્દ્રભાઈ સોલંકીએ નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : પૈસા કયા વર્ષે જમા કરાવેલા ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : ૧૯૯૩-૯૪માં

પૂરક પ્રશ્ન ૨ : આજદિન સુધી પછી તેના ઉપર કામ થયું ?

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : સ્ટેટ પી.ડબલ્યુ.ડી.ને કાગળ લખેલા છે.



શ્રી અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : આ નાણાં શેના સંદર્ભના હતા ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : યુ.જી.સી.ની ૭મી યોજનાના હતા.

પૂરક પ્રશ્ન ૨ : તેનો ગાળો કયો હતો ?

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : તેનો ગાળો ૧૯૮૫થી ૧૯૯૦ સુધી હતો અને ૧૯૯૪ સુધી લંબાવેલો હતો.

પૂરક પ્રશ્ન ૩ : ૧૯૯૦-૯૨ના ગાળામાં કોઈ કામગીરી થઈ નથી. આ બાંધકામ પાછળ જે નિયત થયેલાં નાણાં છે તેના કરતાં વધારે ખર્ચ થશે તો તે ખર્ચ યુ.જી.સી. મંજૂર કરશે ખરી ?

કુલપતિશ્રીનો ઉત્તર ૩ : યુ.જી.સી.ને આપણે પૂછવું પડે.

પ્રશ્ન ૩૬ : આ રકમ પી.ડબલ્યુ.ડી.માં જમા કરાવવા અંગે કઈ તારીખથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં ઠરાવ થયો ?

ઉત્તર ૩૬ : ઉત્તર ૩૫ જોવા વિનંતી.

પ્રશ્ન ૩૭ : આ રકમ જે પ્રોજેક્ટ માટે પી.ડબલ્યુ.ડી.માં જમા કરાવી ત્યારે તે કામોના અંદાજી ખર્ચ તૈયાર કરવામાં આવેલા ?

ઉત્તર ૩૭ : હા, જી.

પ્રશ્ન ૩૮ : આ રકમ પી.ડબલ્યુ.ડી.માં જમા કરાવ્યા બાદ નિયત કામ શરૂ કરવા ક્યારે ક્યારે પી.ડબલ્યુ.ડી.ને જણાવ્યું ?

ઉત્તર ૩૮ : સ્ટેટ પી.ડબલ્યુ.ડી.ને રકમ જમા કરાવ્યા બાદ નિયત કામો શરૂ કરવા વખતોવખત જાણ કરેલી છે, તેની વિગતો સાથેના પરિશિષ્ટ "૯" માં દર્શાવેલી છે.

પ્રશ્ન ૩૯ : પી.ડબલ્યુ.ડી.ને સોંપેલ કામની કોઈ શરતો નક્કી થઈ હતી ?

ઉત્તર ૩૯ : ના, જી.

પ્રશ્ન ૪૦ : પી.ડબલ્યુ.ડી.ને આપેલ રકમનાં કામો માટે અંદાજી ખર્ચમાં ઘણો વધારો થયો છે તેવું યુનિવર્સિટીના ધ્યાન પર ક્યારે આવ્યું ?

ઉત્તર ૪૦ : સ્ટેટ પી.ડબલ્યુ.ડી.ના પત્ર ક્રમાંક પીબી/ગુ.યુ./૨૧૦૦/૧૯૯૫, તા. ૧૯-૫-૧૯૯૫ મળ્યા પછી ધ્યાન ઉપર આવ્યું.

શ્રી બી. જે. પંડ્યાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન ૧ : અંદાજી ખર્ચમાં વધારો થયો છે તેવું યુનિવર્સિટીના ધ્યાનપર ૧૯-૫-૧૯૯૫ના રોજ આવ્યું. નાણા જ્યારે આપ્યા ત્યારે તેનો પાયો આંકડાઓ ન હતા તો પછી નાણા આપવાનો સવાલ જ ક્યાં હતો ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : શરતના ભાગરૂપે આપ્યા હતા.

પ્રશ્ન ૪૧ : પી.ડબલ્યુ.ડી.ને કામ પેટે જમા કરાવેલ રકમ અંગેની શરતોમાં નિયત કામ પૂર્ણ ન કરે તો વ્યાજ-દંડની વસુલાતની જોગવાઈ કરી હતી ?

ઉત્તર ૪૧ : ના, જી.

પ્રશ્ન ૪૨ : પી.ડબલ્યુ.ડી.ને કેટલી રકમ, કઈ તારીખે કયા કામ માટે આપી અને તેની મંજૂરી કઈ તારીખની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં લેવામાં આવી ?

ઉત્તર ૪૨ : પ્રશ્ન ૩૫ અને ૩૬નો પ્રત્યુત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૩ : તે રકમ પી.ડબલ્યુ.ડી. પાસે રહી તેટલા સમય સુધી તે રકમ બેન્કમાં મુકી હોત તો તે રકમ પર કેટલું વ્યાજ મળી શકત ?

ઉત્તર ૪૩ : અનુમાનને લગતો પ્રશ્ન હોવાથી પ્રત્યુત્તર આપી શકાય તેમ નથી, તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૪૪ : તા. ૮-૧૨-૧૯૯૬ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં સમિતિ નિયુક્ત થયા પછી તે અંગે શી કાર્યવાહી થઈ ?

ઉત્તર ૪૪ : નિયુક્ત સમિતિની સભા મળી શકી નથી.

પ્રશ્ન ૪૫ : પ્રોજેક્ટ ખર્ચ વધી જતાં યુનિવર્સિટી હવે આ પ્રોજેક્ટ હાથ ધરનાર છે ?

ઉત્તર ૪૫ : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હી પાસેથી વધારાના અનુદાનની માગણી કરેલી છે.

પ્રશ્ન ૪૬ : પી.ડબલ્યુ.ડી.ને તે પ્રોજેક્ટ પેટે કેટલી રકમ એડવાન્સ આપી હતી ?

ઉત્તર ૪૬ : પ્રશ્ન ૩૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૭ : એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરની નિભાવ ગ્રાન્ટ અંગેની માહિતી માંગતા કોર્ટ સભ્યોના કોઈ પત્રો યુનિવર્સિટીને મળ્યા છે ?

ઉત્તર ૪૭ : હા, જી.

પ્રશ્ન ૪૮ : ઈ.એમ.આર.સી. વિભાગની નિભાવ ગ્રાન્ટ યુ.જી.સી. તરફથી મળે છે ?

ઉત્તર ૪૮ : હા, જી.

પ્રશ્ન ૪૯ : ઈ.એમ.આર.સી. વિભાગ માટે સ્ટાફિંગ પેટર્ન યુ.જી.સી.એ મંજૂર કરેલ છે ? મંજૂર સ્ટાફિંગ પેટર્ન આપશો.

ઉત્તર ૪૯ : હા, જી. મંજૂર સ્ટાફિંગ પેટર્ન પરિશિષ્ટ "૧૦" તરીકે સામેલ છે.

પ્રશ્ન ૫૦ : યુ.જી.સી. અથવા ગુજરાત સરકારે મંજૂર કરેલ સ્ટાફ સિવાયના સ્ટાફની, જગા ન હોવા છતાં નિમણૂક થઈ છે ?

ઉત્તર ૫૦ : હા, જી.

શ્રી બી. જે. પંડ્યાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન ૧ : યુ.જી.સી., ગુજરાત સરકાર અથવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મંજૂરી વગર યુનિવર્સિટીના માથે કરોડો રૂપિયાની જવાબદારી વધે તેવી બિનજરૂરી નિમણૂકો કુલપતિશ્રીએ કરી છે ખરી ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : મંજૂરી સિવાયની નિમણૂક થઈ છે ખરી.

શ્રી અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : આમાં કોની નિમણૂક કરવામાં આવી હતી ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : જુનિયર ક્લાર્ક પરેશ દેસાઈની નિમણૂક કરવામાં આવી હતી.

પૂરક પ્રશ્ન ૨ : કોના આદેશથી નિમણૂક કરવામાં આવી હતી ?

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : વહીવટી આદેશથી એક કમિટી નિમાયેલી અને તેની ભલામણ મુજબ નિમણૂક થયેલી છે.

પૂરક પ્રશ્ન ૩ : આમાં રાજ્ય સરકારની જવાબદારી નથી. ૧૦૦% યુ.જી.સી. તરફથી ચાલે છે અને તેના માટે પણ કોઈ એડવાઈઝરી કમિટી કે એવું કંઈ હશેને ?

કુલપતિશ્રીનો ઉત્તર ૩ : તેની રીવ્યુ કમિટીએ ભલામણ કરી હતી (એમ. એન. દેસાઈ).

પૂરક પ્રશ્ન ૪ : રીવ્યુ કમિટીમાં કોણ કોણ હતા ?

કુલપતિશ્રીનો ઉત્તર ૪ : શ્રી અંબુભાઈ દેસાઈ, શ્રી ભાટિયા સાહેબ અને સેન્ટરના કો-ઓર્ડિનેટર હતા એવો મને ખ્યાલ છે (એમ. એન. દેસાઈ).

શ્રી એમ. એન. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : આપણે ૨૪૦ દિવસ કેટલાંક કર્મચારીઓનાં થવા દેતાં નથી કારણ કે તે પહેલાં આપણે તેમને છૂટા કરીએ છીએ કે જેથી તેઓ પરમેનન્ટ ન થાય. પરંતુ હમણાં છેલ્લે એવા કોઈની નિમણૂક કરી છે જેનાં ૨૪૦ દિવસથી વધારે દિવસ થવા દીધા છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તપાસ કરીને કહીશું.

શ્રી જગદીશભાઈ ભાવસાર અને મંગુભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : વ્યક્તિગત કોઈને અસર કરતા હોય તેવા પ્રશ્નો આપણે લેતા નથી તેવો મને ખ્યાલ છે અને આવા પ્રશ્નો કાઢી નાખવામાં આવે છે.

કુલપતિશ્રીનો ઉત્તર : અહિંયા જે પ્રશ્નો છે તે હકીકતોને સ્પર્શતા પ્રશ્નો છે.

પ્રશ્ન ૫૧ : ઈ.એમ.આર.સી. વિભાગમાં રેડિયો પ્રોજેક્ટ સહિતના હિસાબી કામ અંગે કોઈ હંગામી નિમણૂક થઈ હતી ?

ઉત્તર ૫૧ : હા, જી.

પ્રશ્ન ૫૨ : હિસાબી કામ અંગે વ્યક્તિ નિયુક્ત કરવામાં આવી હોવા છતાં કેશ એલાઉન્સ અન્ય કોઈ વ્યક્તિને આપવામાં આવતું હતું ?

ઉત્તર ૫૨ : હા, જી.



પ્રશ્ન ૫૩ : ઈ.એમ.આર.સી. વિભાગમાં રેડિયો પ્રોજેક્ટ અંગે સ્ટાફ નિયુક્ત કરવામાં આવ્યો હતો ?

ઉત્તર ૫૩ : હા, જી.

પ્રશ્ન ૫૪ : રેડિયો પ્રોજેક્ટ બંધ થતાં નિયુક્ત સ્ટાફને છૂટો કરવામાં આવ્યો છે ?

ઉત્તર ૫૪ : ના, જી.

પ્રશ્ન ૫૫ : ઉપરોક્ત પ્રોજેક્ટ પૈકી છૂટા ન કરેલ સ્ટાફ પૈકીના કયા કયા કર્મચારીઓને કયા કયા વિભાગમાં કોની મંજૂરીથી કાયમ કરવામાં આવ્યા છે?

ઉત્તર ૫૫ : જુનિયર ક્લાર્ક તરીકે શ્રી પરેશ દેસાઈ ઈ.એમ.આર.સી.માં કમિટીની ભલામણ અન્વયે કુલપતિશ્રીની મંજૂરીથી કાયમ કરવામાં આવેલા છે.

પ્રશ્ન ૫૬ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મંજૂરી વગર ક્રમાંક-૫૫ મુજબ કાયમ થયેલ કર્મચારી તથા તે સમયના કુલપતિશ્રીના યુનિવર્સિટીમાં નોંધાયેલા ઘરનાં સરનામાં આપશો ?

ઉત્તર ૫૬ : તેઓ બંનેનાં ઘરનાં સરનામાં નીચે મુજબ એકજ નોંધાયેલાં છે :
૨૩-એ, પરવીઝ વીલા, મહાદેવનગર સોસાયટી,
સરદાર પટેલ કોલોની પાસે, અમદાવાદ-૩૮૦ ૦૧૪.

પ્રશ્ન ૫૭ : ઈ.એમ.આર.સી. વિભાગ માટે નિયુક્ત થયેલ સ્ટાફ પૈકી જે જગ્યાની મંજૂરી રાજ્ય સરકારે અથવા તો યુ.જી.સી.એ આપી નથી તેવી જગ્યા ઉપર નિયુક્ત થયેલ સ્ટાફના પગારથી માંડીને નિવૃત્તિ પેન્શન સુધીની કરોડો રૂપિયાની જવાબદારી કોણે ઉપાડવાની રહેશે ?

ઉત્તર ૫૭ : હાલ યુ.જી.સી. ૧૦૦ ટકા નોન-પ્લાનની ગ્રાન્ટ પગાર અને ભથ્થામાં સદરહુ ખર્ચ પડે છે.

પ્રશ્ન ૫૮ : ઈ.એમ.આર.સી. વિભાગના વડાએ કયા કયા કર્મચારીઓ વિરૂદ્ધ યુનિવર્સિટીને રિપોર્ટ કર્યા હતા ?

ઉત્તર ૫૮ : સર્વ શ્રી પરેશ દેસાઈ, બી. જી. તલસાણિયા અને બી.એમ. કનોજા.

પ્રશ્ન ૫૯ : ઉપરી અધિકારીનો અનાદર કરનાર કર્મચારીઓ સામે પગલાં લેવા માટે ઈ.એમ.આર.સી.ના વડાએ યુનિવર્સિટીને કેટલા પત્રો લખ્યા ?

ઉત્તર ૫૯ : કુલ ૯ પત્રો લખ્યા હતા.

પ્રશ્ન ૬૦ : લીધેલ પગલાં પણ જણાવશો.

ઉત્તર ૬૦ : બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા તા. ૭-૨-૧૯૯૬ તેમજ તા. ૩૦-૫-૧૯૯૬માં મુકાયેલી હતી.

પ્રશ્ન ૬૧ : યુનિવર્સિટીના કયા કયા કર્મચારીને માતુશ્રીના/પિતાશ્રીના ગામ (મોસાળ)ને વતન તરીકે મંજૂરી આપવામાં આવી હતી ?

ઉત્તર ૬૧ : ઇ.એમ.આર.સી.ના શ્રી પરેશ દેસાઈને.

પ્રશ્ન ૬૨ : કર્મચારીના વતનની ગણતરીના નિયમો આપશો.

ઉત્તર ૬૨ : સદરહુ માહિતી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.

પ્રશ્ન ૬૩ : મોસાળને વતન તરીકેની મંજૂરી મળી હોય તેવા કેટલા કર્મચારીઓ છે ?

ઉત્તર ૬૩ : એક કર્મચારી છે.

પ્રશ્ન ૬૪ : મોસાળને વતન તરીકે મંજૂરી મળી હોય તેવા કર્મચારીનાં નામ આપશો.

ઉત્તર ૬૪ : પ્રશ્ન ૬૧નો ઉત્તર જોવા વિનંતી.

પ્રશ્ન ૬૫ : યુનિવર્સિટી કોર્ટના સભ્ય હોય તે પૈકી શિક્ષક ન હોય તે બે સભ્યોની યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૧૧) અંન્વયે કુલાધિપતિશ્રીએ જેમની યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર નિયુક્ત કરી છે તેઓ શિક્ષક નથી તેવી માહિતી યુનિવર્સિટીએ કુલાધિપતિશ્રીને લેખિત આપી હતી ?

ઉત્તર ૬૫ : ના, જી.

પ્રશ્ન ૬૬ : તે માહિતી કુલાધિપતિશ્રીને મોકલતી વખતે શિક્ષક હોવા અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૨ (૧૨) અને સ્ટે. ૧૩૬ની જોગવાઈઓ લક્ષમાં લેવામાં આવી હતી ?

ઉત્તર ૬૬ : પ્રશ્ન ૬૫નો ઉત્તર વંચાણે લેવા વિનંતી.

પ્રશ્ન ૬૭ : યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૧૧) અન્વયે નિયુક્ત થયેલ સભ્યોની પેન્શન પગારની ગણતરીનાં વર્ષોમાં તેમની ક્યા પ્રકારની નોકરીનાં વર્ષો ગણતરીમાં લેવામાં આવ્યાં ?

ઉત્તર ૬૭ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર નિયુક્ત સભ્યો પૈકી ડૉ. એમ. એન. દેસાઈના પેન્શન પગારની ગણતરીમાં તેઓની અગાઉની શૈક્ષણિક નોકરીના વર્ષો ગણતરીમાં લેવામાં આવ્યા છે. જ્યારે અન્ય એક સભ્યની તેમની સંસ્થામાંથી પત્રથી માહિતી મંગાવવામાં આવેલી છે.

પ્રશ્ન ૬૮ : પ્રશ્ન ક્રમાંક ૬૫ મુજબ કુલાધિપતિશ્રીને માહિતી મોકલતી વખતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ઉપર નિયુક્તિ થયેલ સભ્યો શિક્ષક હતા તે વાત સાચી છે ?

ઉત્તર ૬૮ : પ્રશ્ન ક્રમાંક ૬૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૯ : જો ના, તો તેના કારણો આપશો.

ઉત્તર ૬૯ : પ્રશ્ન ક્રમાંક ૬૫નો ઉત્તર જોવા વિનંતી છે.

[ ૨ ] પ્રિ. ભાસ્કર પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૭૦ : હાલ યુનિવર્સિટીમાં કુલ કેટલી બિનશિક્ષકવર્ગની ખાલી જગ્યાઓ છે ?

ઉત્તર ૭૦ : કુલ ૧૨૨ બિનશિક્ષકવર્ગની જગ્યાઓ ખાલી છે.

પ્રશ્ન ૭૧ : શું એ વાત સાચી છે કે યુનિવર્સિટીમાં બિનશિક્ષકની ખાલી જગ્યા ભરવા માટે રાજ્ય સરકારની મંજૂરી મેળવવી આવશ્યક છે ?

ઉત્તર ૭૧ : હા, જી.

પ્રશ્ન ૭૨ : છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન કુલ કેટલી નવી કૉલેજોને યુનિવર્સિટી દ્વારા જોડાણ આપવામાં આવ્યું ?

ઉત્તર ૭૨ : છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન કુલ ૧૬ નવી કૉલેજોને જોડાણ આપવામાં આવ્યું.

પ્રશ્ન ૭૩ : યુનિવર્સિટી છાત્રાલય, એસ. કે. પ્રોફેશનલ સેન્ટર, ડેવલપમેન્ટ કૉમ્યુનિકેશન સેન્ટર, આઈ.એ.એસ. સેન્ટરમાં ડાયરેક્ટરની જગ્યાએ માનદ શા માટે નીમવામાં આવે છે ?

ઉત્તર ૭૩ : મૂળ મંજૂર થયેલ યોજના તેમ જ તે સંદર્ભમાં મંજૂર થયેલ બજેટ અનુસાર માનદ ડાયરેક્ટર નીમવામાં આવે છે.

પ્રશ્ન ૭૪ : યુનિવર્સિટીએ નિયત કરેલ એડવોકેટ કોણ છે ?

ઉત્તર ૭૪ : ચોક્કસ એડવોકેટ નિયુક્ત કરવામાં આવતા નથી. કેસની વિગતોના આધારે એડવોકેટની નિયુક્તિ કરવામાં આવે છે.

પ્રશ્ન ૭૫ : તેઓને શું મહેનતાણું ચૂકવાય છે ?

ઉત્તર ૭૫ : એડવોકેટને મહેનતાણું ચૂકવવામાં આવતું નથી પરંતુ કેસની ફી ચૂકવવામાં આવે છે.

પ્રશ્ન ૭૬ : છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન યુનિવર્સિટી પરીક્ષા ફીની આવક તથા પરીક્ષા ખર્ચની વિગતો આપશો.

ઉત્તર ૭૬ :

| ક્રમ વર્ષ | આવક રૂ. | ખર્ચ રૂ. |
|---|---|---|
| (૧) ૧૯૯૩–૯૪ | ૧,૨૭,૧૧,૧૩૧ | ૧,૪૧,૫૪,૬૮૮ |
| (૨) ૧૯૯૪–૯૫ | ૧,૪૯,૬૬,૫૬૭ | ૧,૯૨,૯૮,૩૦૬ |
| (૩) ૧૯૯૫–૯૬ | ૧,૬૧,૪૫,૩૩૭ | ૨,૦૪,૨૭,૫૩૫ |

પ્રશ્ન ૭૭ : શું એ હકીકત સાચી છે કે યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં આયુર્વેદિક ડૉક્ટરની સેવા નથી મળતી ?

ઉત્તર ૭૭ : હા, જી.

પ્રશ્ન ૭૮ : કાર્યકારી કુલસચિવશ્રી મનીષભાઈ શાહે યુનિવર્સિટી સેવામાંથી કઈ તારીખે રાજીનામું આપ્યું ?

ઉત્તર ૭૮ : તા. ૨૦–૭–૧૯૯૫.

પ્રશ્ન ૭૯ : યુનિવર્સિટી પાસે હાલ કુલ કેટલી જમીન છે ?

ઉત્તર ૭૯ : યુનિવર્સિટી પાસે હાલ કુલ ૨૬૦ એકર જમીન છે.

શ્રી ભાસ્કરભાઈ પટેલે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન ૧ : યુનિવર્સિટીની જે જમીન છે તેના ઉપર અન્ય કોઈ સંસ્થાને મકાન બાંધવા માટે પરવાનગી આપી હોય એવું ખરું સાહેબ ?

કુલપતિશ્રીનો ઉત્તર ૧ : ના, જી.



પૂરક પ્રશ્ન ૨ : કઈ શરતોને આધિન આપવામાં આવી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર ૨ : એ એગ્રિમેન્ટ બતાવવામાં આવશે. તેની નીચેની રૂમો ડિપાર્ટમેન્ટ માટે આપણને વાપરવા માટે મળશે અને માલિકી પણ આપણી છે.

શ્રી જગદીશભાઈ ભાવસારે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : એ ખાલી જમીન છે તેને આપણે કવર કરવા માગીએ છીએ ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ પ્રશ્નની ચર્ચા ઘણીવાર થઈ છે અને આ એક ચિંતાનો વિષય છે કારણ કે તારની વાડ પણ લોકો તોડી નાંખે છે એટલે પાકી વાડ કરવા અંગે શું કરવું, તેના ખર્ચ વગેરે અંગે શું કરવું તે વિચારવું પડે કારણ કે દિવાલ બાંધવા માટે સરકારશ્રી ગ્રાન્ટ નથી આપતી.

પ્રશ્ન ૮૦ : આ જમીન ઉપર બાહ્ય દબાણ ન થાય તે માટે યુનિવર્સિટી સલામતી માટે કેવાં પગલાં લેવા ઇચ્છે છે ?

ઉત્તર ૮૦ : વારંવાર સિક્યોરિટી મારફત ચેકિંગ કરાવવામાં આવે છે.

પ્રશ્ન ૮૧ : યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજને સ્થળાંતર કરવાની પરવાનગી આપવામાં આવે છે ?

ઉત્તર ૮૧ : હા, જી.

પ્રશ્ન ૮૨ : જો હા, તો સત્રના અંતે કે / ઍકેડેમિક વરસના અંતે ?

ઉત્તર ૮૨ : ઑર્ડિ. ૧૨૦ની જોગવાઈને આધીન મંજૂરી અપાય છે.

પ્રશ્ન ૮૩ : આઠમી પંચવર્ષીય યોજના દરમિયાન યુનિવર્સિટીને કેટલું અનુદાન મળ્યું હતું ?

ઉત્તર ૮૩ : રૂ.૪૨ લાખનું અનુદાન મળેલ છે.

પ્રશ્ન ૮૪ : કઈ કઈ પ્રવૃત્તિ માટે ?

ઉત્તર ૮૪ : યુનિવર્સિટીના વૈજ્ઞાનિક સાધનસામગ્રી, પુસ્તકો તેમ જ કેમ્પસ ડેવલપમેન્ટ માટે અનુદાન મળેલ છે.

પ્રશ્ન ૮૫ : મહેમદાવાદની બી.પી.એડ. કૉલેજ માટેની સ્થાનિક તપાસસમિતિ છેલ્લી ક્યારે ગઈ ?

ઉત્તર ૮૫ : તા. ૧૦–૨–૧૯૯૭ના રોજ સ્થાનિક તપાસસમિતિ મુલાકાત માટે ગઈ હતી.

શ્રી મંગુભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : સ્થાનિક તપાસસમિતિમાં ક્યા ક્યા સભ્યો હતા ?

કુલપતિશ્રીનો ઉત્તર : માહિતી આપીશું.

પ્રશ્ન ૮૬ : સ્થાનિક તપાસસમિતિમાં કોઈ ક્ષતિ માલૂમ પડી ?

ઉત્તર ૮૬ : સ્થાનિક તપાસસમિતિનો હેવાલ હજુ ઉપલબ્ધ થયો નથી.

પ્રશ્ન ૮૭ : બી.પી.એડ. કૉલેજે ચાલુ વરસે કુલ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો ?

ઉત્તર ૮૭ : ૧૨૫ વિદ્યાર્થીઓને.

ભાસ્કરભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : આ કૉલેજને કેટલાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે મંજૂરી આપવામાં આવી હતી ?

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રવેશ માટે ૧૦૦ની સંખ્યા નિયત થયેલી છે અને પછી બીજા ૨૫ની મંજૂરી આપીએ છીએ.

પ્રશ્ન ૮૮ : આર્ટ્સ, કૉમર્સ, સાયન્સના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને એનરોલમેન્ટની ફી કેટલી લેવામાં આવે છે ?

ઉત્તર ૮૮ : રૂ. ૨૫-૦૦ એનરોલમેન્ટ ફી લેવામાં આવે છે.

**પ્રશ્નોત્તરી સમાપ્ત**

## પરિશિષ્ટ "૧"

પ્રશ્ન ક્રમાંક ૩ની માહિતી

(૧) ૧૯૯૪-૯૫ના વર્ષમાં ભવનમાં નિવૃત્ત શિક્ષકોને મુલાકાતી શિક્ષકો તરીકે બોલાવવામાં આવ્યા તેની માહિતી :

| | | |
|---|---|---|
| ૧. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવન | ૧. પ્રો. ટી. એસ. નાન્દી | સંસ્કૃત |
| | ૨. પ્રો. એસ. જે. દવે | |
| | ૩. ડૉ. ભોળાભાઈ પટેલ | હિન્દી |
| | ૪. ડૉ. દિગીશ મહેતા | એમ.ફિલ., સંસ્કૃત |
| | ૫. શ્રી બી. ડી. ભટ્ટ | સંસ્કૃત |
| ૨. મનોવિજ્ઞાન ભવન | પ્રો. સી. વી. રાવલ | ફિલોસોફી |
| ૩. વિજ્ઞાન વિદ્યાભવન | શ્રી એ. બી. વોરા | બોટાની |
| | ડૉ. એમ. એન. દેસાઈ | કેમિસ્ટ્રી |
| | ડૉ. જે. પી. ત્રિવેદી | " |
| | ડૉ. જે. સી. વોરા | " |
| | ડૉ. આર. કે. શાહ | " |
| | ડૉ. જે. ડી. તલાટી (બીજી યુનિવર્સિટીના) | " |
| ૪. શેઠ દામોદરદાસ વાણિજ્ય વિદ્યાભવન | પ્રો. બી. એમ. મુલે | એમ.કોમ. |
| | ડૉ. એમ. સી. રાવલ | અર્થશાસ્ત્ર |

(૨) ૧૯૯૫-૯૬ના વર્ષમાં ભવનમાં નિવૃત્ત શિક્ષકોને મુલાકાતી શિક્ષકો તરીકે બોલાવવામાં આવ્યા તેની માહિતી :

| | | |
|---|---|---|
| ૧. સમાજવિદ્યા ભવન | ૧. ડૉ. પરેશ મજમુદાર | મજૂર કલ્યાણ |
| | ૨. શ્રી એ. આર. શાહ | સમાજશાસ્ત્ર |
| | ૩. ડૉ. ઉષાબહેન એસ. કન્હારે | સમાજશાસ્ત્ર |
| ૨. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવન | શ્રીમતી એ. એ. દલાલ | એમ.એ. તથા |
| | શ્રીમતી ઈન્દિરા ભટ્ટ | એમ.ફિલ. માટે (અંગ્રેજી) |
| | ડૉ. લક્ષ્મેશભાઈ જોષી | સંસ્કૃત |
| | ડૉ. ભોળાભાઈ પટેલ | એમ.એ., એમ.ફિલ. |
| | ડૉ. રામકુમાર ગુપ્તા | હિન્દી |
| ૩. મનોવિજ્ઞાન ભવન | પ્રો. એચ. ડી. બદામી | સાયકોલોજી |
| | પ્રો. એસ. વી. ત્રિવેદી | " |
| | શ્રી જે. એ. યાજ્ઞિક | ફિલોસોફી |
| | શ્રી આર. વી. પંડ્યા | " |
| | શ્રી જે. જે. શુક્લ | " |
| | શ્રી સી. વી. રાવલ | " |
| ૪. શેઠ દામોદરદાસ વાણિજ્ય વિદ્યાભવન | શ્રી બી. એમ. મુલે | એમ.કૉમ. અર્થશાસ્ત્ર |
| ૫. વિજ્ઞાન વિદ્યાભવન | ડૉ. એમ. એન. દેસાઈ | કેમિસ્ટ્રી |
| | ડૉ. જે. પી. ત્રિવેદી | " |
| | ડૉ. જે. સી. વોરા | " |
| | ડૉ. જે. ડી. તલાટી | " |
| | શ્રી કે. જી. જાની | ઇલેક્ટ્રોનિક્સ |



(૩) ૧૯૯૬-૯૭ના વર્ષમાં ભવનમાં નિવૃત્ત શિક્ષકોને મુલાકાતી શિક્ષકો તરીકે બોલાવવામાં આવ્યા તેની યાદી :

| | | |
|---|---|---|
| ૧. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવન | ડૉ. જયશ્રીબહેન ઠાકોર | એમ.એસ.ડબલ્યુ |
| ૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજી, ફિલોસોફી અને એજ્યુકેશન | ૧. શ્રી વી. આર. શાહ | એમ.એડ. |
| | ૨. પ્રો. એ. ટી. અજમેરા | " |
| | ૩. ડૉ. એસ. ટી. કાપડિયા | એમ.ફિલ. |
| | ૪. શ્રી જે.એ. યાજ્ઞિક | ફિલોસોફી |
| | ૫. શ્રી સી. બી. દવે | સાયકોલોજી |
| | ૬. શ્રી એસ. વી. ત્રિવેદી | " |
| ૩. શેઠ દામોદરદાસ વાણિજ્ય વિદ્યાભવન | ૧. શ્રી બી. એમ મુલે | એમ.કોમ., અર્થશાસ્ત્ર તથા બેન્કિંગ માટે |
| | ૨. શ્રી આર. એમ. વ્યાસ | એમ.ફિલ. માટે |
| ૪. વિજ્ઞાન વિદ્યાભવન | ૧. ડૉ. એમ. એન. દેસાઈ | કેમિસ્ટ્રી |
| | ૨. ડૉ. જે. સી. વોરા | " |
| | ૩. ડૉ. પી. બી. પટેલ | " |

## પરિશિષ્ટ "૨"

પ્રશ્ન ક્રમાંક ૪ની માહિતી

છેલ્લાં ત્રણ વર્ષમાં નિવૃત્ત શિક્ષકોને યુનિવર્સિટી ભવનોમાં સંશોધન વ્યાખ્યાતા તરીકેની કામગીરી સોંપવામાં આવી છે તેની માહિતી :

| ક્રમાંક | નિવૃત્ત માર્ગદર્શકનું નામ | વિષય | નિવૃત્ત થયા પછી કેટલા વિદ્યાર્થી નોંધાયા | અન્ય નોંધ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી તપસ્વી નાન્દી | સંસ્કૃત | ૧ વિદ્યાર્થી | |
| ૨. | ડૉ. એ. બી. વોરા | વનસ્પતિશાસ્ત્ર | ૨ વિદ્યાર્થી | |
| ૩. | ડૉ. મફત ઓઝા | ગુજરાતી | ૩ વિદ્યાર્થી | |
| ૪. | ઉષાબહેન કન્હારે | સમાજશાસ્ત્ર | ૨ વિદ્યાર્થી. | |

## પરિશિષ્ટ "૩"

પ્રશ્ન ક્રમાંક ૧૧ની માહિતી

The following shall be the minimum qualification for the post of a Reader in the University :

1 (a) Bachelor's and Master's degree at least with Second Class in the subject.
(b) Bachelor's and Master's Degree in the subject and having Ph.D. Degree in the subject or Master's Degree in the subject from foreign University.

*AND*

2 At least five year's teaching experience out of which at least two years' experience at Post- graduate level.

AND

3. Three research papers in the subject published in reputed journal.

*OR*

3. Successful / guided ten dissertations at Post-graduate level.

## પરિશિષ્ટ "૪"

પ્રશ્ન ક્રમાંક ૧૫(૧)ની માહિતી

**કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદને ખાસ કિસ્સા તરીકે ઘરભાડા ભથ્થું મળવા બાબત.**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક/યુ.જી.સી.-૧૦૮૯-૪૦૭૨/(૧૩૯૮૯-ખ)

સચિવાલય, ગાંધીનગર, તા. ૨-૨-૧૯૯૦.

ઠરાવ :

રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓને જે તે યુનિવર્સિટીના કેમ્પસમાં ભાડામુક્ત રહેઠાણની સગવડ આપવામાં આવે છે, તે મુજબ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી એમ. એન. દેસાઈને પણ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલો બંગલો ભાડામુક્ત રહેઠાણ તરીકે ફાળવવામાં આવેલો છે. ડૉ. એમ. એન. દેસાઈએ સરકારમાં મૌખિક રજૂઆત કરેલી હતી કે તેઓ પોતાનું ખાનગી માલિકીનું મકાન ધરાવે છે. તેથી તેમને તેમાં રહેવાની છૂટ આપવી અને ઘરભાડા ભથ્થું મંજૂર કરવું.

સરકારશ્રીએ તેમની રજૂઆત ગ્રાહ્ય રાખેલ છે અને શ્રી દેસાઈને ખાસ કિસ્સા તરીકે તેમના પોતાના માલિકીના મકાનમાં રહેવાની અને નિયમાનુસાર મળવાપાત્ર ઘરભાડા ભથ્થું મેળવવાની છૂટ આપવામાં આવે છે.

'આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧૯-૧-૧૯૯૦ના રોજ મળેલી સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**દિનેશ વ્યાસ**
સેક્શન અધિકારી

## પરિશિષ્ટ "૫"

પ્રશ્ન ક્રમાંક ૧૫(૨)ની માહિતી

ક્રમાંક : ગજય-૧૦૯૩-૨૯૫૦-ખ
શિક્ષણ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૬-૯-૧૯૯૪

પ્રતિ,
કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ.

વિષય.— શ્રી એન. વી. વસાણી, કુલપતિશ્રી ગુજરાત યુનિવર્સિટીને ઘરભાડા ભથ્થું ચૂકવવા બાબત.
સંદર્ભ : આ વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૨૯-૧૦-૧૯૯૩નો પત્ર.

શ્રીમાન,

પ્રો. એન. વી વસાણી, પ્રો-વાઈસ-ચાન્સેલર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઘરભાડા ભથ્થું ચૂકવવા આ વિભાગના તા. ૨૯-૧૦-૧૯૯૩ના પત્રથી જરૂરી મંજૂરી આપવામાં આવેલ હતી.

શ્રી એન. વી. વસાણીની તા. ૨-૫-૧૯૯૪થી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમણૂક થયેલ હોઈ તેમજ શ્રી વસાણી દ્વારા તેમની કુલપતિશ્રી તરીકે તે જ ધોરણે ઘરભાડા ભથ્થું આપવા તા. ૨૫-૮-૧૯૯૪ના પત્રથી રજૂઆતને ધ્યાનમાં લઈને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ તેમને ઘરભાડા ભથ્થું ચૂકવવા આથી મંજૂરી આપવામાં આવે છે.

આપની વિશ્વાસુ
**(શ્રીમતી આર. પી. જોષી)**
ઉપસચિવ, શિક્ષણ વિભાગ



## પરિશિષ્ટ "૬"

પ્રશ્ન ક્રમાંક ૨૩ની માહિતી

| ક્રમ | નામ | હોદ્દો | ટેલિફોન નંબર | નિવૃત્તિની તારીખ | ટેલિફોન શીફ્ટિંગ તારીખ | મિનિમમ ભાડા પ્રમાણે યુનિવર્સિટીએ ચૂકવેલ રકમ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ડૉ. એમ. એન. દેસાઈ | કુલપતિ | ૪૪૨૪૨૯ | ૧૪-૫-'૯૪ | ૨૫-૨-'૯૭ | ૧૫૩૨ | ૧૯૯૪થી ૧૯૯૬ દરમિયાન આંબેડકર યુનિવર્સિટી દ્વારા. પેમેન્ટ થતું હતું. |
| ૨. | પ્રો. એન. વી. વસાણી | કુલપતિ | ૬૭૪૮૫૮૬ | ૧૨-૩-'૯૬ | ૩૧-૧૨-'૯૬ | ૧૫૧૨ | -- |
| ૩ | શ્રી વી. સી. દેસાઈ | જુ. સુપરિ. | ૬૦૩૦૯૩૮ | ૩૧-૧૧-'૯૬ | ૨૩-૧૨-'૯૬ | -- -- | સેફ કસ્ટડીમાં મૂકેલ છે. |
| ૪. | શ્રી કનકભાઈ દવે | ડાયરેક્ટર, યુથ વેલ્ફેર | ૪૧૯૨૯૩ | ૩૧-૫-૯૬ | બાકી છે | -- | નિવૃત્તિ બાદ ઓનરરી સેવા ચાલુ હોવાથી ચાલુ રાખેલ. |
| ૫. | શ્રી પરેશ મજમુદાર | ડાયરેક્ટર, સમાજવિદ્યા ભવન | ૪૦૬૨૧૯ | ૩૧-૮-૯૪ | ૨૫-૫-'૯૫ | -- | -- |
| ૬. | શ્રી એન. આર. દીક્ષિત | કો-ઑર્ડિનેટર, બી. કે. સ્કુલ | ૪૦૬૨૧૯ | ૩૦-૧૧-૯૬ | -- | -- | નવા કો-ઑર્ડિનેટરને ફાળવેલ છે. |

## પરિશિષ્ટ "૭"

પ્રશ્ન ક્રમાંક ૨૮ની માહિતી

| | |
|---|---|
| ૧. સર એલ. એ. શાહ લૉ કૉલેજ | ફર્સ્ટ એલએલ.બી. વર્ગદીઠ ૨૦ |
| ૨. માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ | ફર્સ્ટ એલએલ.બી. ડિવિ. દીઠ ૨૦ |
| ૩. આઈ. એમ. નાણાવટી લૉ કૉલેજ | ફર્સ્ટ એલએલ.બી. ડિવિ. દીઠ ૨૫ |
| ૪. [illegible]જાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ | ફર્સ્ટ બી.એ.માં ડિવિ. દીઠ ૫૫ |
| ૫. શ્રીમતી એ. પી. પટેલ આર્ટ્સ અને શ્રી એન. પી. પટેલ કૉમર્સ કૉલેજ | ડિવિ. દીઠ ૧૦ |
| ૬. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર | ડિવિ. દીઠ ૧૦ |
| ૭. આર. આર. લાલન કૉલેજ, ભૂજ | ડિવિ. દીઠ ૨૦ |
| ૮. એલ. ડી. આર્ટ્સ કૉલેજ | ફર્સ્ટ બી.એ.માં ડિવિ. દીઠ ૧૦ |
| ૯. ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા મહિલા કૉમર્સ કૉલેજ, ગાંધીનગર | ફર્સ્ટ બી.એ.-૧૦૦ |
| | ફર્સ્ટ બી.કૉમ. ૨૦ |
| ૧૦. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર | ડિવિ. દીઠ ૧૦ |

## પરિશિષ્ટ "૮"

પ્રશ્ન ક્રમાંક ૩૫ની માહિતી

P.W.D.માં જમા કરાવેલ રકમ

| ચેક નં. | તારીખ | રકમ | મકાન |
|---|---|---|---|
| ૯૯૨૮૮ | ૧૫-૭-૧૯૯૩ | ૬૮,૯૨૩ | સેમિનાર હોલ (ઝુલોજી) |
| ૯૯૨૮૯ | ૧૫-૭-૧૯૯૩ | ૪,૬૯,૧૦૦ | જિયોલોજી |
| ૯૯૨૯૦ | ૧૫-૭-૧૯૯૩ | ૫,૦૦,૦૦૦ | હોમ સાયન્સ |
| ૯૯૨૯૧ | ૧૫-૭-૧૯૯૩ | ૨,૯૦,૬૧૧ | કેન્ટીન |
| ૯૯૨૯૨ | ૧૫-૭-૧૯૯૩ | ૫,૦૦,૦૦૦ | કોમ્પ્યુટર સેન્ટર |
| ૧૦૧૯૩૨ | ૧૩-૮-૧૯૯૩ | ૭,૫૦,૦૦૦ | બોઇઝ હોસ્ટેલ |
| ૧૦૧૯૩૩ | ૧૩-૮-૧૯૯૩ | ૩,૦૦,૦૦૦ | લાઇબ્રેરી |
| ૧૦૭૦૮૮ | ૧૮-૩-૧૯૯૪ | ૧,૫૦,૦૦૦ | બોઇઝ હોસ્ટેલ |
| ૧૦૭૦૮૯ | ૧૮-૩-૧૯૯૪ | ૫૦,૦૦૦ | લાઇબ્રેરી |
| ૧૦૭૦૯૦ | ૧૮-૩-૧૯૯૪ | ૫૦,૦૦૦ | સેમિનાર હોલ (ઝુલોજી) |
| ૧૦૭૦૯૧ | ૧૮-૩-૧૯૯૪ | ૫૫,૦૦૦ | જિયોલોજી |
| ૧૦૭૦૯૨ | ૧૮-૩-૧૯૯૪ | ૧,૦૫,૦૦૦ | હોમ સાયન્સ |
| ૧૦૭૦૯૩ | ૧૮-૩-૧૯૯૪ | ૭૫,૦૦૦ | કેન્ટીન |
| ૧૦૭૦૯૪ | ૧૮-૩-૧૯૯૪ | ૧,૦૦,૦૦૦ | કોમ્પ્યુટર સેન્ટર. |
| | કુલ રૂ. ... | ૩૪,૭૩,૬૩૪ | |

## પરિશિષ્ટ "૯"

પ્રશ્ન ક્રમાંક ૩૮ની માહિતી

**નીચે જણાવેલ તારીખોએ પત્ર લખી PWDને જણાવ્યું :**

તા. ૧૫-૫-૧૯૯૩, તા. ૧૩-૭-૧૯૯૩, તા. ૨૮-૭-૧૯૯૩, તા. ૬-૮-૧૯૯૩, તા. ૪-૧૦-૧૯૯૩ તા. ૭-૧૦-૧૯૯૩, તા. ૨૫-૩-૧૯૯૪, તા. ૧૨-૯-૧૯૯૪, તા. ૨૦-૩-૧૯૯૫.



## પરિશિષ્ટ "૧૦"

પ્રશ્ન ક્રમાંક ૪૯ની માહિતી

**Manpower for EMRC (Software)**

| *Sr. No.* | *Category* | *Grade Rs.* | *No. of Post* |
|---|---|---|---|
| 1. | Co-ordinator (Programme) (in lieu of Reader as recommended by Technical Advisory Committee) | 1200–1900 | 1 |
| 2. | Producer | 700–1600 | 3 |
| 3. | Production Assistant | 650–900 | 3 |
| 4. | Cameraman | 650–900 | 3 |
| 5. | Graphic Artist | 550–900 | 1 |
| 6. | Grapgic Assistant | 425–700 | 1 |
| 7. | Floor Assistant (Grade I) | 425–700 | 1 |
| 8. | Floor Assistant (Grade II) | 380–500 | 1 |
| 9. | Carpenter | 320–400 | 1 |
| 10. | Helper | 260–400 | 2 |
| 11. | Steno (English) | 350–500 | 1 |
| 12. | Typist (Gujarati) | 260–400 | 1 |
| | | Total ... | 19 |

**Manpower (Hardware)**

| | | | |
|---|---|---|---|
| 1. | Engineer-in-Charge | 1200–1900 | 1 |
| 2. | Assistant Engineer | 700–1600 | 2 |
| 3 | Technical Assistant | 550–900 | 4 |
| 4 | Technician | 350–500 | 3 |
| 5 | Attendant | 196–232 | 4 |
| 6 | Store-in-Charge | 235–700 | 1 |
| 7 | Typist (English) | 260–400 | 1 |
| 8 | Steno (English) | 350–500 | 1 |
| 9 | Air Condition & Light Asst. (In lieu of the post of electrician in the same scale recommended by the Technical Advisory Committee) | 350–500 | 1 |

**Manpower (Administrative Staff) :**

| *No.* | *Designation* | *No. of Post* |
|---|---|---|
| 1 | Office Superintendent | One |
| 2 | Accounts Officer | One |
| 3 | Chowkidar | Three |
| 4 | Drivers | Two |

**Research Staff :**

| | | |
|---|---|---|
| 1 | Research Officer | One |

## પરિશિષ્ટ "૩"

બાબત ક્રમાંક ૩

બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોની વર્ષ દરમિયાન યુનિવર્સિટીના હિસાબો અંગેનો હેવાલ તૈયાર કરવા માટેની એક સભા તા. ૧૦/૧૧-૩-૧૯૯૭ના રોજ મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

*ક્રમ સભ્યોનાં નામ* :

૧. પ્રિ. સૌરભ ચોકસી, અધ્યક્ષ

૨. પ્રિ. પી. સી. ઉપાધ્યાય

૩. શ્રી. જે. એસ. પ્રજાપતિ.

સભાનું પ્રમુખસ્થાન પ્રિ. સૌરભભાઈ ચોકસીએ સંભાળ્યું હતું.

હેવાલના વર્ષ દરમિયાન બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ એકાઉન્ટ્સ ઑફિસર સાથે યુનિવર્સિટીના જુદાં જુદાં વિભાગોની મુલાકાત લીધી હતી અને સંબંધિત સાધનિક દફતરોની આંશિક ચકાસણી તેમજ વિભાગીય વડા સાથેની ચર્ચા બાદ નીચે મુજબની નોંધ મૂકવામાં આવે છે :

**પરીક્ષા અંગેની માહિતી તથા આવક ખર્ચ :**

ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની જુદી જુદી કૉલેજો અને વિદ્યા સંકુલો થઈને કુલ્લે ૧૪૯ની સંખ્યા છે. છેલ્લાં ચાર વર્ષમાં વિદ્યાર્થી-સંખ્યા અને પરીક્ષાની સંખ્યા દર્શાવતી વાસ્તવિક પરિસ્થિતિ નીચે મુજબ છે :

| *ક્રમ* | *વર્ષ* | *કૉલેજોની સંખ્યા* | *વિદ્યાર્થી-સંખ્યા* | *પરીક્ષાની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૨–૯૩ | ૧૩૦ | ૧,૮૧,૭૯૨ | ૧૬૪ |
| ૨. | ૧૯૯૩–૯૪ | ૧૩૬ | ૨,૦૭,૮૨૬ | ૧૭૪ |
| ૩. | ૧૯૯૪–૯૫ | ૧૪૫ | ૨,૧૯,૦૬૦ | ૧૭૪ |
| ૪. | ૧૯૯૫–૯૬ | ૧૪૯ | ૨,૨૬,૪૩૦ | ૧૭૪ |

ઉપરોક્ત વિગતો જોતાં આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી-સંખ્યાનું પ્રમાણ જે રીતે વધી રહ્યું છે તે ખાસ ધ્યાન ખેંચે છે.

પરીક્ષા ફીની આવક-ખર્ચના હિસાબો જોતાં આવક કરતાં ખર્ચ વધુ થાય છે. આમ વધતો જતો ખર્ચ અટકાવવા માટે કરકસરનાં પગલાં લેવાં જરૂરી બને છે. આ સંજોગોમાં યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓની પરીક્ષા ફીમાં વધારો કરવો આવશ્યક બન્યો છે. તે સંદર્ભમાં બોર્ડ ઑફ એકાઉન્ટ્સની આ સભાએ તેમજ ભૂતકાળમાં અનેક વખત આ સમિતિએ પરીક્ષા ફીમાં વધારો કરવાનું જે સૂચન કરેલ છે તે હવે આજને તબક્કે સ્વીકારવું જ પડશે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ રહી છે. આથી સમિતિના સભ્યોનું માનવું છે કે પરીક્ષા ફીમાં તાકીદે વધારો સૂચવાય તે જરૂરી છે. વધુમાં ગંભીર નોંધનીય બાબત એ છે કે પરીક્ષા ફીની આવકનું વિદ્યાર્થીઓની સંખ્યા સાથે મેળવણું થતું નથી તે તાત્કાલિક કરવા સૂચન છે.

વધુમાં યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલી જુદી જુદી પરીક્ષાઓના પરીક્ષકોનાં પેમેન્ટની નીચેનાં વર્ષોની ચુકવણી બાકી છે તે તાકીદે થાય તે જરૂરી છે :

*ક્રમ પરીક્ષાનું નામ*

૧. માર્ચ–એપ્રિલ, ૧૯૯૫

૨. ઓક્ટોબર–નવેંબર, ૧૯૯૫

૩. માર્ચ–એપ્રિલ, ૧૯૯૬

૪. ઓક્ટોબર–નવેંબર, ૧૯૯૬

**આવક-ખર્ચ :**

યુનિવર્સિટીના આવક-ખર્ચના હિસાબો તપાસતાં છેલ્લાં ૩ વર્ષોની આવક-ખર્ચની વિગતો નીચે પ્રમાણે છે :

| *ક્રમ* | *વર્ષ* | *આવક રૂ.* | *ખર્ચ રૂ.* | *ખાધ રૂ.* |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૩–૯૪ | ૭,૦૭,૪૮,૫૯૩-૦૦ | ૮,૨૨,૫૨,૨૫૦-૦૦ | ૪૫,૦૩,૬૫૭-૦૦ |
| ૨. | ૧૯૯૪–૯૫ | ૯,૦૪,૧૨,૭૮૪-૦૦ | ૯,૪૧,૬૬,૮૧૨-૦૦ | ૩૭,૫૪,૦૨૮-૦૦ |
| ૩. | ૧૯૯૫–૯૬ | ૧૦,૧૦,૧૫,૪૪૯-૮૦ | ૧૦,૯૬,૪૦,૩૩૨-૧૨ | ૮૬,૨૪,૮૮૨-૩૨ |

આવક-ખર્ચની છેલ્લાં ત્રણ વર્ષની વિગતો જોતાં ખાધનું પ્રમાણ દિનપ્રતિદિન સતત વધતું છે. તે અટકાવવું જરૂરી અને આવશ્યક અને સંસ્થાના હિતમાં છે. આથી હજી પણ જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં ફીમાં વધારો કરવો જરૂરી છે. આ અંગે અગાઉની સમિતિઓએ વારંવાર સૂચનો કર્યાં છતાં હજુ ધાર્યો તેને પ્રતિસાદ મળ્યો નથી તે દુ:ખદ છે.



**ગ્રાન્ટ :**

ગ્રાન્ટ રજિસ્ટરની ચાલુ વર્ષે ચકાસણી થઈ શકી નથી પરંતુ આપવામાં આવેલ માહિતી મુજબ નમૂનારૂપ કિસ્સાઓમાં યુનિવર્સિટી તરફથી વારંવાર પત્રો લખ્યા હોવા છતાં પણ નીચે મુજબની ગ્રાન્ટ મેળવવાની બાકી છે :

ગ્રાન્ટ વિભાગમાંના ગ્રાન્ટ રજિસ્ટરની સંબંધિત કાગળો સાથે આંતરિક ચકાસણી કરતાં નીચેની નોંધ મૂકવામાં આવે છે :

(૧) તા. ૩૧–૩–૧૯૯૬ સુધીમાં રાજ્ય સરકાર પાસેથી રૂ. ૨,૩૪,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બે કરોડ ચોત્રીસ લાખ)ની ગ્રાન્ટ મેળવવાની બાકી છે, તેમાંથી યુનિવર્સિટીને ઓન એકાઉન્ટ રૂ. ૧,૦૦,૦૦,૦૦૦ (રૂપિયા એક કરોડ પૂરા)ની ગ્રાન્ટ રાજ્ય સરકાર તરફથી મળેલ છે. હવે બાકી રૂ. ૧,૩૪,૦૦,૦૦૦ (રૂપિયા એક કરોડ ચોત્રીસ લાખ પૂરા) મેળવવા માટે સઘન પ્રયાસો હાથ ધરવા વિનંતી કરવામાં આવે છે.

(૨) યુ.જી.સી. તથા રાજ્ય સરકારના ફાળા પેટે સાતમી યોજના અન્વયે રાજ્ય સરકારના બાંધકામ વિભાગની ૧૯૯૩–૯૪ના વર્ષ દરમિયાન રૂ. ૩૩,૦૦,૦૦૦ (રૂપિયા તેત્રીસ લાખ પૂરા) જેવી રકમ કેટલાક બાંધકામ માટે પી.ડબલ્યુ.ડી.માં જમા કરાવવામાં આવી છે. તા. ૩૧-૩-૧૯૯૭ સુધીમાં આ તમામ બાંધકામો પૂરાં થવાં જોઈએ એવી શરત છે, પરંતુ સાધનિક કાગળો જોતાં રાજ્ય સરકારના બાંધકામ વિભાગ તરફથી કોઈ કામગીરી થઈ નથી જેના પરિણામે રૂ. ૩૩,૦૦,૦૦૦ (રૂપિયા તેત્રીસ લાખ)ની ગ્રાન્ટ રદ થવા જશે એવી ચોક્કસ ભીતી છે. આમ યુનિવર્સિટી તરફથી સમયસર પૂરતું આયોજન કરવામાં આવ્યું નથી તેવું ફલિત થાય છે.

(૩) યુ.જી.સી.ની ગ્રાન્ટ રજિસ્ટરની આંશિક ચકાસણી કરતાં જણાયું કે કેટલીક યોજનાઓ ઘણાં લાંબા સમયથી પૂરી થઈ ગઈ છે અને જે તે યોજનામાં વણવપરાયેલી ગ્રાન્ટની બચતી રકમ રૂ. ૨૫,૦૦,૦૦૦ (અંકે રૂપિયા પચીસ લાખ પૂરા) જેટલી યુ.જી.સી.ને પરત કરવાની થાય છે. તે યુ.જી.સી.ને ત્વરિત પરત થાય તેવી ભલામણ છે.

(૪) યુ.જી.સી. તરફથી કેટલીક મોટી યોજનાઓમાં સમયસર બાકી ગ્રાન્ટ મળેલ નથી. દા. ત. ઈ.એમ.આર.સી.ના રૂ. ૩૧,૮૪,૭૩૧-૭૨ પૈસા અને પ્રૌઢશિક્ષણ વિભાગના રૂ. ૧૯,૧૭,૨૨૬-૩૪ પૈસાની ગ્રાન્ટ યુ.જી.સી. તરફથી લેવાની બાકી છે. આ બાબતમાં સંબંધક પત્રવ્યવહાર જેમાં યુનિવર્સિટી ગ્રાન્ટ વપરાશપત્રક યુટિલાઈઝેશન સર્ટિફિકેટ મોકલેલ છે, જેમાં પણ કેટલાક મુદ્દાઓની સ્પષ્ટતાઓને કારણે ગ્રાન્ટ અટકેલ છે તે તાકીદે મેળવી લેવા વિનંતી છે.

(૫) ભારત સરકાર તરફથી પોલિવેલેન્ટ સેન્ટર માટે ૧૦૦ ટકા ગ્રાન્ટ ખર્ચ માટે મળે છે. પરંતુ તા. ૩૧–૩–૧૯૯૬ સુધીમાં થઈ ગયેલ ખર્ચ સામે રૂ. ૧૧,૭૪,૮૫૧ની આ ગ્રાન્ટ લેવાની બાકી છે તે અંગે ત્વરિત પગલાં લેવા વિનંતી છે.

(૬) ગ્રાન્ટના હિસાબો સરળ વહીવટ માટે જે ગ્રાન્ટ મળે તે જ હેતુ માટે નાણાં સમયસર વપરાય તે માટે દરેક યોજના પરત્વે જે કાંઈ ગ્રાન્ટની રકમ મળે તે અલગ બૅન્ક એકાઉન્ટ ખાતે જમા થાય અને તેમાંથી ઉધારાય. એ ગ્રન્ટનાં નાણાંનો વપરાશ સમયસ અને જે તે હેતુ માટે થઈ શકશે એવું માનવું છે.

**સસ્પેન્સ એકાઉન્ટ :**

યુનિવર્સિટીના સસ્પેન્સ એકાઉન્ટ તપાસતાં તેની છેલ્લા ૩ વર્ષની પરિસ્થિતિ નીચે મુજબ છે :

| ક્રમ | વર્ષ | રકમ રૂ. |
|---|---|---|
| ૧. | ૧૯૯૩-૯૪ | ૪,૯૯,૭૮૩ |
| ૨. | ૧૯૯૪-૯૫ | ૫,૦૪,૩૫૫ |

જ્યારે ૧૯૯૫-૯૬ના વર્ષના સસ્પેન્સ એકાઉન્ટ્સની મેળવણી હજી સુધી થઈ શકેલ નથી.

ઉપરોક્ત વિગતો જોતાં હિસાબોની કામગીરી વ્યવસ્થિત થાય તે જોવા ભલામણ છે.

**એડવાન્સ એકાઉન્ટ :**

સમગ્ર વર્ષ દરમિયાન વારંવાર સૂચના આપવા છતાં એડવાન્સ એકાઉન્ટની મેળવણી કરવામાં આવી નથી. ખૂબજ મોટી સંખ્યામાં એડવાન્સ એકાઉન્ટની બાકીઓ વર્ષોથી ઊભી છે જે દુ:ખદ બાબત છે. તાત્કાલિક એકાઉન્ટ મેળવણી કરવાની આ સભા સૂચન કરે છે.

**યુવક કલ્યાણ પ્રવૃત્તિ :**

યુવક કલ્યાણ પ્રવૃત્તિ વિભાગના હિસાબોની જાત તપાસ કરતાં માલૂમ પડેલ છે કે અનેક કૉલેજોએ ૧૯૯૦-૯૧થી ૧૯૯૬-૯૭ સુધી જુદાં જુદાં સત્રોની સાંસ્કૃતિક ફાળાની રકમ હજુ સુધી મોકલી નથી જે ગંભીર બાબત છે. સાંસ્કૃતિક ફાળાની રકમ વસૂલ લેવાની કાર્યવાહી તાકીદે પૂરી કરવા સૂચન છે. તેમ જ આ કામગીરી સંબંધિત અધિકારી/કર્મચારી પાસેથી તા. ૩૦મી જૂન, ૧૯૯૭ સુધીમાં પૂર્ણ કરાવી લેવા પણ સૂચન કરવામાં આવે છે.

**સ્પોર્ટ્સ ફી :**

વિવિધ કોલેજો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવેલ યુનિવર્સિટી સ્પોર્ટ્સ ફી નિયમિત જમા કરવામાં આવતી નથી તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા સાથે કોઈ મેળવણું કરવામાં આવતું નથી. આ કાર્યવાહી સંબધિત અધિકારી કર્મચારી પાસેથી તા. ૩૦-૬-૧૯૯૭ સુધીમાં પૂર્ણ કરાવી લેવા સૂચન કરવામાં આવે છે.

ઉપરોક્ત બન્ને વિભાગની ફી પરીક્ષા ફોર્મ સાથે જ વસુલ લેવાની આ સભા સૂચન કરે છે. આ તમામ ફી બેન્ક ડ્રાફ્ટ સાથે જ લેવી તેવું સૂચન પણ આ સભા કરે છે.

**એન.એસ.એસ. :**

એન.એસ.એસં. વિભાગની પ્રોજેક્ટ ગ્રાન્ટ તેમજ શિબિર ગ્રાન્ટના હિસાબો સંબંધિત કોલેજ પાસેથી નિયમિત મેળવી લેવા સૂચન છે, સરકાર પાસેથી આ અંગેની ગ્રાન્ટ કોલેજોને નિયમિત મોકલવામાં આવે તેવી આ સભાની ભલામણ છે. કૉલેજોને ૧૯૯૫-૯૬ના વર્ષની પ્રોજેક્ટ ગ્રાન્ટ પણ હજી આપવામાં આવી નથી જે પ્રવૃત્તિઓ માટે બાધક રૂપ છે. તાત્કાલિક આ ગ્રાન્ટ કૉલેજોને ચૂકવી આપવા આ સભા ભલામણ કરે છે.

**સરકારી ઑડિટ હેવાલ અને આંતરિક ઑડિટ હેવાલ :**

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ (૨)માં સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં સિન્ડિકેટ દ્વારા છેલ્લા પાંચ વર્ષના ઑડિટ થયેલા હિસાબો તથા તેનો ઑડિટ હેવાલ, જેની વિગતો નીચે જણાવી છે, તે યુનિવર્સિટીની કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી. તથા તે અંગેનો કોઇ દુરસ્ત રિપોર્ટ જે તે સત્તાવાળાઓને મોકલવો જોઈએ તે મોકલવામાં આવ્યો નથી. યુનિવર્સિટીના હિસાબો અંગે સરકારી ઑડિટ હેવાલની આવી ઉપેક્ષા થાય તે અતિ ગંભીર બાબત ગણાય. આવા કોર્ટ સમક્ષ નહીં મૂકવામાં આવેલ હિસાબો અને ઑડિટ રિપોર્ટ હવે પછીની સભા સમક્ષ રજૂ થાય તેવી વ્યવસ્થા કરવા ભલામણ છે.

| ક્રમ | હિસાબી વર્ષ |
|---|---|
| ૧ | ૧૯૮૯-૯૦ |
| ૨ | ૧૯૯૦-૯૧ |
| ૩ | ૧૯૯૧-૯૨ |
| ૪ | ૧૯૯૨-૯૩ |
| ૫ | ૧૯૯૩-૯૪ |

વધુમાં યુનિવર્સિટીના આંતરિક ઑડિટના હેવાલ બાબતમાં જણાવવાનું કે, યુનિવર્સિટીના આંતરિક ઑડિટર મે. લાખિયા એન્ડ કંપની તરફથી ૧૯૯૪-૯૫ના વર્ષનો હેવાલ તા. ૧-૭-૧૯૯૬ની આસપાસ મળ્યો છે, જેમાં દર્શાવેલ અનિયમિતતાઓ અંગે જે નોંધ મૂકવામાં આવી છે. જેની પૂર્તતા કરવાનું સૂચન કરવામાં આવે છે.

૧૯૯૫-૯૬ના વર્ષનો હેવાલ મળી શકેલ નથી. આથી તેની ચકાસણી કરી શકાઈ નથી. આ હેવાલ તાકીદે મેળવી લેવાનું રાખવું.

**વહીવટી બાબત :**

અહેવાલવાળા વર્ષમાં યુનિવર્સિટીનો વહીવટ સારી રીતે ચાલે તે માટે મુખ્ય અને મહત્વની ખાલી રહેલી નીચે મુજબની જગ્યાઓ તાકીદે પુરાય તેવી ઘટતી કાર્યવાહી હાથ ધરાય તો યુનિવર્સિટીના વહીવટી કાર્યમાં સરળતા પ્રાપ્ત થાય અને વહીવટ સરળ બને.

| ક્રમ | ખાલી જગ્યાનું નામ |
|---|---|
| ૧ | પ્રેસ મેનેજર |
| ૨ | યુનિવર્સિટી એન્જિનિયર |
| ૩ | મદદનીશ કુલસચિવ |
| ૪ | ડેવલપમેન્ટ ઑફિસર |
| ૫ | ચીફ એકાઉન્ટ્સ ઑફિસર |
| ૬ | ડાયરેક્ટર યુથ વેલ્ફેર |

વધુમાં, યુનિવર્સિટીમાં આજે અંદાજે ૧૨૨ (એકસો બાવીસ) જેટલી આનુષંગિક જગ્યાઓ ખાલી પડી છે, તે પણ યુનિવર્સિટીના વહીવટ પર સીધી જ વિપરીત અસરકર્તા છે. તે ધ્યાનમાં રાખીને આ જગ્યાઓ પણ તાકીદે પૂરવા માટે ભલામણ છે. આની બીજી વિપરીત અસર હિસાબી કામગીરી પર થાય છે. હિસાબો નિયમિત રીતે અને સમયસર તૈયાર થતા નથી. અને આ બાબત ગંભીરરૂપ ધારણ કરે તેવી ભીતિ વર્તાય છે. તે તરફ ધ્યાન દોરીને ઘટતી કાર્યવાહી કરવા ભલામણ છે.



**જનરલ :**

નીચેની વિવિધ આવકો અંગે વિદ્યાર્થી સંખ્યા અને મળેલ ફીની આવકની રકમનું જે તે વિભાગ દ્વારા મેળવણું કરવામાં આવતું નથી તે બરાબર નથી. આથી તેની મેળવણી થાય તે ખૂબ જ જરૂરી છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | એનરોલમેન્ટ ફી |
| ૨ | સ્પોર્ટ્સ ફી |
| ૩ | યુવક કલ્યાણ પ્રવૃતિ ફી |
| ૪ | પરીક્ષા ફી |
| ૫ | રીચેકિંગ અને રીએસેસમેન્ટ ફી |
| ૬ | ભવનોની ટ્યુશન ફી |
| ૭ | પ્રકાશનોની સ્ટોક મેળવણી |

ઉપરોક્ત તમામ ફી માત્ર બેંન્ક ડ્રાફ્ટથી જ સ્વીકારવી તેવું આ સભા સૂચન કરે છે.

યુનિવર્સિટીના તમામ વિભાગો અને એકાઉન્ટ્સ વિભાગ સાથે યોગ્ય સંકલનનો અભાવ છે તે પણ દુઃખદ બાબત છે.

ઘણાં વર્ષોથી વિવિધ એકાઉન્ટ્સ સેટલ કરેલ નથી, જે માટે તાત્કાલિક ખાનગી એજન્સીને કામ સોંપી બેકલોગનું નીરાકરણ કરવાનું આ સભા સૂચન કરે છે.

યુનિવર્સિટીના હિસાબો તથા અન્ય તમામ કામગીરીનું કૉમ્પ્યુટરાઈઝેશન થાય તે જરૂરી છે.

